وَمَن يَّقْنُتْ مِنكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ
صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا مَرَّتَيْنِ ۙ وَاَعْتَدْنَا لَهَا رِزْقًا
كَرِيْمًا ﴿٣١﴾ يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ
اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ
الَّذِيْ فِيْ قَلْبِهٖ مَرَضٌ وَّقُلْنَ قَوْلًا مَّعْرُوْفًا ﴿٣٢﴾
وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ
الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَاَقِمْنَ الصَّلٰوةَ وَاٰتِيْنَ
الزَّكٰوةَ وَاَطِعْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ۭ اِنَّمَا يُرِيْدُ
اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ
وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا ﴿٣٣﴾ وَاذْكُرْنَ مَا يُتْلٰى فِيْ
بُيُوْتِكُنَّ مِنْ اٰيٰتِ اللّٰهِ وَالْحِكْمَةِ ۭ اِنَّ اللّٰهَ

**અને[1] જે તમારામાં આજ્ઞાંકિત રહે અલ્લાહ અને રસૂલની અને સારાં કામ કરે અમે તેને બીજાંઓથી બમણો સવાબ આપીશું[2] અને અમે તેના માટે આબરૂ ભરી રોજી તૈયાર કરી રાખી છે[3] (૩૧) અય નબીની બીબીઓ ! તમે બીજી સ્ત્રીઓ જેવી નથી[4] જો અલ્લાહથી ડરો તો વાતમાં એવી નરમાશ ન કરો કે દિલનો માંદો કંઇક લાલચ કરે[5], હા ! સારી વાત કહો[6] (૩૨) અને પોતાના ઘરોમાં રોકાઇ રહો અને વગર પરદે રહો નહિ, જેમકે આગલી જહાલતની બેપર્દગી,[7] અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો. અલ્લાહ તો એ જ ઇચ્છે છે અય નબીના ઘરવાળાઓ ! કે તમારાથી પ્રત્યેક નાપાકી દૂર કરી નાખે અને તમને પાક કરીને ખૂબ સ્વચ્છ કરી આપે[8] (૩૩) અને જે તમારા ઘરોમાં અલ્લાહની આયતો અને હિકમત[9] પઢવામાં આવે છે તેને યાદ કરો, બેશક ! અલ્લાહ**

૧. અય નબી અલયહિસ્સલામની બીબીઓ !

૨. અર્થાત જો બીજાઓને એક નેકીનો સવાબ દસ ગણો આપીશું તો તમને વીસ ગણો, કારણ કે તમામ જહાનની સ્ત્રીઓ પર તમને શ્રેષ્ઠતા પ્રાપ્ત છે અને તમારા અમલમાં પણ બે કારણો છે એક તો ફરમાંબરદારી બીજુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ખુશ રાખવા તેમજ થોડા પર સબર કરી સદવર્તન વડે હુઝૂરને રાજી રાખવા.

૩. જન્નતમાં.

૪. તમારી પદવી બધાંથી ઊંચી છે અને...

૫. આમાં તાલીમ અને અદબ છે કે જો જરૂર પડયે પરદા પાછળથી પર પુરૂષ સાથે વાત કરવી પડે તો લહેકામાં નઝાકત આવવા પામે નહિ અને વાતમાં આકર્ષણ ન હોય ખૂબ જ સાદી રીતે વાત કરી દેવામાં આવે આબરૂદાર ખાતૂનો માટે આવું જ શોભે છે.

૬. દીન અને ઇસ્લામની અને નેકીની વાત કહો તેમજ શિખામણ આપો જો જરૂર જણાય તો પણ આકર્ષણહિન લહેજામાં.

૭. આગલી જહાલતનો અર્થ ઇસ્લામ પહેલાંનો સમય છે તે સમયમાં સ્ત્રીઓ નખરાં કરતી કરતી નીકળતી હતી પોતાના શણગાર અને ખૂબસૂરતીને જાહેર કરતી હતી કે તેને પર પુરૂષો જુએ કપડાંઓ એવાં પહેરતી હતી કે જેનાથી શરીરના અંગો સારી રીતે ઢંકાય નહિ અને પાછલી જહાલત એટલે આખરી જમાનો જેમાં લોકોનાં કામો પહેલાંની જેવાં થઇ જશે.

كَانَ لَطِيفًا خَبِيرًا ﴿٣٤﴾ إِنَّ الْمُسْلِمِينَ وَالْمُسْلِمَاتِ
وَالْمُؤْمِنِينَ وَالْمُؤْمِنَاتِ وَالْقَانِتِينَ وَالْقَانِتَاتِ
وَالصَّادِقِينَ وَالصَّادِقَاتِ وَالصَّابِرِينَ وَالصَّابِرَاتِ
وَالْخَاشِعِينَ وَالْخَاشِعَاتِ وَالْمُتَصَدِّقِينَ
وَالْمُتَصَدِّقَاتِ وَالصَّائِمِينَ وَالصَّائِمَاتِ
وَالْحَافِظِينَ فُرُوجَهُمْ وَالْحَافِظَاتِ وَالذَّاكِرِينَ
اللَّهَ كَثِيرًا وَالذَّاكِرَاتِ أَعَدَّ اللَّهُ لَهُم مَّغْفِرَةً
وَأَجْرًا عَظِيمًا ﴿٣٥﴾ وَمَا كَانَ لِمُؤْمِنٍ وَلَا
مُؤْمِنَةٍ إِذَا قَضَى اللَّهُ وَرَسُولُهُ أَمْرًا أَن
يَكُونَ لَهُمُ الْخِيَرَةُ مِنْ أَمْرِهِمْ ۗ وَمَن يَعْصِ
اللَّهَ وَرَسُولَهُ فَقَدْ ضَلَّ ضَلَالًا مُّبِينًا ﴿٣٦﴾

**દરેક બારીકી જાણનાર ખબરદાર છે (૩૪) બેશક ! મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ[૧૦] અને ઇમાનવાળાઓ અને ઇમાનવાળીઓ અને આજ્ઞાંકિત પુરૂષો અને આજ્ઞાંકિત સ્ત્રીઓ અને સાચા પુરૂષો અને સાચી સ્ત્રીઓ[૧૧] અને ધીરજવાળાઓ અને ધીરજવાળીઓ અને આજેજી કરનારાઓ અને આજેજી કરનારીઓ, અને ખૈરાત કરનારાઓ અને ખૈરાત કરનારીઓ અને રોઝાવાળાઓ અને રોઝાવાળીઓ અને પોતાની આબરૂ સાચવનારાઓ અને પોતાની આબરૂ સાચવનારીઓ અને અલ્લાહને ખૂબ યાદ કરનારાઓ અને અલ્લાહને ખૂબ યાદ કરનારીઓ એ બધાં માટે અલ્લાહે માફી અને મોટો સવાબ તૈયાર કરી રાખ્યો છે (૩૫) અને કોઇપણ મુસલમાન પુરૂષ કે મુસલમાન સ્ત્રીને એ હક્ક નથી કે જ્યારે અલ્લાહ અને રસૂલ (તેમના વિષે) કંઇક આદેશ આપે તો તેમને પોતાને પોતાના મામલાનો કંઇ અધિકાર (બાકી) રહે,[૧૨] અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ ન માને તે બેશક ! ખુલ્લી ગુમરાહીમાં ભટકી ગયો (૩૬)**

૮. એટલે કે ગુનાહોની નાપાકીથી તમને લબદાવા ન દે. આ આયતથી એહલે બૈતની ફઝીલત સાબિત થઇ અને અહલે બૈતમાં નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બીબીઓ ઉપરાંત હઝરત ખાતૂને જન્નત ફાતેમા ઝોહરા રદીયલ્લાહુ અન્હા અને હઝરત અલી મુર્તઝા, હઝરત હસન, હઝરત હુસેન રદીયલ્લાહુ તઆલા અન્હુમ પણ શામેલ છે. આયતો અને હદીષોને ભેગી કરવાથી એ જ પરિણામ તરવાય છે અને હઝરત અબૂ મન્સૂર માતુરીદી રદીયલ્લાહુ અન્હૂએ પણ એવું જ કહ્યું છે.

આ આયતમાં રસૂલ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનાં એહલે બૈતને નસીહત કરવામાં આવી છે જેથી તેઓ ગુનાહોથી બચે તેમજ તકવા અને પરહેઝગારીનાં પાબંદ રહે. ગુનાહોને નાપાકી અને પરહેઝગારીને પાકી તરીકે ઓળખાવવામાં આવ્યું, કારણ કે ગુનાહો આચરનાર તેનાથી એવો જ ખરડાઇ જાય છે જેવી રીતે કે શરીર નાપાકીથી. આવી રીતે વર્ણવવાનો હેતુ એ છે કે બુધ્ધિશાળી લોકોને ગુનાહોની ઘૃણા કરાવવામાં આવે અને તકવા તેમજ પરહેઝગારીનું આકર્ષણ આપવામાં આવે.

૯. અર્થાત સુન્નત.

૧૦. **શાને નુઝૂલ** :- અસ્માઅ બિન્તે ઉમેશ જ્યારે પોતાના પતિ જઅફર બિન અબી તાલિબ સાથે હબશાથી પાછા આવ્યાં ત્યારે નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બીબીઓને મળીને તેમને પૂછયું કે; શું સ્ત્રીઓ વિષે પણ કોઇ આયત ઉતરી છે ? તેમણે કહ્યું કે; નહિ. ત્યારે અસ્માએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના દરબારમાં દરખાસ્ત કરી કે; હુઝૂર ! સ્ત્રીઓ તો ઘણી ખોટમાં છે. આપે પૂછ્યું; કેવી રીતે ? કહ્યું; જેવી રીતે પુરૂષોનું બયાન (કુરઆનમાં) સારી રીતે થાય છે તેવી રીતે સ્ત્રીઓનું તો થતું જ નથી. ત્યારે

وَاِذْ تَقُوْلُ لِلَّذِیْۤ اَنْعَمَ اللّٰهُ عَلَیْهِ وَاَنْعَمْتَ
عَلَیْهِ اَمْسِكْ عَلَیْكَ زَوْجَكَ وَاتَّقِ اللّٰهَ وَتُخْفِیْ
فِیْ نَفْسِكَ مَا اللّٰهُ مُبْدِیْهِ وَتَخْشَى النَّاسَ
وَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشٰىهُ فَلَمَّا قَضٰى زَیْدٌ مِّنْهَا
وَطَرًا زَوَّجْنٰكَهَا لِكَیْ لَا یَكُوْنَ عَلَى الْمُؤْمِنِیْنَ
حَرَجٌ فِیْۤ اَزْوَاجِ اَدْعِیَآىٕهِمْ اِذَا قَضَوْا مِنْهُنَّ
وَطَرًا وَكَانَ اَمْرُ اللّٰهِ مَفْعُوْلًا ﴿۳۷﴾ مَا كَانَ عَلَى النَّبِیِّ
مِنْ حَرَجٍ فِیْمَا فَرَضَ اللّٰهُ لَهٗ سُنَّةَ اللّٰهِ فِی الَّذِیْنَ
خَلَوْا مِنْ قَبْلُ وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَرًا مَّقْدُوْرَا ﴿۳۸﴾
الَّذِیْنَ یُبَلِّغُوْنَ رِسٰلٰتِ اللّٰهِ وَیَخْشَوْنَهٗ وَلَا
یَخْشَوْنَ اَحَدًا اِلَّا اللّٰهَ وَكَفٰى بِاللّٰهِ حَسِیْبًا ﴿۳۹﴾

**અને અય મહબૂબ ! યાદ કરો જ્યારે તમે જેને અલ્લાહે નેઅમત આપી[૧૩] અને તમે નેઅમત આપી[૧૪] તેને કહેતા હતા કે; 'પોતાની પત્ની પોતાની પાસે રહેવા દે[૧૫] અને અલ્લાહથી ડર[૧૬]' અને તમે પોતાના હૃદયમાં તે ધરાવતા હતા જે અલ્લાહને જાહેર કરવાનું મંજૂર હતું[૧૭], અને તમને લોકોના મ્હેણાં ટોણાનો ભય હતો[૧૮] અને અલ્લાહ એ વાતનો વધુ હકદાર છે કે તેનો ભય રાખો[૧૯]. પછી જ્યારે ઝૈદનો હેતુ તેણીથી પુરો થઇ ગયો[૨૦] તો અમે તેણીને તમારા નિકાહમાં આપી દીધી[૨૧] જેથી મુસલમાનો માટે તેમના દત્તક પુત્રોની પત્નીઓ બાબત કશો વાંધો રહે નહિ જ્યારે કે તેણીઓ સાથે તેમનું કામ પુરૂં થઇ જાય[૨૨]. અને અલ્લાહનો હુકમ થઇને રહેવાનો (૩૭) જે બાબત અલ્લાહે નક્કી કરી દીધી[૨૩] તે બાબતે નબી માટે કશો વાંધો નથી. જેઓ પહેલાં થઇ ગયા[૨૪] તેમનામાં અલ્લાહની રૂઢી (આ મુજબ) ચાલતી આવી છે અને અલ્લાહનું કામ નક્કી થએલી તકદીર છે (૩૮) તેઓ જે અલ્લાહના પૈગામ પહોંચાડતા અને તેનાથી બ્હીતા અને અલ્લાહ સિવાય કોઇનો ડર રાખતા નહિ. અને અલ્લાહ હિસાબ લેનાર પુરતો છે[૨૫] (૩૯)**

આ આયત ઉતરી અને તેમના દસ મરતબાઓ પુરૂષોની સાથે સાથે બયાન કરવામાં આવ્યા અને એ રીતે એમના વખાણ કરાયા. તે મરતબાઓમાંથી પહેલો મરતબો ઇસ્લામ છે, જેમાં ખુદા રસૂલની ફરમાંબરદારી સામેલ છે બીજો ઇમાન છે જેમાં ખરી માન્યતાઓ તેમજ અંતર બાહ્યનું સરખું હોવું દાખલ છે અને ત્રીજો મરતબો કુનૂત (આજ્ઞાપાલન) છે.

૧૧. આમાં ચોથા મરતબાનું બયાન છે અને તે નિય્યત બોલી અને કાર્યોની સચ્ચાઇ છે. ત્યાર પછી પાંચમો મરતબો સબર (ધીરજ)નો છે એટલે કે અલ્લાહને ખુશ રાખવા ખાતર આજ્ઞાનું પાલન અને મનાઇ કરેલી બાબતોથી નફરત કરવામાં આવે ભલે પછી તે નફસ (જીવ)ને ગમે તેટલું અઘરૂં લાગે. ત્યાર પછી છઠ્ઠો મરતબો ખુશૂઅ (આજેજી)નો છે અને તે આજ્ઞાપાલન તેમજ ઇબાદતમાં હૃદય અને અવયવો સહિત આજેજી કરવાનું નામ છે. ત્યાર પછી સાતમો મરતબો સદકા(ખૈરાત)નો છે જે અલ્લાહના આપેલા માલ દોલતમાંથી તેના માર્ગમાં ફરજ અને નિફલ રૂપે આપવું છે. પછી આઠમા મરતબામાં રોઝાનું બયાન છે એ પણ ફરજ અને નિફલ બન્નેનો સમાવેશ કરે છે. નકલ કરવામાં આવ્યું છે કે જેણે દર અઠવાડિયે એક દિરહમનો સદકો કર્યો તે સદકો કરનારાઓમાં અને જેણે દર મહીને ૧૩, ૧૪, ૧૫ તારીખોના રોઝા રાખ્યા તે રોઝા રાખનારાઓમાં ગણવામાં આવે છે. ત્યાર પછી નવમો મરતબો ઇફ્ફત(આબરૂ)નો છે અને તે એ છે કે પોતાની આબરૂ સાચવે અને જે હલાલ નથી તેનાથી બચે. બધાંથી છેલ્લે દસમા મરતબામાં ખૂબ ઝિકર કરવાનું બયાન છે ઝિકરમાં તસ્બીહ તહલીલ તકબીર કુરઆન પઢવું, ઇલ્મે દીન પઢવું, પઢાવવું, નમાઝ વાઅઝ નસીહત મીલાદ શરીફ નાત શરીફ પઢવું વિગેરે બધુંજ આવી જાય છે. બન્દો ઝિકર કરનારાઓમાં

ત્યારે ગણાય છે જ્યારે કે તે ઉભે બેઠે સૂઇને બધી હાલતોમાં અલ્લાહનું ઝિકર કરતો હોય.

૧૨. **શાને નુઝૂલ** :- આ આયત ઝેનબ બિન્તે જહશ અસદિય્યહ અને તેમના ભાઇ અબ્દુલ્લાહ બિન જહશ અને તેમની માં ઉમય્યહ બિન્તે અબ્દુલ મુત્તલિબ વિષે ઉતરી. ઉમય્યહ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ નાં ફોઇ થતાં હતાં. બનાવની વિગત એવી છે કે ઝેદ બિન હારેસા જેમને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે (ગુલામીમાંથી) આઝાદ કર્યા હતા, છતાં તેઓ (સ્વેચ્છાએ) હુઝૂરની સેવામાં જ રહેતાં હતાં. હુઝૂરે ઝેનબ સાથે તેમનું સગપણ કરવા વાત નાંખી પણ એ વાત ઝેનબે અને એમના ભાઇએ મંજુર કરી નહિ. તે બાબતે આ આયતે કરીમા ઉતરી અને હઝરત ઝેનબ તથા તેમના ભાઇ આ હુકમ સાંભળીને સહમત થયા એટલે હુઝૂરે હઝરત ઝેનબનો નિકાહ ઝેદ સાથે કરી આપ્યો અને હુઝૂરે પોતે મહેરની રકમ દસ દીનાર સાઇઠ દીરહમ એક જોડ કપડાં પચાસ મુદ્દ (એક જાતનું માપ) ખાવાનું અને તીસ સાઅ (માપ) ખજૂર આપ્યું.

**મસઅલો** :- આથી જણાયું કે માનવી પર પ્રત્યેક પરિસ્થિતિમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આજ્ઞાનું પાલન કરવું વાજિબ છે અને નબી અલયહિસ્સલામ સ્હામે કોઇ પોતાની જાતનું પણ મુખત્યાર નથી.

**મસઅલો** :- આ આયતથી એ પણ સાબિત થયું કે હુકમથી વાત વાજિબ થઇ જાય છે.

**ફાયદો** :- અમુક તફસીરોમાં ઝેદને ગુલામ કહેવાયા છે પણ એ વાત ગેરસમજ ભરેલી છે કારણ કે તેઓ સ્વતંત્ર હતા, કેદ પકડાય જવાથી ખાસ કરીને નબુવ્વતના એલાન પહેલાં કોઇ ગુલામ બની જતું નથી અને તે સમય ફિતરત (નબુવ્વત વગરનો ખાલી સમય) હતો ફિતરતના સમયવાળાઓને ''હરબી'' કહેવાતા નથી. (જુમલ)

૧૩. ઇસ્લામની, જે મહાન નેઅમત છે.

૧૪. આઝાદ કરી દઇને અને એનો નિર્દેશ ઝેદ બિન હારેસા તરફ છે જેમને હુઝૂરે આઝાદ કર્યા અને પાલણ પોષણ પણ કર્યું.

૧૫. **શાને નુઝૂલ** :- જ્યારે હઝરત ઝેદના નિકાહ હઝરત ઝેનબ સાથે થઇ ગયા, ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે અલ્લાહ તઆલા તરફથી વહી આવી કે ઝેનબ આપની બીબીઓમાં પ્રવેશ પામશે અલ્લાહ તઆલાને એવું જ મંજુર છે. અને એ એવી રીતે બન્યું કે હઝરત ઝેદ અને ઝેનબ વચ્ચે બનત થઇ નહિ અને હઝરત ઝેદ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં હઝરત ઝેનબની તેજ ભાષા, ઝબાન દરાજી, કહ્યું નહિ માનવાની, તેમજ પોતાને મોટું સમજવાની ફરિયાદો કરવા લાગ્યા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ દરેક વખતે હઝરત ઝેદને સમજાવી બુઝાવીને મામલો થાળે પાડતા હતા. તે બાબત આ આયત ઉતરી.

૧૬. ઝેનબ પર મોટાઇ અને પતિને દુ:ખ આપવાનો આક્ષેપ મૂકવામાં.

૧૭. અર્થાત આપ એ વાત જાહેર કરતા ન હતા કે ઝેનબ સાથે તમારી બનત થશે નહિ અને છુટાછેડા જરૂર થશે અને અલ્લાહ તઆલા તેમને આપની બીબીઓમાં દાખલ કરશે, પણ અલ્લાહને એ વાત જાહેર કરવાનું મંજુર હતું.

૧૮. અર્થાત જ્યારે હઝરત ઝેદે ઝેનબને તલાક આપી દીધી ત્યારે આપને લોકોનાં મ્હેણાં ટોણાનો ભય પેઠો કે અલ્લાહનો હુકમ તો હઝરત ઝેનબ સાથે નિકાહ કરવાનો છે અને એવું કરવાથી લોકો વાતો કરશે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે એવી સ્ત્રી સાથે નિકાહ કર્યા જે એમના મોં બોલ્યા દીકરાના નિકાહમાં હતી. હેતુ એ છે કે મુબાહ કામમાં અયોગ્ય વાતો કરનારાઓનો કશો ખ્યાલ રાખવો જોઇએ નહિ.

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ
رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ۗ وَكَانَ اللّٰهُ بِكُلِّ
شَيْءٍ عَلِيْمًا ﴿٤٠﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوا اللّٰهَ ذِكْرًا
كَثِيْرًا ﴿٤١﴾ وَّسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا ﴿٤٢﴾ هُوَ الَّذِيْ
يُصَلِّيْ عَلَيْكُمْ وَمَلٰٓئِكَتُهٗ لِيُخْرِجَكُمْ مِّنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ۗ وَكَانَ بِالْمُؤْمِنِيْنَ رَحِيْمًا ﴿٤٣﴾
تَحِيَّتُهُمْ يَوْمَ يَلْقَوْنَهٗ سَلٰمٌ ۚ وَّاَعَدَّ لَهُمْ
اَجْرًا كَرِيْمًا ﴿٤٤﴾ يٰۤاَيُّهَا النَّبِيُّ اِنَّاۤ اَرْسَلْنٰكَ
شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ﴿٤٥﴾ وَّدَاعِيًا
اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا ﴿٤٦﴾ وَبَشِّرِ
الْمُؤْمِنِيْنَ بِاَنَّ لَهُمْ مِّنَ اللّٰهِ فَضْلًا كَبِيْرًا ﴿٤٧﴾

**મોહંમદ તમારા પૂરૂષોમાં કોઇના બાપ નથી.[૨૬] હા ! અલ્લાહના રસૂલ છે[૨૭] અને બધા નબીઓમાં છેલ્લા[૨૮]. અને અલ્લાહ સર્વ કંઇ જાણે છે (૪૦) અય ઇમાનવાળાઓ ! અલ્લાહને ખૂબ યાદ કરો (૪૧) અને સવાર સાંજ તેની પવિત્રતા બોલો[૨૯] (૪૨) તે જ છે જે દુરૂદ મોકલે છે તમારા પર. તે અને તેના ફરિશ્તા[૩૦], જેથી તમને અંધકારમાંથી પ્રકાશ તરફ કાઢે.[૩૧] અને તે મુસલમાનો પર મહેરબાન છે (૪૩) તેમના માટે મુલાકાત સમયની દુઆ 'સલામ' છે[૩૨]. અને તેમના માટે ઇજ્જત નો સવાબ તૈયાર કરી રાખ્યો છે (૪૪) અય ગેબની ખબરો કહેનાર (નબી) ! બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર નાઝિર[૩૩] અને ખુશ ખબરી આપતા અને ભય સંભળાવતા[૩૪] (બનાવીને) (૪૫) અને અલ્લાહના હુકમથી અલ્લાહ તરફ બોલાવનાર[૩૫] અને ચળકાવી દેનાર સૂર્ય[૩૬] (૪૬) અને ઇમાનવાળાઓને ખુશખબર આપો કે તેમના માટે અલ્લાહની મહા કૃપા છે (૪૭) અને કાફિરો તેમજ મુનાફિકોની ખુશી (મુજબ) ન કરો અને તેમની ઇજા બાબત દરગુજર કરો[૩૭] અને અલ્લાહ પર ભરોસો રાખો અને અલ્લાહ કામ બનાવનાર પુરતો છે (૪૮)**

૧૯. અને સય્યિદે આલમ સહૂથી વધારે અલ્લાહનો ખોફ રાખનાર અને બધાંથી વધીને તકવો ધરાવનાર છે જેવું કે હદીષ શરીફમાં છે.

૨૦. અને હઝરત ઝેદે હઝરત ઝેનબને તલાક આપી દીધી અને ઇદ્દત પુરી થઇ ગઇ...

૨૧. હઝરત ઝેનબની ઇદ્દત પુરી થઇ ગયા પછી તેમની પાસે હઝરત ઝયદ રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વાત લઇને ગયા અને તેમણે માથું નમાવીને અદબપૂર્વક એ વાત કહી સંભળાવી ત્યારે તેણીએ કહ્યું કે; આ બાબતમાં હું મારા અભિપ્રાયને જરા પણ દાખલ કરતી નથી જે મારા રબને મંજૂર હોય હું તેનાથી રાજી છું. એટલું કહીને તેણી અલ્લાહની બારગાહમાં કેન્દ્રિત થયાં અને નમાઝ શરૂ કરી દીધી, ત્યારે આ આયત ઉતરી. હઝરત ઝેનબને આ નિકાહથી ઘણી ખુશી અને ગર્વ થયો. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આ શાદીનો વલીમો બહું વિશાળતાપૂર્વક કર્યો.

૨૨. અર્થાત જેથી એવી ખબર પડી જાય કે દત્તક પુત્રની પત્ની સાથે (તેના નિકાહમાંથી નીકળી ગયા પછી) નિકાહ કરવા જાઇઝ છે.

૨૩. અર્થાત અલ્લાહ તઆલાએ જે એમના માટે મુબાહ કર્યું અને નિકાહની બાબતમાં જે વિશાળતા તેમને આપી તે મુજબ અમલ કરવામાં કશો વાંધો નથી.

૨૪. અર્થાત અમ્બિયા અલયહિમુસ્સલામને નિકાહની બાબતમાં વિશાળતાઓ આપવામાં આવી કે બીજાઓ કરતાં વધારે બીબીઓ રાખવાની તેમને પરવાનગી આપવામાં આવી જેમ કે હઝરત દાવૂદ અલયહિસ્સલામને ૧૦૦ અને હઝરત સુલેમાન અલયહિસ્સલામને ૩૦૦ પત્નીઓ હતી. આ તેમના ખાસ

(સ્પેશ્યલ) હુક્મો હતા તેમના સિવાય બીજાઓ માટે જાઇઝ નથી. અને કોઇને એ બાબત વાંધો ઉઠાવવાનો અધિકાર નથી. અલ્લાહ તઆલા પોતાના બન્દાઓમાંથી જેના માટે જેવો ઇચ્છે તેવો હુક્મ આપે એમાં કોઇને વાંધો લેવાની શું મજાલ છે ? આમાં યહૂદીઓને રદીયો અપાયો છે જેમણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ પર ચારથી વધારે પત્નીઓ રાખવા બદલ એતેરાઝ કર્યો હતો, આમાં તેમને કહેવામાં આવ્યું કે આ વાત ખાસ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ માટે જ છે જેમ કે પત્નીઓ બાબત આગલા પૈગમ્બરો માટે પણ સ્પેશ્યલ હુક્મો હતા.

૨૫. તેથી તેનાથી જ ડરવું જોઇએ.

૨૬. તો વાસ્તવમાં આપ હઝરત ઝેદના પણ બાપ નથી કે જેના લીધે તેમના નિકાહમાં આવેલી સ્ત્રી આપના માટે હલાલ ન હોય. કાસિમ અને તય્યિબ તથા તાહિર તેમજ ઇબ્રાહીમ આપના ફરઝંદો હતા પણ તેઓ એટલી વયે પહોંચ્યા નહિ કે તેમને પુરૂષ કહેવામાં આવે તે બધા બાળપણમાં જ વફાત પામ્યા હતા.

૨૭. અને બધા જ રસૂલો હિતેચ્છુ મહેરબાન અને સન્માનિત તેમજ તેમની આજ્ઞાઓનું પાલન અનિર્વાય હોવાના કારણે પોતાની ઉમ્મતના પિતા કહેવાય છે બલ્કે તેમના હક્કો સગા બાપના હક્કોથી ઘણા વધારે છે પણ એટલા કારણે ઉમ્મત (નબીની) સગી ઔલાદ બની જતી નથી અને સગી ઔલાદના જે હુકમો વારસા વહેંચણી વિગેરે બાબતોમાં છે તે ઉમ્મત માટે લાગુ પડતા નથી.

૨૮. અર્થાત 'અંતિમ નબી'. નબુવ્વત આપના પર સમાપ્ત થઇ ગઇ આપની નબુવ્વત પછી કોઇને નબુવ્વત પ્રાપ્ત થઇ શકતી નથી. હઝરત ઇસા અલયહિસ્સલામ જ્યારે ઉતરશે ત્યારે તેઓ પ્રથમ નબુવ્વત પામી ચૂક્યા હોવા છતાં ઉતરાણ પછી મોહંમદી શરીઅત પર અમલ કરશે અને આ શરીઅત અનુસાર જ રાજ્ય કરશે અને આપના (હુઝૂરના) કિબ્લા તરફ જ મોઢું કરીને નમાઝ પઢશે. હુઝૂરનું આખરી નબી હોવું કતઇ (ચોક્કસ) છે કુરઆનની સ્પષ્ટ આયતો એ બાબત છે તેમજ એટલી બધી સહીહ હદીષો એ બાબત છે જે તવાતુર (પ્રત્યેક યુગમાં બહોળા જનસમુદાઇ દ્વારા એકબીજા સુધી રિવાયત થએલી) ની હદે પહોંચેલી છે તે તમામથી એ વાત સાબિત છે કે હુઝૂર બધાંથી છેલ્લા નબી છે આપના પછી કોઇ નબી આવનાર નથી. જે હુઝૂરની નબુવ્વત પછી કોઇને નબુવ્વત મળવી શક્ય જાણે તે ખત્મે નબુવ્વતને નકારનાર અને કાફિર તેમજ ઇસ્લામથી નીકળી ગએલો છે.

૨૯. કારણ કે સવારનો અને સાંજનો સમય રાત્રિ દિવસના ફરિશ્તાઓને ભેગા થવાનો સમય છે. અને એવું પણ કહેવાયું છે કે રાત દિવસના છેડાઓનું નામ લઇને તેની યાદ હમેશાં કર્યા કરવા પ્રતિ ઇશારો કરાયો છે.

૩૦. **શાને નુઝૂલ** :- હઝરત અનસ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું છે કે જ્યારે ''ઇન્નલ્લાહુ વમલા ઇકતહુ યુસલ્લુન અલન્નબી'' વાળી આયત ઉતરી ત્યારે હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહુ તઆલા અન્હૂએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બારગાહમાં વિનંતી કરી; 'યા રસૂલલ્લાહ ! જ્યારે અલ્લાહ તઆલા આપને કોઇ ફઝીલત કે શ્રેષ્ઠતા આપે છે ત્યારે તમારા તુફેલમાં ગુલામોને પણ નવાઝે છે. ત્યારે આ આયત ઉતરી.

૩૧. અર્થાત કુફ્ર ગુનાહો અને ખુદા વિષેની અજ્ઞાનતાના અંધારાઓમાંથી સત્ય હિદાયત અને અલ્લાહની ઓળખની રોશની તરફ માર્ગ દર્શન આપે છે.

૩૨. ''મુલાકાતના સમય''નો મતલબ યા તો મૃત્યુનો સમય છે અથવા કબરોમાંથી નીકળવાનો

ولا تطع الكفرين والمنفقين ودع اذىهم
وتوكل على الله وكفى بالله وكيلا ﴿٤٨﴾ يايها
الذين امنوا اذا نكحتم المؤمنت ثم طلقتموهن من
قبل ان تمسوهن فما لكم عليهن من عدة
تعتدونها فمتعوهن وسرحوهن سراحا جميلا ﴿٤٩﴾
يايها النبى انا احللنا لك ازواجك التى اتيت
اجورهن وما ملكت يمينك مما افاء الله
عليك وبنت عمك وبنت عمتك وبنت
خالك وبنت خلتك التى هاجرن معك وامراة
مؤمنة ان وهبت نفسها للنبى ان اراد
النبى ان يستنكحها خالصة لك من دون

منزل ٥

અય ઇમાનવાળાઓ ! જ્યારે તમે મુસલમાન સ્ત્રીઓ સાથે નિકાહ કરો પછી તેણીઓને હાથ લગાડયા વગર છોડી દો તો તમારા માટે કશી ઇદ્દત નથી કે જેની ગણાત્રી કરો[૩૮], તો તેણીઓને કંઇક લાભ આપો[૩૯] અને સારી રીતે છોડી દે[૪૦] (૪૯) અય ગૈબ કહેનાર (નબી) ! અમે તમારા માટે તમારી તે પત્નીઓ હલાલ કરી જેમને તમે મહેર આપો[૪૧], અને તમારા હાથની મિલ્કત લોંડીઓ જે અલ્લાહે તમને ગનીમતમાં આપી[૪૨]. અને તમારા કાકાની દીકરીઓ અને તમારી ફોઇઓની પુત્રીઓ અને મામાની છોકરીઓ અને માસીઓની દીકરીઓ જેમણે તમારી સાથે હિજરત કરી[૪૩], અને ઇમાનવાળી સ્ત્રી જો તે પોતાની જાત નબીના હવાલે કરે (અને) જો નબી તેણીને નિકાહમાં લાવવા ઇચ્છે[૪૪] આ ખાસ તમારા માટે છે ઉમ્મત માટે નથી[૪૫]. અમે મુસલમાનો માટે જે નક્કી કર્યું છે તેની અમને જાણ છે તેમની પત્નીઓ અને તેમના હાથની મિલ્કત લોંડીઓમાં[૪૬]. તમારી આ વિશેષતા[૪૭] એટલા

અથવા જન્નતમાં પ્રવેશવાનો. બયાન કરવામાં આવ્યું છે કે મલકુલ મૌત અલયહિસ્સલામ કોઇ પણ મોઅમિનની રૂહ તેને સલામ કર્યા વગર કાઢતા નથી. હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું છે કે; જ્યારે મલકુલ મૌત મોઅમિનની રૂહ કાઢે છે ત્યારે તેને કહે છે કે; તારો રબ તને સલામ કહે છે. અને એવું પણ બયાન આવેલું છે કે જ્યારે મોઅમિન લોકો તેમની કબરોમાંથી નીકળશે ત્યારે સલામતીની ખુશખબર રૂપે ફરિશ્તાઓ તેમને સલામ કરશે. (જુમલ, ખાઝિન).

૩૩. ''શાહિદ''નો તરજુમો હાઝિર નાઝિર ખૂબ જ શ્રેષ્ઠ તરજુમો છે. 'મુફરદાતે રાગિબ'માં છે 'અશ્શ' 'હુદ વશશહાદત - અલ હુઝૂર મઅલ મુશાહિદહ ઇમ્મા બિલ બસરે અવ બિલ બસીરતે' અર્થાત શહુદ અને શહાદતનો અર્થ છે હાઝિર નાઝિર હોવું બાહય દ્રષ્ટિ વડે હોય કે આંતરિક દ્રષ્ટિ મારફત. અને ગવાહ (સાક્ષી) ને પણ એટલા ખાતર જ શહીદ કહે છે કે તે દેખ્યા પછી જે વાતનું જ્ઞાન ધરાવે છે તેને બયાન કરે છે. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સમગ્ર જગત માટે પધાર્યા છે આપની રિસાલત આમ છે જેવું કે સૂરએ ફુરકાનની પહેલી આયતમાં કહેવાયું છે, તેથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કયામત સુધી થનાર બધી જ મખ્લૂકના શાહીદ છે અને તેમના આમાલ કાર્યો હાલતો આપની સત્યતાનો સ્વીકાર તેમજ આપને જૂઠાડવું હિદાયત અને ગુમરાહી વિગેરે તમામ બાબતોને નિહાળી રહ્યા છે. (અબુસ્સઉદ, જુમલ).

૩૪. અર્થાત ઇમાનદારોને જન્નતની ખુશખબરી અને કાફિરોને જહન્નમનો ભય સંભળાવતા.

૩૫. અર્થાત મખ્લૂકને અલ્લાહની ઇતાઅતનું નિમંત્રણ આપતા.

૩૬. ''સિરાજ''નો તરજુમો સૂર્ય એ કુરઆનને તદ્દન અનુસરતો તરજુમો છે કારણ કે એમાં સૂર્યને સિરાજ કહેવાયું છે જેમકે સૂરએ નૂહમાં ''વજઅલ્નશ્શમ્સ સિરાજા'' અને છેલ્લા પારાની પહેલી સૂરતમાં ''વજઅલ્ના સિરાજંવ વહહાજા'' કહેવાયું છે. અને વાસ્તવમાં હજારો સૂર્યો કરતાં પણ વધારે પ્રકાશ આપની નબુવ્વતના નૂરે પુરો પાડયો છે અને કુફ્ર તેમજ શિર્કનાં અંધારાઓને પોતાની હકીકતના નૂર વડે હટાવી નાખ્યાં અને મખ્લૂક માટે અલ્લાહની ઓળખ અને તવહીદ સુધી લાધવાના માર્ગો ચોખ્ખા કરી આપ્યા અને ગુમરાહીની અંધારી ઘાટીમાં રસ્તો ભૂલો પડી ગએલાઓને પોતાના નૂરે હિદાયત વડે રસ્તે ચઢાવ્યા અને પોતાની નબુવ્વતના નૂર દ્વારા હૃદયો દ્રષ્ટિઓ અને પ્રાણીને ઝગમગતા બનાવ્યા. વાસ્તવમાં આપનું પવિત્ર અસ્તિત્વ એવો જગત ઝળહળાવનાર સૂર્ય છે જેણે હજારો સૂર્ય બનાવી દીધા તેથી જ એના ગુણમાં ''મુનીર'' (જગમગાવનાર) કહેવાયું છે.

૩૭. જ્યાં સુધી કે એ બાબત તમને અલ્લાહ તરફથી કંઇ આદેશ ન મળે.

૩૮. આ આયતથી જણાયું કે જો સ્ત્રીને સંભોગ (અથવા નિર્વિઘ્ન એકાંત) પહેલાં તલાક આપી દીધી તો તેણી માટે ઇદ્દત વાજિબ નથી.

૩૯. **મસઅલો** :- નિર્વિઘ્ન એકાંત સંભોગના હુક્મમાં છે તેથી જો એવા એકાંત પછી તલાક આપે તો ઇદ્દત વાજિબ થશે ભલે સંભોગ થયો ન હોય.

**મસઅલો** :- આ હુક્મ મુઅમિનહ અને કિતાબિયહ બન્નેને લાગુ પડે છે અને આયતમાં (ફક્ત) મુઅમિનાત એટલા માટે ફરમાવ્યું છે કે નિકાહ મુઅમિનહ સાથે કરવા ઉત્તમ છે.

**મસઅલો** :- અર્થાત જો તેણીઓનો મહેર નક્કી થએલો હોત તો સંભોગ (અથવા નિર્વિઘ્ન એકાંત) પહેલાં તલાક થવાથી પતિના માથે અડધો મહેર આપવાનું આવશે અને જો મહેર નક્કી થયો ન હતો તો એક જોડ કપડાં જેમાં ત્રણ કપડાં હોય છે તે આપવાનું વાજિબ થાય છે.

૪૦. સારી રીતે છોડવું એ છે કે તેણીઓને તેણીઓના હક્કો સુપ્રત કરી દેવામાં આવે અને તેણીઓને કોઇ કષ્ટ આપવામાં ન આવે અને તેણીઓને રોકી રાખવામાં ન આવે કે તેણીઓ માટે ઇદ્દત નથી.

૪૧. મહેર રોકડી આપવી અને નિકાહમાં તેને નક્કી કરી લેવી અફઝલ છે હલાલ થવા માટે શરતરૂપ નથી કારણ કે મહેર નક્કી કરવી અને તેને રોકડી આપવી ઉત્તમ છે વાજિબ નથી. (તફસીરે અહમદી)

૪૨. જેમકે હઝરત સફિય્યહ અને હઝરત જુવેરિય્યહ રદીયલ્લાહુ તઆલા અન્હુમા જેમને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આઝાદ કરીને તેણીઓ સાથે નિકાહ કરી લીધા.

**મસઅલો** :- ગનીમતમાં મળવાનું નામ લેવું પણ ફઝીલત માટે છે કારણ કે મિલ્કત તરીકે હાથ આવેલી (લોંડીઓ) હલાલ છે ભલે પછી તે ખરીદી દ્વારા મેળવેલી હોય યા ભેટમાં મળી હોય યા વારસામાં પ્રાપ્ત થએલી હોય અથવા વસિય્યત દ્વારા આવી હોય.

૪૩. સાથે હિજરત કરવાની શરત પણ શ્રેષ્ઠતા દર્શાવવા માટે છે કારણ કે સાથે હિજરત કરી ન હોય તો પણ તેમાંની દરેક હલાલ છે. અને એવું પણ હોઇ શકે કે ખાસ હુઝૂર માટે આ ખાસ શરત દ્વારા હલાલ કરવામાં આવી હોય જેમકે ઉમ્મે હાની બિન્તે અબી તાલિબની રિવાયત એ તરફ નિર્દેશ કરે છે.

૪૪. અર્થ એ છે કે અમે તમારા માટે તે મુઅમિન સ્ત્રીને હલાલ કરી જે મહેર વગર અને નિકાહ માટે જરૂરી એવી શરતો વગર પોતાની જાતને તમારા માટે ભેટ તરીકે રજૂ કરે જો તમે તેણી સાથે નિકાહ કરવાનો ઇરાદો ધરાવતા હોય. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; આમાં ભવિષ્યના હુક્મનું

الْمُؤْمِنِينَ ۗ قَدْ عَلِمْنَا مَا فَرَضْنَا عَلَيْهِمْ فِي
أَزْوَاجِهِمْ وَمَا مَلَكَتْ أَيْمَانُهُمْ لِكَيْلَا يَكُونَ
عَلَيْكَ حَرَجٌ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا رَّحِيمًا ﴿٥٠﴾ تُرْجِي
مَن تَشَاءُ مِنْهُنَّ وَتُؤْوِي إِلَيْكَ مَن تَشَاءُ ۖ
وَمَنِ ابْتَغَيْتَ مِمَّنْ عَزَلْتَ فَلَا جُنَاحَ عَلَيْكَ ۚ
ذَٰلِكَ أَدْنَىٰ أَن تَقَرَّ أَعْيُنُهُنَّ وَلَا يَحْزَنَّ وَ
يَرْضَيْنَ بِمَا آتَيْتَهُنَّ كُلُّهُنَّ ۚ وَاللَّهُ يَعْلَمُ مَا
فِي قُلُوبِكُمْ ۚ وَكَانَ اللَّهُ عَلِيمًا حَلِيمًا ﴿٥١﴾ لَا
يَحِلُّ لَكَ النِّسَاءُ مِن بَعْدُ وَلَا أَن تَبَدَّلَ
بِهِنَّ مِنْ أَزْوَاجٍ وَلَوْ أَعْجَبَكَ حُسْنُهُنَّ إِلَّا مَا
مَلَكَتْ يَمِينُكَ ۗ وَكَانَ اللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ رَّقِيبًا ﴿٥٢﴾

**માટે કે તમારા પર કશી તંગી ન થાય અને અલ્લાહ માફ કરનાર મહેરબાન (છે) (૫૦) તેણીઓમાંથી જેને ઇચ્છો તેને પાછળ મૂકો. અને જેને ઇચ્છો તેને પોતાની પાસે જગ્યા આપો[૪૮] અને જેને તમે બાજુ પર મૂકી દીધી હતી જો તેણી વિષે પણ તમારો જીવ ઇચ્છે તો તેમાં પણ તમારા માટે કશો ગુન્હો નથી[૪૯]. આ વાત નિકટતમ છે કે એનાથી તેણીઓની આંખોને ઠંડક મળે અને ચિંતા ન કરે, અને તમે તેણીઓને જે કાંઇ આપો તેનાથી તે બધી જ રાજી રહે[૫૦]. અને તમારા તમામના દિલોમાં જે છે તે અલ્લાહ જાણે છે. અને અલ્લાહ ઇલ્મ અને ધીરજવાળો છે (૫૧) એમના પછી[૫૧] બીજી સ્ત્રીઓ તમને હલાલ નથી[૫૨] અને ન એ કે તેમના બદલે બીજી બીબીઓ બદલો[૫૩] ભલે તમને તેમનું રૂપ મોહક લાગે, પણ લોંડી તમારા હાથની મિલ્કત[૫૪] (જાઇઝ છે). અને અલ્લાહ દરેક વસ્તુ પર દેખરેખ રાખનાર છે (૫૨)**

બયાન છે કારણ કે આ આયત ઉતરી ત્યારે હુઝૂરની બીબીઓમાંથી કોઇ પણ એવી ન હતી જે પોતાની જાતને ભેટ તરીકે રજુ કરીને નિકાહમાં આવેલા હોય. અને જે મુઅમિન સ્ત્રીઓએ પોતાની જાતને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બારગાહમાં ભેટ તરીકે રજુ કરી તેમનાં નામો આ મુજબ છે. મૈમૂના બિન્તે હારિસ અને ખૌલહ બિન્તે હકીમ અને ઉમ્મે શરીક અને ઝેનબ બિન્તે ખુઝેમા. (તફસીરે અહમદી)

૪૫. અર્થાત મહેર વગર નિકાહ કરવો ખાસ આપના માટે જ જાઇઝ છે ઉમ્મત પર તો મહેર વાજિબ જ છે, તેઓ મહેર નક્કી ન કરે તો પણ અને તેઓ મહેરનો ઇન્કાર કરે તો પણ.

**મસઅલો** :- ભેટના શબ્દ દ્વારા નિકાહ જાઇઝ છે.

૪૬. અર્થાત પત્નીઓ માટે જે મહેર અને ગવાહો અને વારાનું વાજિબ હોવું અને ચાર આઝાદ સ્ત્રીઓ સુધી નિકાહ જાઇઝ હોવા વિગેરે.

**મસઅલો** :- આથી જણાયું કે શરીઅતની રૂએ મહેરની મર્યાદા અલ્લાહ તઆલા પાસે નક્કી થએલી છે અને તે દસ દિરહમ છે જેનાથી ઓછું કરવું મના છે જેવું કે હદીષ શરીફમાં છે.

૪૭. જે ઉપર વર્ણવવામાં આવી કે સ્ત્રીઓ માત્ર પોતાની જાતને ભેટ તરીકે રજુ કરવાથી મહેર વગર હલાલ કરવામાં આવી.

૪૮. અર્થાત આપને અધિકાર આપવામાં આવ્યો છે કે જે પત્નીને ઇચ્છો તેને પાસે રાખો અને બીબીઓમાં વારાઓ નક્કી કરો કે ન કરો, પણ આવો અધિકાર હોવા છતાં હુઝૂર સલ્લલ્લાહૂ અલયહિ વસલ્લમ બધી જ બીબીઓ વચ્ચે ન્યાય કરતા હતા અને તેમના સરખા વારાઓ નક્કી કરતા હતા હઝરત સવદા રદીયલ્લાહુ

**અય ઇમાનવાળાઓ ! નબીના ઘરોમાં[૫૫] હાજર થાવ નહિ જ્યાં સુધી કે રજા મેળવો નહિ[૫૬] જેમકે ખાવા માટે નોંતરવામાં આવો (પણ) એવી રીતે નહિ કે પોતે જ તેને રંધાવાની રાહ તાકો[૫૭], હા ! જ્યારે બોલાવવામાં આવે ત્યારે હાજર થાવ અને જ્યારે ખાઇ ચૂકો ત્યારે વિખેરાઇ જાવ, એવું નહિ કે બેસીને વાતોથી દિલ બહેલાવો[૫૮], બેશક ! એનાથી નબીને કષ્ટ થતું હતું પણ તેઓ તમારો ખ્યાલ કરતા હતા[૫૯] અને અલ્લાહ સત્ય કહેવામાં શરમાતો નથી. અને જ્યારે તમે તેમની પાસે[૬૦] વાપરવાની કોઇ વસ્તુ માંગો ત્યારે પરદાની બહારથી માંગો એમાં વધારે સ્વચ્છતા છે તમારા હૃદયોની અને તેમના હૃદયોની[૬૧]. અને તમને (હક્ક) પહોંચતો નથી કે કષ્ટ આપો રસૂલુલ્લાહને[૬૨] અને ન એ કે આપના પછી કદી આપની બીબીઓ સાથે નિકાહ કરો[૬૩] બેશક ! આ અલ્લાહ પાસે ખૂબ સખત વાત છે[૬૪] (૫૩) જો તમે કોઇ વાત જાહેર કરો અથવા છૂપાવો પણ અલ્લાહ બેશક ! બધું જ જાણે છે (૫૪) તેણીઓ માટે કશો વાંધો નથી[૬૫] તેણીઓના બાપ અને દીકરાઓ અને ભાઇઓ અને ભત્રીજાઓ અને**

ومن يقنت ٢٢ الاحزاب ٣٣

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ اِلَّآ اَنْ
يُّؤْذَنَ لَكُمْ اِلٰى طَعَامٍ غَيْرَ نٰظِرِيْنَ اِنٰىهُ وَلٰكِنْ اِذَا
دُعِيْتُمْ فَادْخُلُوْا فَاِذَا طَعِمْتُمْ فَانْتَشِرُوْا وَلَا مُسْتَاْنِسِيْنَ
لِحَدِيْثٍ ؕ اِنَّ ذٰلِكُمْ كَانَ يُؤْذِي النَّبِيَّ فَيَسْتَحْيٖ مِنْكُمْ
وَاللّٰهُ لَا يَسْتَحْيٖ مِنَ الْحَقِّ ؕ وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا
فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ ؕ ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ
وَقُلُوْبِهِنَّ ؕ وَمَا كَانَ لَكُمْ اَنْ تُؤْذُوْا رَسُوْلَ اللّٰهِ
وَلَآ اَنْ تَنْكِحُوْٓا اَزْوَاجَهٗ مِنْۢ بَعْدِهٖٓ اَبَدًا ؕ اِنَّ ذٰلِكُمْ
كَانَ عِنْدَ اللّٰهِ عَظِيْمًا ﴿۵۳﴾ اِنْ تُبْدُوْا شَيْـًٔا اَوْ تُخْفُوْهُ
فَاِنَّ اللّٰهَ كَانَ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ﴿۵۴﴾ لَا جُنَاحَ
عَلَيْهِنَّ فِيْٓ اٰبَآئِهِنَّ وَلَآ اَبْنَآئِهِنَّ وَلَآ اِخْوَانِهِنَّ

અન્હા સિવાય કે તેમણે પોતાના વારાનો દિવસ હઝરત આઇશા રદીયલ્લાહુ અન્હાને આપી દીધો હતો અને હુઝૂરના દરબારમાં અરજ કરી હતી કે; મારા માટે એટલું જ પૂરતું છે કે મારો ઉઠાવ આપની બીબીઓમાં થાય. હઝરત આઇશા રદીયલ્લાહુ અન્હાએ કહ્યું છે કે; આ આયત તે સ્ત્રીઓ વિષે ઉતરી હતી જેમણે પોતાની જાતને હુઝૂરને ભેટ તરીકે ધરી દીધી હતી. હુઝૂરને અખત્યાર આપવામાં આવ્યો કે તેમનામાંથી જેને ઇચ્છે તેને કબૂલ કરે તેની સાથે નિકાહ ફરમાવે અને જેને ઇચ્છે તેને ઇન્કાર કરી દે.

૪૯. અર્થાત બીબીઓમાંથી જેને આપે બરતરફ અથવા ભાગહિન કરી આપી હોય તેના તરફ જ્યારે પણ આપ ઇચ્છો ત્યારે ધ્યાન આપી શકો છો અને તેને ભાગ્યશાળી બનાવી શકો છો એનો આપને અખત્યાર અપાએલો છે.

૫૦. કારણ કે જ્યારે તેણીઓ જાણશે કે આપને અલ્લાહ તઆલા તરફથી આવો અધિકાર અને અખત્યાર આપવામાં આવ્યો છે ત્યારે તેમનાં હૃદયો શાંત થઇ જશે.

૫૧. અર્થાત આ નવ બીબીઓ પછી જેઓ (હાલ) આપના નિકાહમાં છે જેમને આપે (તેમની જાત બાબત) અખત્યાર આપ્યો ત્યારે તેમણે અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહને પસંદ કર્યા.

૫૨. કારણ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ માટે પત્નીઓની હદ નવ છે જેમ કે ઉમ્મત માટે ચાર.

૫૩. અર્થાત એવું પણ કરશો નહિ કે એમને તલાક આપીને એમની જગ્યાએ બીજી સ્ત્રીઓ સાથે નિકાહ કરી લો. આવી ઇજ્જત એ બીબીઓની એટલા માટે છે કે જ્યારે હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ

અલયહિ વસલ્લમે તેમને અખત્યાર આપ્યો હતો ત્યારે તેમણે અલ્લાહ અને રસૂલને ધારણ કર્યા હતા અને દુનિયાના આરામને ઠુકરાવી દીધો હતો, જેમકે પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમના પૂરતી જ મર્યાદા રાખી હતી અને આખર સુધી એ બીબીઓ જ હુઝૂરની સેવામાં રહી હતી. હઝરત આઇશહ અને ઉમ્મે સલ્મહ રદીયલ્લાહુ અન્હુમાએ બયાન કર્યું છે કે છેલ્લે હુઝૂર માટે જેટલી સ્ત્રીઓ સાથે ઇચ્છે તેટલી સ્ત્રીઓ સાથે નિકાહ કરવાનું હલાલ કરી દેવામાં આવ્યું હતું, એ અર્થ મુજબ આ આયત મન્સૂખ છે અને એની નાસિખ ''ઇન્ના અહલલના અઝવાજક... વાળી આયત છે.

૫૪. તમારા માટે હલાલ છે. અને એ પછી હઝરત મારિયહ કિબ્તિય્યહ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મિલ્કતમાં આવી અને તેણીથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ફરઝંદ હઝરત ઇબ્રાહીમનો જન્મ થયો જેમનું બાળપણમાં જ મૃત્યુ થયું.

૫૫. **મસઅલો** :- આ આયતથી જણાયુ કે ઘર પુરૂષનું હોય છે અને તેથી જ તેની પાસેથી પરવાનગી મેળવવી યોગ્ય છે. પતિના ઘરને પત્નીનું ઘર પણ કહેવામાં આવે છે એ રીતે કે તેણી તેમાં રહેવાનો અધિકાર ધરાવે છે એટલા માટે જ ''વઝકુરન મા યુત્લા ફી બુયૂતિકુન્ન'' વાળી આયતમાં ઘરોને તેણીઓનાં ઘર કહેવામાં આવ્યાં છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનાં ઘરો જેમાં આપની પાક બીબીઓ રહેતી હતી અને હુઝૂરે પર્દો ફરમાવ્યો તે પછી પણ તેણીઓ પોતાની જિંદગીપર્યંત તેમાં જ રહી તે હુઝૂરની મિલ્કતમાં હતાં અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે બીબીઓને ભેટ તરીકે આપી દીધેલાં ન હતાં બલ્કે વસવાટની પરવાનગી આપેલી હતી તેથી જ પાક બીબીઓની વફાત પછી તેણીઓના વારસદારોને મળ્યાં નહિ, બલ્કે મસ્જિદ શરીફમાં શામેલ કરી દેવાયાં જે વકફ છે અને જેનો લાભ બધા જ મુસલમાનો માટે છે.

૫૬. આથી જણાયું કે સ્ત્રીઓ માટે પર્દો જરૂર છે અને પર પુરૂષ માટે કોઇના ઘરમાં રજા વગર પ્રવેશવું જાઇઝ નથી. આયત જો કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બીબીઓ માટે ખાસ (ઉતરેલી) છે પણ એનો હુકમ બધી જ મુસલમાન સ્ત્રીઓ માટે છે.

૫૭. **શાને નુઝૂલ** :- જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરત ઝેનબ સાથે નિકાહ કર્યા અને વલીમાની આમ દાવત કરી ત્યારે લોકોનાં ટોળે ટોળાં આવતાં હતાં અને જમીને ચાલ્યાં જતાં હતાં આખરમાં ત્રણ માણસો એવા હતા જે જમ્યા પછી ત્યાં જ બેસી રહ્યા અને વાતચીતનો લાંબો સિલસિલો શરૂ કરી દીધો અને બહું વાર સુધી ત્યાં રોકાયા, મકાન નાનું હતું તેથી ઘરવાળાઓને તકલીફ થઇ, કારણ કે તેઓ તેમના કારણે પોતાનું કામકાજ કશું કરી શકતાં ન હતાં, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ત્યાંથી ઉઠયા અને બીજી બીબીઓના હુજરાઓમાં તશરીફ લઇ ગયા અને બધે ફરીને પાછા આવ્યા તો પણ પેલા લોકો હજુ પોતાની વાતોમાં જ મગ્ન હતા, હુઝૂર પાછા ત્યાંથી ચાલ્યા ગયા, ત્યારે પેલા લોકો ગયા, પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઘરમાં પ્રવેશ્યા અને દરવાજા પર પર્દો નાખી દીધો. તે બાબત આ આયત ઉતરી. આનાથી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની કમાલ દરજ્જાની હયા મહેરબાનીની શાન અને સારા અખ્લાકની ઝલક માલમ પડે છે કે આવશ્યકતા છતાં અસ્હાબને એવું કહ્યું નહિ કે; ચાલ્યા જાવ, બલ્કે જે રીત આપે અપનાવી તે સદવર્તનનો ઉચ્ચ શિક્ષક છે.

**મસઅલો** :- આનાથી જણાયું કે આમંત્રણ વગર કોઇના ઘેર ખાવા જાય નહિ.

૫૮. કારણ કે એ ઘરવાળાઓની તકલીફ અને તેમના વિધ્નનું કારણરૂપ છે.

૫૯. અને તેમને ચાલ્યા જવાનું કહેતા ન હતા.

ભાણીયાઓ[૬૬] અને પોતાની સહધર્મી સ્ત્રીઓ[૬૭] અને પોતાની લોંડીઓ બાબત[૬૮]. અને અલ્લાહથી ડરતી રહો, બેશક ! દરેક વસ્તુ અલ્લાહની સામે છે (૫૫) બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ દુરૂદ મોકલે છે આ ગૈબ કહેનાર (નબી) પર, અય ઇમાનવાળાઓ ! એમના પર દુરૂદ અને ખૂબ સલામ મોકલો[૬૯] (૫૬) બેશક ! જે અલ્લાહ અને તેના રસૂલને કષ્ટ આપે છે તેમના પર દુનિયા અને આખેરતમાં અલ્લાહની લઅનત છે[૭૦] અને અલ્લાહે તેમના માટે ઝિલ્લતનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે[૭૧] (૫૭) અને જેઓ ઇમાનવાળા પુરૂષો અને સ્ત્રીઓને વગર (ગુન્હો) કર્યે સતાવે છે તેમણે બોહતાન અને ખુલ્લો ગુન્હો પોતાના શિરે લીધો[૭૨] (૫૮) અય નબી ! પોતાની બીબીઓ અને પુત્રીઓ અને મુસલમાનોની ઔરતોને કહી દો કે ; પોતાની ચાદરોનો એક ભાગ પોતાના મોઢા પર નાખેલો રાખે[૭૩],આ તેણીઓની ઓળખને નજીક કરનાર છે[૭૪] જેથી તેણીઓ સતાવવામાં આવે નહિ[૭૫]. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૫૯)



وَلَآ اَبْنَآءِ اِخْوَانِهِنَّ وَلَآ اَبْنَآءِ اَخَوٰتِهِنَّ وَلَا نِسَآئِهِنَّ
وَلَا مَا مَلَكَتْ اَيْمَانُهُنَّ ۚ وَاتَّقِيْنَ اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ
كَانَ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدًا ﴿٥٥﴾ اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ
يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ۭ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ
وَسَلِّمُوْا تَسْلِيْمًا ﴿٥٦﴾ اِنَّ الَّذِيْنَ يُؤْذُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ
لَعَنَهُمُ اللّٰهُ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ وَاَعَدَّ لَهُمْ عَذَابًا
مُّهِيْنًا ﴿٥٧﴾ وَالَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ
بِغَيْرِ مَا اكْتَسَبُوْا فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿٥٨﴾
يٰٓاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ
يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ۭ ذٰلِكَ اَدْنٰٓى
اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ۭ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٥٩﴾

૬૦. નબીની બીબીઓ પાસે.

૬૧. કે એનાથી વસવસાઓ અને ખોટા ખ્યાલોથી દૂર રહેવાય છે.

૬૨. અને કોઇ કામ એવું કરો જે હુઝૂરના દિલને ગમે નહિ.

૬૩. કારણ કે જે સ્ત્રી સાથે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે નિકાહ કર્યા તે હુઝૂર સિવાય દરેક માણસ પર હમેશાં માટે હરામ થઇ ગઇ એવી જ રીતે તે લોંડીઓ જે હુઝૂરના એકાંતના સહવાસ દ્વારા પવિત્ર થઇ તે પણ એવી જ રીતે બધા પર હરામ છે.

૬૪. આમાં એલાન છે કે અલ્લાહ પાકે પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મહાન ઇજ્જત આપી છે અને આપનું સન્માન પ્રત્યેક હાલતમાં વાજિબ કર્યું છે.

૬૫. અર્થાત આયતમાં જે લોકોનું બયાન થયું છે તેમનાથી જો એ પાક બીબીઓ પર્દો ન કરે તો એમાં તેણીઓ માટે કશો ગુન્હો નથી.

**શાને નુઝૂલ** :- જ્યારે પર્દાનો હુક્મ ઉતર્યો ત્યારે ઔરતોના બાપ બેટાઓ તેમજ નજીકનાં સગાંઓએ હુઝૂરના દરબારમાં વિનંતી કરી કે; યા રસૂલુલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) શું અમે અમારી માં દીકરીઓ સાથે પર્દાથી બહારથી વાત કરીએ ? ત્યારે આ આયત ઉતરી.

૬૬. અર્થાત આ સગાંઓની સામે આવવામાં અને એમની સાથે વાત કરવામાં કશો વાંધો નથી.

૬૭. અર્થાત મુસ્લિમ સ્ત્રીઓ સામે આવવું જાઇઝ અને કાફિર સ્ત્રીઓથી પર્દો કરવો અને પોતાનું શરીર છુપાવવું જરૂરી છે, શરીરના તે ભાગો સિવાય જે ઘરનું કામકાજ કરવા માટે ઉઘેડવા જરૂર છે. (જુમલ)

لئن لم ينته المنفقون والذين في قلوبهم مرض
والمرجفون في المدينة لنغرينك بهم ثم لا يجاورونك
فيها إلا قليلا ﴿٦٠﴾ ملعونين أينما ثقفوا أخذوا
وقتلوا تقتيلا ﴿٦١﴾ سنة الله في الذين خلوا من
قبل ولن تجد لسنة الله تبديلا ﴿٦٢﴾ يسئلك الناس
عن الساعة قل إنما علمها عند الله وما يدريك
لعل الساعة تكون قريبا ﴿٦٣﴾ إن الله لعن الكافرين
وأعد لهم سعيرا ﴿٦٤﴾ خالدين فيها أبدا لا
يجدون وليا ولا نصيرا ﴿٦٥﴾ يوم تقلب وجوههم
في النار يقولون يليتنا أطعنا الله وأطعنا الرسولا ﴿٦٦﴾
وقالوا ربنا إنا أطعنا سادتنا وكبراءنا فأضلونا

**જો મુનાફિકો[૭૬] અટકશે નહિ અને તેઓ જેમના દિલોમાં રોગ છે[૭૭] અને મદીનામાં ગપાટાઓ ફેલાવનાર[૭૮] તો અમે અવશ્ય તમને તેમના પર ચઢાવીશું[૭૯] પછી તેઓ મદીનામાં તમારી પાસે થોડા દિવસોથી વધારે રહેવા પામશે નહિ[૮૦] (૬૦) ધુતકારાએલા, જ્યાં પણ મળે પકડવામાં આવે અને ગણી ગણીને કતલ કરવામાં આવે (૬૧) જે લોકો પહેલાં થઇ ગયા[૮૧] તેમનામાં અલ્લાહનો દસ્તૂર (આ મુજબ જ) ચાલ્યો આવે છે અને તમે કદાપી અલ્લાહનો દસ્તૂર બદલાતો નહિ જુઓ (૬૨) લોકો તમને કયામત વિષે પૂછે છે[૮૨]. તમે કહી દો; એની જાણ તો અલ્લાહ પાસે જ છે અને તમે શું જાણો ! કદાચ કયામત નજીક જ હોય[૮૩] (૬૩) બેશક ! અલ્લાહે કાફિરો પર લઅનત કરી અને તેમનાં માટે ભભુકતી આગ તૈયાર કરી રાખી છે (૬૪) તેમાં હમેશાં રહેશે, તેમાં ન કોઇ સાટું લેનાર પામશે ન કોઇ મદદગાર[૮૪] (૬૫) જે દિવસે તેમના મોઢાંઓ ઉલ્ટાવી ઉલ્ટાવીને આગમાં શેકવામાં આવશે, કહેતા હશે; 'હાય ! કોઇ રીતે અમે અલ્લાહનો હુકમ માન્યો હોત અને રસૂલનો હુકમ માન્યો હોત[૮૫] (૬૬) અને કહેશે; 'અય અમારા રબ ! અમે અમારા**

૬૮. અહીં કાકા અને મામાનું સ્પષ્ટ રીતે વર્ણન થયું નથી કારણ કે તેઓ બાપના હુકમમાં છે.

૬૯. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર દુરૂદ અને સલામ મોકલવું વાજિબ છે, દરેક મજલિસમાં આપનું ઝિકર કરનાર અને સાંભળનાર બન્ને પર એક વખત, અને એનાથી વધારે મુસ્તહબ છે, આ કથન પર જ એતેમાદ છે અને ઉલમાની વધુમતી એના પર જ છે. અને નમાઝના છેલ્લા કાયદામાં તશહહુદ પછી દુરૂદ શરીફ પઢવું સુન્નત છે. અને આપની સાથે જોડીને આપની આલ અને અસ્હાબ તેમજ બીજા મુઅમિનો પર પણ દુરૂદ મોકલી શકાય છે એટલે કે દુરૂદ શરીફમાં આપના નામ મુબારક પછી તેમને સામેલ કરી શકાય છે અને સ્વંય (આગવું) રીતે તેમનામાંથી કોઇ પર દુરૂદ મોકલવું મકરૂહ છે.

**મસઅલો** :- દુરૂદ શરીફમાં આલ અને અસ્હાબને સમાવી લેવું એ ચાલી આવતી રૂઢી છે અને એવું પણ કહેવાયું છે કે ''આલ''ને સામેલ કર્યા વગર મકબૂલ નથી.

દુરૂદ શરીફ અલ્લાહ તઆલા તરફથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું સન્માન છે, ઉલમાએ ''અલ્લાહુમ્મ સલ્લે અલા મોહંમદ'' નો અર્થ એવો કહ્યો છે કે; અય અલ્લાહ ! મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મહાનતા આપ, દુનિયામાં આપના દીનને બુલંદ કરીને અને આપના ઇસ્લામ તરફ બોલાવતા આમંત્રણને સર્વોપરિતા આપીને અને આખેરતમાં આપની શફાઅત કબૂલ રાખીને અને આપનો સવાબ વધારીને અને આગલા પાછલાઓ પર આપની શ્રેષ્ઠતા જાહેર કરીને અને અમ્બિયા, રસૂલો, ફરિશ્તાઓ અને તમામ મખ્લૂક પર આપની શાન ઉચ્ચ કરીને.

**મસઅલો** :- દુરૂદ શરીફની બરકતો અને ફઝીલતો ઘણી છે. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જ્યારે દુરૂદ મોકલનાર મારા પર દુરૂદ મોકલે છે ત્યારે ફરિશ્તાઓ તેના માટે મગફેરતની દુઆ કરે છે. મુસ્લિમની હદીષ શરીફમાં છે કે; જે મારા પર એક વખત દુરૂદ મોકલે છે અલ્લાહ તઆલા તેના પર દસ વખત (રહમત) મોકલે છે. તિરમીઝીની હદીષ શરીફમાં છે; બખીલ તે છે જેની સામે મારૂં ઝિકર થાય અને તે દુરૂદ ન મોકલે.

૭૦. કે કષ્ટ આપનારાઓ કાફિરો છે જેઓ અલ્લાહ વિષે એવી વાતો કહે છે કે જેનાથી તે પવિત્ર અને પર છે અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જૂઠાડે છે. તેમના પર બન્ને જહાનમાં લઅનત.

૭૧. આખેરતમાં.

૭૨. **શાને નુઝૂલ** :- આ આયત તે મુનાફિકો વિષે ઉતરી જેઓ હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂને ઇજા આપતા હતા અને તેમની કુથલી કરતા હતા. હઝરત ફુઝૈલે ફરમાવ્યું છે કે; કૂતરા અને ભુંડને પણ નાહક તકલીફ આપવી જાઇઝ નથી તો પછી મુઅમિન સ્ત્રી પુરૂષોને ઇજા આપવી કેટલો ખરાબ ગુન્હો છે.

૭૩. અને માથા તેમજ મોઢાને છુપાવે જ્યારે કોઇ જરૂરસર તેમને બહાર નીકળવું હોય.

૭૪. કારણ કે તેણીઓ સ્વતંત્ર સ્ત્રીઓ છે.

૭૫. અને મુનાફિકો તેણીઓની પાછળ લાગે નહિ. મુનાફિકોની આદત હતી કે તેઓ લોંડીઓની છેડતી કરતા હતા તેથી સ્વતંત્ર સ્ત્રીઓને હુકમ આપ્યો કે તેણીઓ ચાદર વડે શરીર ઢાંકીને તેમજ માથું અને ચહેરો છુપાવીને લોંડીઓ કરતાં પોતાનો પહેરવેશ નોખો કરી લે.

૭૬. પોતાના નિફાકથી.

૭૭. અને જેમના વિચારો સારા નથી એટલે કે ગુન્હાખોર માનસ ધરાવનાર બદકાર છે તેઓ પણ જો પોતાની બદકારીથી નહિ અટકે.

૭૮. જેઓ ઇસ્લામી સૈન્યો વિષે જૂઠી અફવાઓ ફેલાવ્યા કરતા હતા અને એવા ગપાટાઓ હાંક્યા કરતા હતા કે મુસલમાનો હારી ગયા તેમને મારી નાખવામાં આવ્યા, દુશ્મન ચઢી આવે છે, અને આવાં ગપાટાઓ ફેલાવવા પાછળ તેમનો હેતુ મુસલમાનોની હિમ્મત ભાંગવાનો અને તેમને પરેશાનીમાં નાખવાનો હતો. એ લોકો માટે ફરમાવવામાં આવે છે કે જો તેઓ આવાં કૃત્યોથી અટકશે નહિ...

૭૯. અને તમને તેમના માથે ચઢેલા રાખીશું.

૮૦. પછી મદીના તય્યેબહ તેમનાથી ખાલી કરી નાખવામાં આવશે અને તેઓ ત્યાંથી કાઢી મૂકાશે.

૮૧. અર્થાત આગલી ઉમ્મતોના મુનાફિકો જેઓ આવાં કૃત્યો કરતા હતા તેમના માટે પણ ખુદાઇ તરીકો એવો જ રહ્યો છે કે જ્યાં મળે ત્યાં મારી નાખવામાં આવે.

૮૨. કે ક્યારે આવશે.

**શાને નુઝૂલ** :- મુશરિકો તો ઠઠ્ઠા મશ્કરીની રીતે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કયામતનો સમય પૂછતા હતા જાણે કે તેમને બહું ઉતાવળ છે અને યહૂદીઓ એ વાત પરિક્ષા લેવા ખાતર પૂછતા હતા કારણ કે તવરાતમાં એ વાત છુપી રાખવામાં આવી હતી. ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને હુકમ આપ્યો કે...

૮૩. આમાં ઉતાવળ કરનારાઓને ધમકી અને પારખું લેનારાઓનું મોઢું બંધ કરવાનો અંદાઝ છે.

આગેવાનો અને અમારા મોટા લોકોના કહ્યા મુજબ ચાલ્યા[૮૬] તો તેમણે અમને માર્ગથી ભટકાવી દીધા (૬૭) અય અમારા રબ ! તેમને આગનો બમણો અઝાબ આપ[૮૭] અને તેમના પર મહાન ફિટકાર કર' (૬૮) અય ઇમાનવાળાઓ ![૮૮] તેમની જેવા થશો નહિ જેમણે મૂસાને સતાવ્યા[૮૯] (૬૮) તો જે વાત તેમણે (સતાવનારાઓએ) કહી તેનાથી અલ્લાહે તેને (મૂસાને) અલિપ્ત જાહેર કર્યો[૯૦] અને મૂસા અલ્લાહ પાસે આબરૂદાર છે[૯૧] (૬૯) અય ઇમાનવાળાઓ ! અલ્લાહ થી ડરો અને સીધી વાત કહો[૯૨] (૭૦) તમારાં કર્મો તમારા માટે સુધારી દેશે[૯૩] અને તમારા ગુન્હાઓ માફ કરી દેશે અને જે અલ્લાહ અને તેના રસૂલનું કહ્યું માને તેણે મહાન સફળતા મેળવી (૭૧) બેશક ! અમે અમાનત રજૂ કરી[૯૪] આકાશો અને પૃથ્વી અને પર્વતો સામે તો તેમણે એને ઉપાડવાનો ઇન્કાર કર્યો અને એનાથી બ્હી ગયાં[૯૫] અને માનવીએ ઉપાડી લીધી, બેશક ! તે પોતાના જીવને કષ્ટમાં નાખનાર મહા નાદાન છે (૭૨) જેથી અલ્લાહ અઝાબ આપે મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓ અને મુશરિક પુરૂષો અને મુશરિક સ્ત્રીઓને[૯૬] અને અલ્લાહ તવ્બહ કબૂલ કરે મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓની. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૭૩)



السَّبِيلَا ﴿٦٧﴾ رَبَّنَا آتِهِمْ ضِعْفَيْنِ مِنَ الْعَذَابِ وَالْعَنْهُمْ
لَعْنًا كَبِيرًا ﴿٦٨﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَكُونُوا كَالَّذِينَ
آذَوْا مُوسَىٰ فَبَرَّأَهُ اللَّهُ مِمَّا قَالُوا ۚ وَكَانَ عِندَ اللَّهِ
وَجِيهًا ﴿٦٩﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَقُولُوا قَوْلًا
سَدِيدًا ﴿٧٠﴾ يُصْلِحْ لَكُمْ أَعْمَالَكُمْ وَيَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ ۗ وَمَن
يُطِعِ اللَّهَ وَرَسُولَهُ فَقَدْ فَازَ فَوْزًا عَظِيمًا ﴿٧١﴾ إِنَّا عَرَضْنَا
الْأَمَانَةَ عَلَى السَّمَاوَاتِ وَالْأَرْضِ وَالْجِبَالِ فَأَبَيْنَ
أَن يَحْمِلْنَهَا وَأَشْفَقْنَ مِنْهَا وَحَمَلَهَا الْإِنسَانُ ۖ إِنَّهُ
كَانَ ظَلُومًا جَهُولًا ﴿٧٢﴾ لِّيُعَذِّبَ اللَّهُ الْمُنَافِقِينَ وَالْمُنَافِقَاتِ
وَالْمُشْرِكِينَ وَالْمُشْرِكَاتِ وَيَتُوبَ اللَّهُ عَلَى الْمُؤْمِنِينَ
وَالْمُؤْمِنَاتِ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا رَّحِيمًا ﴿٧٣﴾

૮૪. જે તેમને અઝાબથી બચાવી શકે.

૮૫. દુનિયામાં, તો અમે આજે આ અઝાબમાં સપડાત નહિ.

૮૬. અથવા કોમના આગેવાનો (જ્ઞાતિ અથવા ગામના સરદારો) અને મોટી વયના માણસો અને અમારા ફિર્કાના આલિમોના કહેવા અનુસાર જેમણે અમને કુફ્ર શિખવાડયું.

૮૭. કારણ કે તેઓ પોતે પણ ગુમરાહ થયા અને બીજાઓને પણ ગુમરાહ કર્યા.

૮૮. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો અદબ કરો અને કોઇ કૃત્ય એવું કરો નહિ, જે આપને કષ્ટ આપવા રૂપ બને અને...

૮૯. અને બની ઇસરાઇલના તે લોકો જેવા થશો નહિ જેઓ નગ્ન થઇને નહાતા હતા અને હઝરત મૂસા અલયહિસ્સલામ વિષે ખોટી વાતો ઉચ્ચારતા હતા કે આપ અમારી સાથે નહાતા કેમ નથી ? એમને કોઢ વિગેરેની એવી કોઇ બીમારી છે.

૯૦. એવી રીતે કે જ્યારે એક દિવસ હઝરત મૂસા અલયહિસ્સલામ એકાંતમાં એક પથ્થર પર પોતાનાં કપડાં મૂકીને ન્હાવા લાગ્યા ત્યારે પથ્થર આપના કપડાં લઇને ભાગ્યો આપ કપડાં લેવા તેની તરફ લપક્યા ત્યારે બની ઇસરાઇલે જોઇ લીધું કે મુબારક શરીરમાં કશા ડાઘા કે કોઇ ખાંપણ નથી.

૯૧. માન મરતબાવાળા અને મુસ્તજાબુદ્દાવાત.

૯૨. અર્થાત સત્ય અને ખરી, હક્ક અને ન્યાયની. અને પોતાની જીભ તેમજ વાતોની સંભાળ રાખો એ ભલાઇઓનું મૂળ છે આવું કરશો તો અલ્લાહ તઆલા તમારા પર મહેરબાની કરશે અને.....

سُوْرَةُ السَّبَا مَكِّيَّةٌ وَّهِيَ اَرْبَعٌ وَّخَمْسُوْنَ اٰيَةً وَّسِتُّ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ
وَلَهُ الْحَمْدُ فِي الْاٰخِرَةِ وَهُوَ الْحَكِيْمُ الْخَبِيْرُ ﴿١﴾ يَعْلَمُ مَا يَلِجُ
فِي الْاَرْضِ وَمَا يَخْرُجُ مِنْهَا وَمَا يَنْزِلُ مِنَ السَّمَآءِ وَمَا
يَعْرُجُ فِيْهَا وَهُوَ الرَّحِيْمُ الْغَفُوْرُ ﴿٢﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا
لَا تَاْتِيْنَا السَّاعَةُ قُلْ بَلٰى وَرَبِّيْ لَتَاْتِيَنَّكُمْ عٰلِمِ
الْغَيْبِ لَا يَعْزُبُ عَنْهُ مِثْقَالُ ذَرَّةٍ فِي السَّمٰوٰتِ
وَلَا فِي الْاَرْضِ وَلَآ اَصْغَرُ مِنْ ذٰلِكَ وَلَآ اَكْبَرُ اِلَّا
فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿٣﴾ لِّيَجْزِيَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ اُولٰٓئِكَ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٤﴾

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૯૭]**

**બધી ખૂબીઓ અલ્લાહને કે જે કંઇ આકાશો અને ધરતીમાં છે[૯૮] તે તેની જ મિલ્કત છે અને આખેરતમાં તેના જ વખાણ છે[૯૯] અને તે જ છે હિકમતવાળો ખબરદાર ! (૧) જે કઇ જમીનમાં જાય છે[૧૦૦] અને જે જમીનમાંથી નીકળે છે[૧૦૧] અને જે આકાશમાંથી ઉતરે છે[૧૦૨] અને જે એમાં ચઢે છે[૧૦૩] એ બધું જ તે જાણે છે અને તે જ મહેરબાન માફ કરનાર છે (૨) અને કાફિર બોલ્યા કે; 'અમારી ઉપર કયામત નહિ આવે[૧૦૪]' તમે ફરમાવો; 'કેમ નહિ ? મારા રબના સોગંદ ! બેશક ! જરૂર તમારા પર આવશે' ગૈબને જાણનાર[૧૦૫] તેનાથી કોઇ વસ્તુ જરા જેટલી પણ છુપી નથી આસ્માનોમાં પણ નહિ અને જમીનમાં પણ નહિ ન એનાથી મોટી ન નાની પણ (એ બધી જ વસ્તુઓ) એક સ્પષ્ટ દેખાડી દેનાર કિતાબમાં છે[૧૦૬] (૩) કે જેથી બદલો આપે તેમને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા આ (તે જ લોકો) છે જેમના માટે માફી અને ઇજ્જતની રોઝી છે[૧૦૭] (૪)**

૯૩. તમને નેકીઓની તૌફીક આપશે અને તમારી ફર્માંબરદારીઓને કબૂલ ફર્માવશે.

૯૪. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું છે કે; 'અમાનત'નો અર્થ હુકમની તાબેદારી અને ફર્ઝ બાબતો છે જે અલ્લાહ પાકે પોતાના બન્દાઓ સમક્ષ રજુ કરી એ જ બાબતો પૃથ્વી, આકાશ અને પર્વતો સમક્ષ રજુ કરી હતી કે જો તેઓ એને પુરી કરશે તો તેમને સવાબ મળશે, નહિ પુરી કરે તો અઝાબ આપવામાં આવશે.

હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે; 'અમાનત' એટલે નમાઝો પઢવી, ઝકાત આપવી, રમઝાનના રોઝા રાખવા, કાબા શરીફની હજ કરવી, સાચું બોલવું, માપ તોલ અને લોકોની અમાનતોમાં ન્યાયથી વર્તવું.

અમુકે કહ્યું છે કે 'અમાનત' એટલે તમામ તે બાબતો જેનો હુકમ આપવામાં આવ્યો અને તમામ તે બાબતો જેની મનાઇ કરવામાં આવી.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસે ફરમાવ્યું કે; તમામ અવયવો કાન, હાથ, પગ વિગેરે બધું 'અમાનત' છે તેનું ઇમાન જ શું જે અમાનતદાર ન હોય !

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; 'અમાનત'નો અર્થ લોકોની અમાનતો અને વાયદાઓને પુરા કરવાનો છે, તો દરેક મુઅમિન પર ફર્ઝ છે કે કોઇ મુઅમિનની ખયાનત કરે નહિ અને કોઇ કાફિરની પણ જેને વચન કે વાયદો આપ્યો હોય, થોડોમાં પણ નહિ અને વધારેમાં પણ નહિ. અલ્લાહ તઆલાએ આ અમાનત પૃથ્વી આકાશ અને પર્વતો સ્હામે રજુ કરીને તેમને પૂછયું કે; શું તમે આને એની

અને જેમણે અમારી આયતોમાં હરાવવાના પ્રયત્નો કર્યા[૧૦૮] તેમના માટે દુ:ખદાયક અઝાબમાંથી સખત અઝાબ છે (૫) અને જેમને ઇલ્મ મળ્યું[૧૦૯] તેઓ જાણે છે કે જે કંઇ તમારી તરફ તમારા રબ તરફથી ઉતર્યું[૧૧૦] તે જ સાચું છે અને ઇજ્જતવાળા બધી ખૂબીઓથી વખણાએલા (અલ્લાહ)નો માર્ગ દેખાડે છે (૬) અને બોલ્યા કાફિરો[૧૧૧]; 'શું અમે તમને એવો પુરૂષ દેખાડીએ[૧૧૨] જે તમને (એવી) ખબર આપે (છે) કે જ્યારે તમે ટુકડા થઇને રજકણો થઇ જાવ ત્યારે પાછુ તમારે નવું બનવાનું છે ?' (૭) શું અલ્લાહ પર એણે આક્ષેપ મૂક્યો અથવા એને ગાંડપણ છે[૧૧૩] ? બલ્કે તેઓ જે આખેરત પર ઇમાન લાવતા નથી[૧૧૪] અઝાબ અને દૂરની ગુમરાહીમાં છે (૮) તો શું એમણે જોયું નહિ જે તેમની આગળ અને પાછળ છે તે આકાશ અને ધરતીમાં[૧૧૫] ? અમે ઇચ્છીએ તો એમને[૧૧૬] ધરતીમાં ખુંપાવી દઇએ અથવા એમના પર આકાશનો ટુકડો ગબડાવીએ. બેશક ! આમાં[૧૧૭] નિશાની છે પ્રત્યેક કેન્દ્રિત થનાર બન્દા માટે[૧૧૮] (૯)

ومن يقنت ٢٢ سبا ٣٤

وَالَّذِينَ سَعَوْ فِيٓ اٰيٰتِنَا مُعٰجِزِينَ اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ
مِّنْ رِّجْزٍ اَلِيْمٌ ﴿٥﴾ وَيَرَى الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ الَّذِيْٓ
اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ هُوَ الْحَقَّ وَيَهْدِيْٓ اِلٰى صِرَاطِ
الْعَزِيْزِ الْحَمِيْدِ ﴿٦﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا هَلْ نَدُلُّكُمْ
عَلٰى رَجُلٍ يُّنَبِّئُكُمْ اِذَا مُزِّقْتُمْ كُلَّ مُمَزَّقٍ اِنَّكُمْ لَفِيْ
خَلْقٍ جَدِيْدٍ ﴿٧﴾ اَفْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَمْ بِهٖ
جِنَّةٌ بَلِ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ فِي
الْعَذَابِ وَالضَّلٰلِ الْبَعِيْدِ ﴿٨﴾ اَفَلَمْ يَرَوْا اِلٰى مَا
بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ
اِنْ نَّشَاْ نَخْسِفْ بِهِمُ الْاَرْضَ اَوْ نُسْقِطْ عَلَيْهِمْ كِسَفًا
مِّنَ السَّمَآءِ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّكُلِّ عَبْدٍ مُّنِيْبٍ ﴿٩﴾

જવાબદારીઓ સહીત ઉપાડશો ? તેઆએ પૂછયું કે; જવાબદારી શું છે ? ફરમાવ્યું; એ કે જો તમે એને સારી રીતે અંજામ આપશો તો તમને સારો બદલો મળશે અને જો નાફરમાની કરશો તો તમને અઝાબ કરવામાં આવશે. તેમણે કહ્યું; નહિ અય અમારા રબ! અમે તો તારા હુકમના તાબે છીએ અમને સવાબ કે અઝાબ કશું જોઇતું નથી. તેમનું આવું કહેવું ખોફ અને અલ્લાહના ડરના કારણે હતું અને અમાનત સ્વીકારવાનો અથવા નકારવાનો અધિકાર તેમને આપવામાં આવ્યો હતો એટલે કે તેમને અખત્યાર આપવામાં આવ્યો હતો કે જો તેઓ પોતાનામાં હિમ્મત અને શક્તિ જુએ તો ઉપાડવાનું કબૂલ કરે, નહિ તો માફી માંગી લે, તેનું ઉપાડવાનું જરૂરી કરવામાં આવ્યું ન હતું, જો જરૂરી કરવામાં આવત તો તેઓ ઇન્કાર કરત નહિ.

૯૫. કે જો ઉપાડી નહિ શકે તો અઝાબ કરાશે. ત્યારે અલ્લાહ તઆલાએ તે અમાનત હઝરત આદમ અલયહિસ્સલામ સમક્ષ રજુ કરી અને ફરમાવ્યું કે; મેં એ આકાશો પૃથ્વી અને પર્વતો સ્હામે મૂકી હતી પણ તેઓ ઉપાડી શક્યા નહિ. શું તુ એને એની જવાબદારીઓ સહીત ઉપાડી શકીશ ? ત્યારે હઝરત આદમ અલયહિસ્સલામે હા કહ્યું.

૯૬. આનો અર્થ એવો કહેવામાં આવ્યો છે કે; અમે અમાનત રજુ કરી જેથી મુનાફિકોનો નિફાક અને મુશરિકોનું શિર્ક જાહેર થઇ જાય અને અલ્લાહ તઆલા તેમને અઝાબ કરે અને મુઅમિનો જેઓ અમાનતને ઉપાડનાર છે તેમનું ઇમાન જાહેર થાય અને અલ્લાહ તઆલા તેમની તવબહ સ્વીકારે અને તેમના પર મહેરબાની કરે અને તેમના ગુન્હાઓને માફ કરે, ભલે તેમનાથી અમુક બાબતોમાં તાબેદારી કરવામાં કસૂર થઇ જાય તો પણ. (ખાઝિન)

૯૭. સૂરએ સબા મક્કીય્યહ છે 'વયરલ્લઝીન ઉતુલ ઇલ્મ''વાળી આયત સિવાય. એમાં ૬ રૂકૂઅ ૫૪ આયતો ૮૪૩ શબ્દો અને ૧૫૧૨ અક્ષરો છે.

૯૮. અર્થાત પ્રત્યેક વસ્તુનો માલિક સર્જક સત્તાધીશ અલ્લાહ તઆલા છે અને દરેક વખાણ તેની તરફ જ પલ્ટે છે તેથી બધા જ વખાણને પાત્ર પણ તે જ છે.

૯૯. અર્થાત જે રીતે દુનિયામાં વખાણને પાત્ર અલ્લાહ તઆલા છે તે જ રીતે આખેરતમાં પણ વખાણને લાયક તે જ છે કારણ કે ઉભય જગત તેની જ નેઅમતોથી છલોછલ છે દુનિયામાં તો બન્દાઓ પર તેના વખાણ વાજિબ છે કારણ આ કામ ઉપાડવાની જગ્યા છે અને આખેરતમાં જન્નતીઓ નેઅમતોની ખુશી અને રાહતોના હર્ષમાં તેનાં વખાણ કરશે.

૧૦૦. અર્થાત જે જમીનમાં પ્રવેશે છે તે જેવું કે વરસાદનું પાણી, મુર્દાઓ, ભંડારો વિગેરે.

૧૦૧. જેમકે વનસ્પતિ, ઝાડો, ઝરણાઓ, ખાણો અને હશ્ર થશે ત્યારે મુર્દાઓ વિગેરે.

૧૦૨. જેમકે વરસાદ, બરફ, કરા અને જાત જાતની બરકતો અને ફરિશ્તાઓ.

૧૦૩. જેવા કે ફરિશ્તાઓ અને દુઆ અને બન્દાઓના આમાલ.

૧૦૪. અર્થાત તેમણે કયામત આવવાનો ઇન્કાર કર્યો.

૧૦૫. અર્થાત મારો રબ ગૈબને જાણનાર છે તેનાથી કોઇ વસ્તુ છુપી નથી તો પછી કયામતનું આગમન અને તેના બરપા થવાનો સમય પણ તેની જાણમાં છે.

૧૦૬. અર્થાત લવહે મહફૂઝમાં.

૧૦૭. જન્નતમાં.

૧૦૮. અને એમાં વાંધા વચકા કાઢીને અને એને શાયરી તેમજ જાદુ વિગેરે કહીને લોકોને એનાથી રોકવા ચાહ્યું. (આનું વધારે બયાન આ સૂરતના પાંચમા રૂકૂઅમાં આવશે.)

૧૦૯. એટલે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સહાબા અથવા એહલે કિતાબના મુઅમિનો જેવા કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને એમના સાથીદારો.

૧૧૦. અર્થાત કુરઆન મજીદ.

૧૧૧. અર્થાત કાફિરોએ પરસ્પર આશ્ચર્ય ચકિત બનીને કહ્યું.

૧૧૨. અર્થાત સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૧૧૩. કે જેથી તેઓ આવી અજબ વાતો કહે છે ? અલ્લાહ તઆલાએ કાફિરોની (ઉપરની) વાતને (આવું ફરમાવીને) રદિયો આપ્યો, એટલે કે એ બે (અલ્લાહ પર આક્ષેપ મૂકવો અને ગાંડપણ)માંથી એક પણ વાત નથી, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એનાથી પાક છે.

૧૧૪. અર્થાત કાફિરો, ઉઠવાનો અને હિસાબનો ઇન્કાર કરનારાઓ.

૧૧૫. અર્થાત શું તેઓ આંધળા છે કે તેમણે આકાશ અને પૃથ્વી પર દ્રષ્ટિપાત જ કર્યો નથી અને પોતાની આગળ પાછળ જોયું જ નથી ? કે જેનાથી તેમને ખબર પડત કે તેઓ દરેક બાજુથી ઘેરાએલા છે અને પૃથ્વી તેમજ આકાશના ઘેરાની બહાર જઇ શકતા નથી અને અલ્લાહના રાજ્ય બહાર નીકળી શકતા નથી અને તેમના માટે ભાગી છુટવાનું કોઇ સ્થાન નથી. તેમણે આયતો અને રસૂલને જૂઠાડવા તેમજ નકારવાનો ભયંકર ગુન્હો કરતાં ભય અનુભવ્યો નહિ ? અને પોતાની આવી પરિસ્થિતિનો વિચાર કરીને

وَلَقَدْ آتَيْنَا دَاوُدَ مِنَّا فَضْلًا يَا جِبَالُ أَوِّبِي مَعَهُ
وَالطَّيْرَ وَأَلَنَّا لَهُ الْحَدِيدَ ﴿١٠﴾ أَنِ اعْمَلْ سَابِغَاتٍ
وَقَدِّرْ فِي السَّرْدِ وَاعْمَلُوا صَالِحًا إِنِّي بِمَا تَعْمَلُونَ
بَصِيرٌ ﴿١١﴾ وَلِسُلَيْمَانَ الرِّيحَ غُدُوُّهَا شَهْرٌ وَرَوَاحُهَا
شَهْرٌ وَأَسَلْنَا لَهُ عَيْنَ الْقِطْرِ وَمِنَ الْجِنِّ مَنْ
يَعْمَلُ بَيْنَ يَدَيْهِ بِإِذْنِ رَبِّهِ وَمَنْ يَزِغْ مِنْهُمْ
عَنْ أَمْرِنَا نُذِقْهُ مِنْ عَذَابِ السَّعِيرِ ﴿١٢﴾ يَعْمَلُونَ
لَهُ مَا يَشَاءُ مِنْ مَحَارِيبَ وَتَمَاثِيلَ وَجِفَانٍ كَالْجَوَابِ
وَقُدُورٍ رَاسِيَاتٍ اعْمَلُوا آلَ دَاوُدَ شُكْرًا وَقَلِيلٌ
مِنْ عِبَادِيَ الشَّكُورُ ﴿١٣﴾ فَلَمَّا قَضَيْنَا عَلَيْهِ الْمَوْتَ
مَا دَلَّهُمْ عَلَىٰ مَوْتِهِ إِلَّا دَابَّةُ الْأَرْضِ تَأْكُلُ

**અને બેશક ! અમે દાવૂદને અમારી મહાન કૃપા આપી[૧૧૯] અય પર્વતો ! એની સાથે અલ્લાહ તરફ કેન્દ્રિત થાવ અને અય પક્ષીઓ[૧૨૦] ! અને અમે તેના માટે લોઢું નરમ કરી દીધું[૧૨૧] (૧૦) કે પહોળાં બખ્તરો બનાવ અને બનાવવામાં અંદાજાનો ખ્યાલ રાખ[૧૨૨]. અને તમે બધા નેકી કરો, બેશક ! હું તમારાં કામો જોઇ રહ્યો છું (૧૧) અને સુલેમાનના તાબે પવન કરી આપ્યો, તેની સવારની મંઝિલ એક મહીનાનો રસ્તો અને સાંજની મંઝિલ એક મહીનાનો રસ્તો[૧૨૩]. અને અમે તેના માટે ઓગળેલા તાંબાનું ઝરણું વહાવ્યું[૧૨૪] અને જિન્નાતમાંથી તેઓ જે તેની સામે તેના રબના હુકમથી કામ કરતા હતા[૧૨૫], અને તેમનામાંથી જે ફરી બેઠા અમારા હુકમથી[૧૨૬] અમે તેમને ભડકતી આગનો અઝાબ ચખાડીશું (૧૨) જે તે (સુલેમાન) ઇચ્છતો તે તેઓ (જિન્નાત) તેના માટે બનાવતા, ઊંચા ઊંચા મહેલો[૧૨૭] અને તસ્વીરો[૧૨૮] અને મોટા મોટા હોઝ જેવાં ઢીચીયાં[૧૨૯] અને લંગરવાળી દેગો[૧૩૦] ! અય દાવૂદવાળાઓ ! શુકર કરો.[૧૩૧] અને મારા બન્દાઓમાં શુકર વાળા ઓછા છે (૧૩) પછી જ્યારે અમે તેના પર (સુલેમાન પર) મોતનો હુકમ મોકલ્યો[૧૩૨] (ત્યારે) જિન્નાતને તેના**

ડર્યા નહિ ?

૧૧૬. તેમના ઇન્કાર અને જૂઠાડવાના ગુન્હાસર કારૂનની જેમ...

૧૧૭. ચિંતન અને મનન (કરવા માટે)

૧૧૮. જે નિર્દેશ કરે છે કે અલ્લાહ તઆલા હશ્રમાં ઉઠાડવા તેમજ એના મુન્કિરને અઝાબ કરવા તેમજ દરેક વસ્તુ માટે શક્તિમાન છે.

૧૧૯. અર્થાત નબુવ્વત અને કિતાબ અને રાજ્ય પણ કહેવામાં આવ્યું છે અને એક કથન અનુસાર સારો અવાજ, વિગેરે તમામ વસ્તુઓ જે આપને વિશેષ રીતે આપવામાં આવી અને અલ્લાહ તઆલાએ પર્વતો અને પક્ષીઓને હુકમ આપ્યો.....

૧૨૦. જ્યારે તેઓ તસ્બીહ પઢે ત્યારે તેમની સાથે તસ્બીહ પઢો. જેમકે હઝરત દાવૂદ અલયહિસ્સલામ તસ્બીહ પઢતા ત્યારે પર્વતોમાંથી પણ તસ્બીહનો અવાજ નીકળતો અને પક્ષીઓ પણ નમી પડતાં હતા, એ આપનો મુઅજિઝો હતો.

૧૨૧. કે તે આપના મુબારક હાથમાં આવીને મીણ અથવા ગુંદેલા આટા જેવું નરમ બની જતું હતું અને એનાથી આપ જે ઇચ્છતા તે આગ અને ઠોકઠાક કર્યા વગર બનાવી કાઢતા હતા. એનું કારણ એ વર્ણવવામાં આવ્યું છે કે જ્યારે આપ બની ઇસરાઇલના બાદશાહ થયા ત્યારે આપની રીત એ હતી કે આપ લોકોની નગરચર્ચા જોવા એવી રીતે નીકળતા હતા કે લોકો આપને ઓળખે નહિ અને જ્યારે કોઇ મળતું અને આપને ઓળખતું નહિ ત્યારે આપ તેને પૂછતા કે; દાવૂદ કેવો માણસ છે ? બધા માણસો (જવાબમાં) આપના

વખાણ કરતા. અલ્લાહ તઆલાએ (એક વખત એક) ફરિશ્તો માનવીની શિકલમાં મોકલ્યો, હઝરત દાવૂદે પોતાની રીત અનુસાર તેને પણ પેલો સવાલ પૂછયો ત્યારે પેલા ફરિશ્તાએ કહ્યું કે; દાવૂદ છે તે બહુ ભલા માણસ પણ જો એમનામાં એક આદત ન હોત તો સારૂં થાત. ત્યારે આપે ખૂબ ધ્યાનપૂર્વક તેના તરફ જોઇ પૂછયું કે; અલ્લાહના બન્દા ! કઇ આદત ? તેણે કહ્યું કે; તેઓ પોતાનો અને પોતાનાં બાલ બચ્ચાઓનો ખર્ચ ''બયતુલ માલ'' (ચેરીટી અથવા પબ્લીક ફંડ)માંથી લે છે. એવું સાંભળીને આપના દિલમાં થયું કે જો આપ ખર્ચ બયતુલ માલમાંથી ન લેત તો સારૂં. તેથી આપે અલ્લાહ પાસે દુઆ કરી કે તેમના માટે કોઇ એવો સબબ બનાવી આપે જેનાથી તેમનો અને તેમના બાલબચ્ચાંઓનો ખર્ચ નીકળે અને બયતુલ માલમાંથી આપને કશું લેવું પડે નહિ. આપની એ દુઆ કબૂલ થઇ અને અલ્લાહ તઆલાએ આપની માટે લોઢાને નરમ બનાવી દીધું અને આપને બખ્તરો બનાવવાની કારીગરીનો હુન્નર શિખવાડયો. સર્વ પ્રથમ બખ્તર બનાવનાર આપ જ છે. આપ દરરોજ એક બખ્તર બનાવતા હતા તે ચાર હજારમાં વેચાતી હતી તેમાંથી આપ પોતાનો પોતાનાં બાલબચ્ચાઓનો ખર્ચ કાઢતા અને ગરીબો મિસ્કીનોને પણ દાન કરતા હતા, એનું બયાન આયતમાં છે. અલ્લાહ તઆલા ફરમાવે છે; અમે દાવૂદ અલયહિસ્સલામ માટે લોઢું નરમ કરીને તેમને ફરમાવ્યું...

૧૨૨. કે તેની કડીઓ સરખી હોવી જોઇએ, બહું સાંકડી પણ નહિ તેમજ બહુ પહોળી પણ નહિ.

૧૨૩. આપ સવારમાં દમાસ્કસથી રવાના થતા અને બપોરના જમણ પછીનો આરામ ઉસ્તુખરમાં કરતા જે ઇરાનમાં આવેલું છે અને દમાસ્કસથી એક મહીનાના માર્ગના અંતરે આવેલું છે અને સાંજે ઉસ્તુખરથી ઉપાડતા તો રાત્રે કાબુલમાં આરામ ફરમાવતા એ પણ મારતી સવારીએ જનાર માટે એક મહીનાના માર્ગ જેટલું અંતર છે.

૧૨૪. જે ત્રણ દિવસો સુધી યમનના પ્રદેશમાં પાણીની જેમ વહેતું રહ્યું અને એક કથન એવું છે કે દરેક મહીનામાં ત્રણ દિવસ વહેતું હતું અને એક એવું છે કે હઝરત સુલેમાન અલયહિસ્સલામ માટે તાંબાને ઓગાળી દીધું જેવી રીતે કે હઝરત દાવૂદ અલયહિસ્સલામ માટે લોઢાને નરમ કરી દીધું હતું.

૧૨૫. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમા એ ફરમાવ્યું છે કે; અલ્લાહ તઆલાએ હઝરત સુલેમાન અલયહિસ્સલામ માટે જિન્નાત તાબે કરી દીધા.

૧૨૬. અને હઝરત સુલેમાન અલયહિસ્સલામની આજ્ઞાનું પાલન ન કરે.

૧૨૭. અને આલીશાન ઇમારતો અને મસ્જિદો જે પૈકીનું બયતુલ મુકદ્દસ પણ છે.

૧૨૮. દરીન્દાઓ અને પરિન્દાઓ વિગેરેની તાંબા, બિલ્લોર અને પથ્થર વિગેરેમાંથી. અને તે શરીઅતમાં તસ્વીર બનાવવાનું હરામ હતું નહિ.

૧૨૯. એટલાં મોટાં મોટાં કે એક લગનમાં હજાર માણસો ખાઇ શકે.

૧૩૦. જે પોતાના પાયાઓ પર સ્થિર હતી અને ઘણી મોટી હતી પોતાની જગ્યાએથી હટાવી શકાતી ન હતી દાદર મૂકીને તેના પર ચઢતા હતા અને દેગો યમનમાં હતી, અલ્લાહ તઆલા ફરમાવે છે કે અમે ફરમાવ્યું કે...

૧૩૧. અલ્લાહ તઆલાનો આ નેઅમતો બદલ જે તેણે તમને આપી તેની ફરમાંબરદારી કરીને.

૧૩૨. હઝરત સુલેમાન અલયહિસ્સલામે અલ્લાહ પાસે દુઆ કરી હતી કે તેમની વફાતની ખબર જિન્નાતોને થવા પામે નહિ, જેથી માનવીઓને જાણ થાય કે જિન્નાત ગૈબ જાણતા નથી. પછી આપ મહેરાબમાં પ્રવેશ્યા અને આદત મુજબ લાકડીનો ટેકો લઇને નમાઝ પઢવા લાગ્યા, જિન્નાત રાબેતા મુજબ પોતાની

مِنسَأَتَهُ فَلَمَّا خَرَّ تَبَيَّنَتِ الْجِنُّ أَن لَّوْ كَانُوا
يَعْلَمُونَ الْغَيْبَ مَا لَبِثُوا فِي الْعَذَابِ الْمُهِينِ ﴿١٤﴾
لَقَدْ كَانَ لِسَبَإٍ فِي مَسْكَنِهِمْ آيَةٌ جَنَّتَانِ عَن
يَمِينٍ وَشِمَالٍ كُلُوا مِن رِّزْقِ رَبِّكُمْ وَاشْكُرُوا
لَهُ بَلْدَةٌ طَيِّبَةٌ وَرَبٌّ غَفُورٌ ﴿١٥﴾ فَأَعْرَضُوا فَأَرْسَلْنَا
عَلَيْهِمْ سَيْلَ الْعَرِمِ وَبَدَّلْنَاهُم بِجَنَّتَيْهِمْ جَنَّتَيْنِ
ذَوَاتَيْ أُكُلٍ خَمْطٍ وَأَثْلٍ وَشَيْءٍ مِّن سِدْرٍ
قَلِيلٍ ﴿١٦﴾ ذَٰلِكَ جَزَيْنَاهُم بِمَا كَفَرُوا وَهَلْ
نُجَازِي إِلَّا الْكَفُورَ ﴿١٧﴾ وَجَعَلْنَا بَيْنَهُمْ وَبَيْنَ
الْقُرَى الَّتِي بَارَكْنَا فِيهَا قُرًى ظَاهِرَةً وَقَدَّرْنَا
فِيهَا السَّيْرَ سِيرُوا فِيهَا لَيَالِيَ وَأَيَّامًا آمِنِينَ ﴿١٨﴾

منزل ٥

**મૃત્યુની ખબર આપી નહિ પણ જમીનની ઉધઇ એ જે તેની લાકડી ખાતી હતી. પછી જ્યારે સુલેમાન જમીન પર આવી લાગ્યો (ત્યારે) જિન્નાતની હકીકત ખૂલી ગઇ[૧૩૩] (કે તેઓ) જો ગૈબ જાણતા હોત[૧૩૪] તો ન રહેત આ અપમાનિત કરનાર અઝાબમાં[૧૩૫] (૧૪) બેશક ! સબા[૧૩૬] માટે તેમની વસ્તીમાં[૧૩૭] નિશાની હતી[૧૩૮]. બે બગીચાઓ જમણી અને ડાબી બાજુએ[૧૩૯]. પોતાના રબની રોજી ખાવ[૧૪૦] અને તેનો શુકર કરો[૧૪૧]. સ્વચ્છ શહેર[૧૪૨] અને માફ કરનાર રબ[૧૪૩] (૧૫) તો તેમણે મોઢું ફેરવ્યું[૧૪૪] તો અમે તેમના પર જોરનું પુર મોકલ્યું,[૧૪૫] અને તેમના બગીચાઓના બદલે (બીજા) બે બગીચાઓ તેમને બદલી દીધા જેમાં બગડેલો મેવો[૧૪૬] અને ઝાડવાં અને અમુક થોડી બોરડીઓ[૧૪૭] (૧૬) અમે તેમને આ બદલો તેમની નાશુકરી[૧૪૮]ની સજા રૂપે આપ્યો. અને અમે કોને સજા આપીએ છીએ ? તેને જ જે નાશુકરો હોય (૧૭) અને અમે બનાવ્યાં હતાં તેમાં[૧૪૯] અને તે શહેરોમાં જેમાં અમે બરકત મૂકી[૧૫૦] માર્ગના કિનારે કેટલાંએ શહેર[૧૫૧], અને તેમને મંઝિલના અંદાજથી બનાવ્યાં,[૧૫૨] તેમાં રાત્રે અને દિવસે શાંતિ અને નિર્ભયતાથી ચાલો[૧૫૩] (૧૮)**

સેવાઓમાં મગ્ન રહ્યા અને એવું સમજ્યા કર્યા કે હઝરત જીવતા છે. અને હઝરત સુલેમાનનું લાંબા સમય સુધી એવી હાલતમાં રહેવું તેમને આશ્ચર્યજનક લાગ્યું નહિ કારણ કે તેઓ ઘણીવાર જોતા હતા કે આપ એક એક બે બે મહીનાઓ સુધી ઇબાદતમાં મશગુલ રહે છે અને આપની નમાઝ ઘણી લાંબી હોય છે. એટલે સુધી કે આપની વફાતના પુરા એક વરસ પછી પણ જિન્નાતોને આપની વફાતની ખબર થઇ નહિ અને પોત પોતાની સેવાઓમાં રચ્યા પચ્યા રહ્યા, ત્યાં સુધી કે અલ્લાહના હુકમથી ઉધઇએ આપની લાકડી ખાઇ નાખી અને આપનું મુબારક શરીર જે લાકડીના ટેકા પર હતું તે જમીન પર આવી લાગ્યું ત્યારે જિન્નાતોને આપની વફાતની જાણ થઇ.

૧૩૩. કે તેઓ ગૈબ જાણતા નથી.

૧૩૪. તો હઝરત સુલેમાન અલયહિસ્સલામની વફાતની ખબર જાણી લેત.

૧૩૫. અને એક વરસ સુધી બાંધકામની સખત મજુરીમાં જોડાએલા રહેત નહી. બયાન કરવામાં આવ્યું છે કે હઝરત દાવૂદ અલયહિસ્સલામે બયતુલ મુકદ્દસનો પાયો તે જગ્યાએ મૂક્યો હતો જ્યાં હઝરત મૂસા અલયહિસ્સલામનો તંબુ તણાએલો હતો, પણ એ ઇમારત પુરી થતાં પહેલાં હઝરત દાવૂદ અલયહિસ્સલામની વફાતનો સમય આવી લાગ્યો ત્યારે આપે આપના ફરઝંદ હઝરત સુલેમાન અલયહિસ્સલામને એ કામ પુરૂં કરવાની વસિય્યત કરી જેથી તેમણે જિન્નાતોને એ પુરૂં કરવાનો હુકમ આપ્યો. જ્યારે આપની વફાતનો સમય આવી લાગ્યો ત્યારે આપે દુઆ કરી કે આપની વફાતની જાણ જિન્નાતોને થવા પામે નહિ જેથી તેઓ ઇમારત પુરી થતાં સુધી કામમાં જોડાએલા રહે અને તેમને ઇલ્મે ગૈબ ધરાવતા હોવોનો જે દાવો છે તે જૂઠો જાહેર

થાય. હઝરત સુલેમાન અલયહિસ્સલામની ઉંમર ૫૩ વરસની થઇ ૧૩ વરસની ઉંમરે આપ ગાદીએ બેઠા અને ૪૦ વરસ રાજ્ય કર્યું.

૧૩૬. ''સબા'' અરબોનો એક કબીલો છે જે એમના પૂર્વજના નામે મશહૂર છે અને તે પૂર્વજ સબા બિન નશીજબ બિન યઅરબ બિન કહતાન છે.

૧૩૭. જે યમનના વિસ્તારમાં આવેલી હતી.

૧૩૮. અલ્લાહ તઆલાના એક હોવા અને તેની કુદરત પ્રત્યે નિર્દેશ કરનારી. અને તે નિશાની શું હતી તેનું બયાન આગળ થાય છે.

૧૩૯. અર્થાત તેમના મેદાનની જમણી ડાબી બાજુ દૂર દૂર સુધી ચાલ્યા ગયા હતા અને તેમને કહેવામાં આવ્યું હતું કે.....

૧૪૦. બગીચાઓમાં ફળોની એટલી વિપુલતા હતી કે માથા પર ટોપલો લઇને જો કોઇ ત્યાંથી પસાર થાય તો હાથ લગાડયા વગર તેનો ટોપલો જાત જાતનાં ફળોથી ભરાય જતો.

૧૪૧. અર્થાત એ નેઅમત બદલ તેના હુકમ માથે ચઢાવો.

૧૪૨. ચોખ્ખી આબોહવા સ્વચ્છ જમીન ન તેમાં મચ્છર ન માખી ન માંકડ ન સાંપ વિંછી, પવનની સ્વચ્છતા એટલી બધી કે ક્યાંક બીજા દેશનો માણસ ત્યાંથી પસાર થઇ જાય અન તેના કપડાંઓમાં જૂઓ હોય તો તે બધી મરી જાય. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે ''સબા'' શહેર ''સુનઆ'' થી ત્રણ ફરસંગના અંતરે હતું.

૧૪૩. અર્થાત જો તમે રબની રોજી પર શુકર કરો અને તેના હુકમ મુજબ ચાલો તો તે માફ કરનાર છે.

૧૪૪. તેનો શુકર માનવાથી, અને પૈગમ્બરોને જૂઠાડયા. વહબનું કથન છે કે; અલ્લાહ તઆલાએ તેમની તરફ ૧૩ નબીઓ મોકલ્યા જેમણે તેમને સત્યનાં નિમંત્રણો આપ્યાં અને અલ્લાહ તઆલાની નેઅ-મતો યાદ અપાવી અને તેના અઝાબથી ડરાવ્યા પરંતુ તેઓ ઇમાન લાવ્યા નહિ અને તેમણે નબીઓને જૂઠાડયા અને કહ્યું કે; અલ્લાહની કોઇ પણ નેઅમત અમારા પર હોય એવી અમને ખબર નથી તમે તમારા રબને કહી દો કે જો તેનાથી થઇ શકે તો તે એ નેઅમતોને થોભાવી દે.

૧૪૫. જળપ્રલય જેનાથી તેમના બગીચાઓ અને માલ અસ્બાબ બધું જ ડૂબી ગયું અને તેમનાં મકાનો રેતીમાં દટાઇ ગયાં અને એવી રીતે નાશ પામ્યા કે તેમનો વિનાશ અરબોમાં દ્રષ્ટાંત રૂપ બની ગયો.

૧૪૬. ઘણો બેસ્વાદ.

૧૪૭. વેરાન પ્રદેશોમાં જે રીતે ઉગી નીકળે છે તેવી. આવી ઝાડીઓ તેમજ ભયાનક જંગલોને જે તેમના બગીચાઓની જગ્યાએ ઉગી નીકળ્યાં હતાં તેમને આકૃતિ પુરતા બગીચાઓ કહેવામાં આવ્યા છે.

૧૪૮. અને તેમનો કુફ્ર...

૧૪૯. અર્થાત સબા શહેરમાં.

૧૫૦. કે ત્યાંના રહેવાસીઓને વિસ્તૃત નેઅમતો પાણી ઝાડો અને ઝરણાંઓ આપ્યાં. નિર્દેશ આનો સિરિયાના શહેરો પ્રતિ છે.

૧૫૧. નજીક નજીક જેથી સબાથી સિરિયાનો પ્રવાસ કરનારને સાથે ભાથું લઇ જવાની જરૂર પડતી નહિ.

فَقَالُوا رَبَّنَا بَاعِدْ بَيْنَ أَسْفَارِنَا وَظَلَمُوا أَنْفُسَهُمْ
فَجَعَلْنَاهُمْ أَحَادِيثَ وَمَزَّقْنَاهُمْ كُلَّ مُمَزَّقٍ إِنَّ فِي
ذَٰلِكَ لَآيَاتٍ لِكُلِّ صَبَّارٍ شَكُورٍ ﴿١٩﴾ وَلَقَدْ صَدَّقَ
عَلَيْهِمْ إِبْلِيسُ ظَنَّهُ فَاتَّبَعُوهُ إِلَّا فَرِيقًا مِنَ الْمُؤْمِنِينَ ﴿٢٠﴾
وَمَا كَانَ لَهُ عَلَيْهِمْ مِنْ سُلْطَانٍ إِلَّا لِنَعْلَمَ مَنْ يُؤْمِنُ
بِالْآخِرَةِ مِمَّنْ هُوَ مِنْهَا فِي شَكٍّ وَرَبُّكَ عَلَىٰ كُلِّ شَيْءٍ
حَفِيظٌ ﴿٢١﴾ قُلِ ادْعُوا الَّذِينَ زَعَمْتُمْ مِنْ دُونِ اللَّهِ
لَا يَمْلِكُونَ مِثْقَالَ ذَرَّةٍ فِي السَّمَاوَاتِ وَلَا فِي
الْأَرْضِ وَمَا لَهُمْ فِيهِمَا مِنْ شِرْكٍ وَمَا لَهُ مِنْهُمْ مِنْ
ظَهِيرٍ ﴿٢٢﴾ وَلَا تَنْفَعُ الشَّفَاعَةُ عِنْدَهُ إِلَّا لِمَنْ أَذِنَ
لَهُ حَتَّىٰ إِذَا فُزِّعَ عَنْ قُلُوبِهِمْ قَالُوا مَاذَا قَالَ

**તો બોલ્યા અય અમારા પરવરદિગાર ! અમારા પ્રવાસમાં અંતર કરી આપ[૧૫૪]' અને તેમણે પોતે પોતાનું જ નુકશાન કર્યું તો અમે તેમને વાર્તાઓ કરી દીધા[૧૫૫] અને તેમને પુરે પુરી પરેશાનીની સાથે વિખેરી નાખ્યા[૧૫૬] બેશક ! એમાં દરેક મહાન સબરવાળા અને મોટાં શુકરવાળા માટે નિશાનીઓ છે[૧૫૭] (૧૯) અને બેશક ! ઇબ્લીસે તેમને પોતાની ધારણા સાચી કરી દેખાડી[૧૫૮] તો તેઓ તેની પાછળ ચાલી નીકળ્યા પણ એક જુથ જે મુસલમાન હતું[૧૫૯] (૨૦) અને શયતાનનો તેમના[૧૬૦] પર કશો કાબૂ હતો નહિ પરંતુ એટલા ખાતર જ કે અમે દેખાડી આપીએ કે કોણ આખેરત પર ઇમાન લાવે છે અને કોણ એના વિશે શંકામાં છે. અને તમારો રબ દરેક વસ્તુ પર નજર રાખનાર છે (૨૧) તમે ફરમાવો ;[૧૬૧] 'તેમને બુમો પાડો જેમને તમે અલ્લાહ સિવાય[૧૬૨] સમજી બેઠા છો[૧૬૩] તેઓ માલિક નથી જરા જેટલી રજકણના પણ આસ્માનોમાં અને ન તો જમીનમાં અને ન તો એમનો એ બન્નેમાં કશો ભાગ (છે) અને ન તો એમનામાંથી કોઇ અલ્લાહનું સહાયક છે (૨૨) અને તેની પાસે જેને તે હુકમ આપે (તેની શફાઅત સિવાય) અન્ય કોઇની શફાઅત કામ આપતી નથી. એટલે સુધી કે જ્યારે હુકમ આપીને તેમના**

૧૫૨. કે પ્રવાસી સવારે એક જગ્યાએથી ચાલે તો બપોરે બીજા શહેરમાં લાધી જતો જ્યાં જરૂરિયાત ની બધી ચીજ વસ્તુઓ તેને મળી આવતી અને બપોરે ત્યાંથી ચાલતો તો સાંજે બીજા શહેરમાં પહોંચી જતો. યમનથી સિરિયા સુધીનો પ્રવાસ આવી રાહત અને આરામથી ખેડાતો. અને તેમને કહ્યું કે.....

૧૫૩. ન રાતોમાં કોઇ ખચકાટ ન દિવસોમાં કોઇ તકલીફ, ન દુશ્મનનો અંદેશો ન ભૂખ પ્યાસનો ગમ, માલદારોમાં હસદ પેદા થયો કે અમારા તથા ગરીબોમાં કોઇ ફરક જ નથી રહયો! નજીક નજીકની મંઝિલો છે, લોકો ટહેલતા ફરતા ધીમે ધીમે ચાલ્યા આવે છે, થોડીવાર પછી બીજી આબાદી આવી જાય છે ત્યાં આરામ કરે છે, ન સફરમાં થાક છે ન તકલીફ, જો મંઝિલો દૂર હોત, સફરની મુદ્દત લાંબી હોત, માર્ગમાં પાણી ન મળત, જંગલો તથા બયાબાનમાંથી પસાર થવાનુ થાત તો અમે ભાથુ સાથે લેત, પાણીની વ્યવસ્થા કરત, સવારીઓ અને ખાદિમો સાથે રાખત, સફરની મજા પડત અને અમીર તથા ગરીબનો ફરક જાહેર થાત, એવો ખયાલ કરીને તેમણે કહ્યું...

૧૫૪. અર્થાત અમારી અને સિરિયાની વચમાં જગંલો અને મેદાનો કરી આપ કે જેથી ભાથા અને સવારી વગર પ્રવાસ કરી શકાય નહિ.

૧૫૫. પાછલાઓ માટે કે તેમના હેવાલથી બોધ ગ્રહણ કરે.

૧૫૬. દરેક કબીલો વેર વિખેર થઇ ગયો, વસ્તીઓ ડૂબી ગઇ અને લોકો સરસામાન વિહોણા થઇને જુદા જુદા દેશોમાં ચાલ્યા ગયા. ગસ્સાન કબીલો સિરિયામાં અઝલ કબીલો ઓમાનમાં અને ખઝાઆ કબીલો તહામામાં અને આલે ખઝીમા ઇરાકમાં અને ઔસ તેમજ ખઝરજના પૂર્વજ મદીનામાં જઇને વસ્યા.

દિલોનો ગભરાટ દૂર કરી દેવામાં આવે છે (ત્યારે તેઓ) એકબીજાને[૧૬૪] કહે છે; 'તમારા પરવરદિગારે કેવી (સારી) વાત ફરમાવી' તેઓ કહે છે; 'જે ફરમાવ્યું તે સત્ય ફરમાવ્યું[૧૬૫] અને તે જ છે બુલંદ મોટાઇવાળો (૨૩) તમે કહો; 'કોણ છે જે તમને આકાશો અને પૃથ્વીમાંથી રોજી આપે છે[૧૬૬]?' તમે પોતે જ કહો; 'અલ્લાહ[૧૬૭] અને બેશક ! અમે અથવા તમે[૧૬૮] યા તો અવશ્ય હિદાયત પર છીએ યા ખુલ્લી ગુમરાહીમાં[૧૬૯] (૨૪) તમે ફરમાવો; 'જો તમારા ખ્યાલ મુજબ અમે કોઇ ગુન્હો કર્યો તો એની પૃચ્છા તમને નહિ થાય અને ન તો તમારાં કરતૂતોનો સવાલ અમને પૂછાશે'[૧૭૦] (૨૫) તમે ફરમાવો; આપણો રબ આપણને બધાને એકત્ર કરશે[૧૭૧] પછી આપણી વચ્ચે સાચો ફેંસલો કરી દેશે[૧૭૨] અને તે જ છે મહાન ન્યાયી ચુકાદો આપનાર, બધું જ જાણનાર (૨૬) તમે ફરમાવો; મને દેખાડો તો તે શરીક જે તમે તેની સાથે ભેળવી દીધા છે.[૧૭૩] છટ ! બલ્કે તે જ છે અલ્લાહ ઇજ્જતવાળો હિકમતવાળો (૨૭) અને અય મહબૂબ ! અમે તમને એવી રિસાલત સાથે મોકલ્યા છે જે બધા જ માનવીઓને ઘેરી લેનારી છે[૧૭૪] ખુશખબરી આપતા[૧૭૫] અને ડર સંભળાવતા,[૧૭૬] પણ ઘણા લોકો જાણતા નથી[૧૭૭] (૨૮) અને કહે છે; 'જો તમે સાચા હોવ તો એ વાયદો

سبا ٣٤ ومن يقنت ٢٢

رَبُّكُمْ قَالُوا الْحَقَّ وَهُوَ الْعَلِيُّ الْكَبِيرُ ﴿٢٣﴾ قُلْ مَنْ
يَرْزُقُكُم مِّنَ السَّمَاوَاتِ وَالْأَرْضِ قُلِ اللَّهُ وَإِنَّا
أَوْ إِيَّاكُمْ لَعَلَىٰ هُدًى أَوْ فِي ضَلَالٍ مُّبِينٍ ﴿٢٤﴾ قُل لَّا
تُسْأَلُونَ عَمَّا أَجْرَمْنَا وَلَا نُسْأَلُ عَمَّا تَعْمَلُونَ ﴿٢٥﴾
قُلْ يَجْمَعُ بَيْنَنَا رَبُّنَا ثُمَّ يَفْتَحُ بَيْنَنَا بِالْحَقِّ
وَهُوَ الْفَتَّاحُ الْعَلِيمُ ﴿٢٦﴾ قُلْ أَرُونِيَ الَّذِينَ أَلْحَقْتُم
بِهِ شُرَكَاءَ كَلَّا بَلْ هُوَ اللَّهُ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٢٧﴾ وَمَا
أَرْسَلْنَاكَ إِلَّا كَافَّةً لِّلنَّاسِ بَشِيرًا وَنَذِيرًا
وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُونَ ﴿٢٨﴾ وَيَقُولُونَ مَتَىٰ
هَٰذَا الْوَعْدُ إِن كُنتُمْ صَادِقِينَ ﴿٢٩﴾ قُل لَّكُم مِّيعَادُ يَوْمٍ
لَّا تَسْتَأْخِرُونَ عَنْهُ سَاعَةً وَلَا تَسْتَقْدِمُونَ ﴿٣٠﴾

૧૫૭. અને સબર તેમજ શુકર મોઅમિનના ગુણો છે કે જ્યારે તે મુસીબતમાં સપડાય છે ત્યારે સબર કરે છે અને જ્યારે રાહત મેળવે છે ત્યારે શુકર કરે છે.

૧૫૮. અર્થાત ઇબ્લીસ જે ધારતો હતો કે બની આદમને તે લાલચ વાસના અને ક્રોધ વડે ભટકાવી દેશે, એ ધારણા તેણે યમનવાસીઓ માટે બલ્કે બધા જ કાફિરો માટે સાચી કરી દેખાડી કે તેઓ તેના તાબેદાર બની ગયા અને તેનું આજ્ઞા પાલન કરવા માંડયા. હસન રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે; શયતાને ન કોઇના પર તલવાર ખેંચી ન કોઇને કોરડાઓ માર્યા પણ જૂઠા વાયદાઓ અને ખોટી આશાઓ આપીને અસત્ય આચરનારાઓને ગુમરાહ કરી દીધા.

૧૫૯. તેમણે તેની તાબેદારી કરી નહિ.

૧૬૦. જેમના વિશે તેની ધારણા સાચી પડી.

૧૬૧. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! મક્કા મુકર્રમાના કાફિરોને.

૧૬૨. પોતાના મઅબૂદ.

૧૬૩. કે તેઓ તમારી મુસીબતો દૂર કરી દે. પણ એવું બની શકતું નથી કારણ કે કોઇ પણ ફાયદા કે નુકશાનમાં...

૧૬૪. ખુશખબર આપતા હોય એવી રીતે...

૧૬૫. અર્થાત શફાઅત કરનારાઓને ઇમાનદારોની શફાઅતની પરવાનગી આપી.

૧૬૬. અર્થાત આકાશમાંથી વરસાદ વરસાવીને અને જમીનમાંથી ખેતી ઉગાડીને.

**ક્યારે આવશે ?'[૧૭૮] (૨૯) તમે ફરમાવો; 'તમારા માટે એક એવા દિવસનો વાયદો (છે) જેનાથી તમે ન તો એક પળ પાછા હટી શકો ન તો આગળ વધી શકો,[૧૭૯]' (૩૦) અને કાફિર બોલ્યા; 'અમે કદાપી ઇમાન લાવીશું નહિ આ કુરઆન પર અને ન તે કિતાબો પર જે એનાથી આગળ હતી.[૧૮૦] અને કોઇ રીતે તુ જુએ જ્યારે જુલ્મીઓ પોતાના રબ સમક્ષ ઉભા રાખવામાં આવશે, તેમાં એકબીજા પર વાત નાખશે. તેઓ જે દબાએલા હતા[૧૮૧] તે જે ઊંચા ખેંચાતા હતા[૧૮૨] તેમને કહેશે; 'જો તમે ન હોત[૧૮૩] તો અમે જરૂર ઇમાન લઇ આવત' (૩૧) તેઓ જે ઊંચા ખેંચાતા હતા તેઓ દબાએલા હતા તેમને કહેશે; 'શું અમે તમને હિદાયતથી રોકી લીધા તે તમારી પાસે આવી ત્યાર પછી ? બલ્કે તમે પોતે જ ગુન્હેગાર હતા' (૩૨) અને જે દબાએલા હતા તે જે ઊંચા ખેંચાતા હતા તેમને કહેશે; 'બલ્કે રાત દિવસના દાવપેચ હતા[૧૮૪] જ્યારે કે તમે અમને હુકમ આપતા હતા કે (અમે) અલ્લાહનો ઇન્કાર કરીએ અને તેની સમોવડીઆ ઠેરવીએ અને મનમાં ને મનમાં પસ્તાવા લાગ્યા[૧૮૫] જ્યારે કે અઝાબ જોયો[૧૮૬] અને જેઓ નકારનાર હતા તેમની ગરદનોમાં અમે ફંદા નાંખ્યા.[૧૮૭] તેઓ શું બદલો પામવાના**

سبا ٣٤ ومن يقنت ٢٢

وَقَالَ الَّذِينَ كَفَرُوا لَن نُّؤْمِنَ بِهَٰذَا الْقُرْآنِ وَلَا
بِالَّذِي بَيْنَ يَدَيْهِ ۗ وَلَوْ تَرَىٰ إِذِ الظَّالِمُونَ مَوْقُوفُونَ
عِندَ رَبِّهِمْ يَرْجِعُ بَعْضُهُمْ إِلَىٰ بَعْضٍ الْقَوْلَ يَقُولُ
الَّذِينَ اسْتُضْعِفُوا لِلَّذِينَ اسْتَكْبَرُوا لَوْلَا أَنتُمْ
لَكُنَّا مُؤْمِنِينَ ﴿٣١﴾ قَالَ الَّذِينَ اسْتَكْبَرُوا لِلَّذِينَ
اسْتُضْعِفُوا أَنَحْنُ صَدَدْنَاكُمْ عَنِ الْهُدَىٰ بَعْدَ
إِذْ جَاءَكُم ۖ بَلْ كُنتُم مُّجْرِمِينَ ﴿٣٢﴾ وَقَالَ الَّذِينَ
اسْتُضْعِفُوا لِلَّذِينَ اسْتَكْبَرُوا بَلْ مَكْرُ اللَّيْلِ
وَالنَّهَارِ إِذْ تَأْمُرُونَنَا أَن نَّكْفُرَ بِاللَّهِ وَنَجْعَلَ لَهُ
أَندَادًا ۚ وَأَسَرُّوا النَّدَامَةَ لَمَّا رَأَوُا الْعَذَابَ ۚ وَجَعَلْنَا
الْأَغْلَالَ فِي أَعْنَاقِ الَّذِينَ كَفَرُوا ۚ هَلْ يُجْزَوْنَ إِلَّا

૧૬૭. કારણ કે આ સવાલનો એના સિવાય બીજો જવાબ છે જ નહિ.

૧૬૮. અર્થાત બન્ને પક્ષોમાંથી દરેક માટે આ બન્ને હાલતોમાંની એક હાલત અવશ્ય છે.

૧૬૯. અને એ ખુલ્લું છે કે જે માણસ માત્ર અલ્લાહ તઆલાને જ રોજી આપનાર, વરસાદ વરસાવનાર, લીલોતરી ઉગાડનાર સમજતો હોવા છતાં મૂર્તિઓને પૂજે જે જરા જેટલી વસ્તુની પણ માલિક નથી (જેવું કે ઉપરની આયતમાં વર્ણવવામાં આવ્યું છે) તે ચોક્કસ ખુલ્લી ગુમરાહીમાં છે.

૧૭૦. બલ્કે દરેક માણસને તેના પોતાના અમલ વિષે પૂછાશે અને દરેકને પોતાના અમલનો બદલો મળશે.

૧૭૧. કયામતના દિવસે.

૧૭૨. તો હક્કવાળાઓને જન્નતમાં અને બાતિલવાળાઓને દોઝખમાં દાખલ કરશે.

૧૭૩. અર્થાત જે મૂર્તિઓને તમે ઇબાદતમાં ભાગીદાર બનાવેલી છે તે મને દેખાડો કે તેઓ કેવી લાયકાત ધરાવે છે ? શું તેઓ કશું સર્જન કરી શકે છે ? રોજી આપે છે ? અને જ્યારે આવું કશું નથી ત્યારે તેમને અલ્લાહની ભાગીદાર ઠેરવવી અને તેમની ઇબાદત કરવી એ કેટલી મહાન ભૂલ છે ? એનાથી છેટા રહો.

૧૭૪. આ આયતથી જણાયું કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની રિસાલત આમ છે બધા જ માણસો એના વર્તુળમાં છે ગોરા હોય કે કાળા, અરબી હોય કે અજમી, આગલા હોય કે પાછલા. બધાં માટે જ આપ રસૂલ છે અને બધા જ આપના ઉમ્મતી.

ما كانوا يعملون ﴿۳۳﴾ وما أرسلنا في قرية من نذير إلا
قال مترفوها إنا بما أرسلتم به كافرون ﴿۳۴﴾ وقالوا
نحن أكثر أموالا وأولادا وما نحن بمعذبين ﴿۳۵﴾
قل إن ربي يبسط الرزق لمن يشاء ويقدر
ولكن أكثر الناس لا يعلمون ﴿۳۶﴾ وما أموالكم ولا
أولادكم بالتي تقربكم عندنا زلفى إلا من
آمن وعمل صالحا فأولئك لهم جزاء الضعف
بما عملوا وهم في الغرفات آمنون ﴿۳۷﴾ والذين يسعون
في آياتنا معاجزين أولئك في العذاب محضرون ﴿۳۸﴾
قل إن ربي يبسط الرزق لمن يشاء من عباده
ويقدر له وما أنفقتم من شيء فهو يخلفه وهو خير

**હતા ? પણ એ જે કે જે કંઇ તેઓ કરતા હતા[૧૮૮] (૩૩) અને અમે જ્યારે કદી કોઇ શહેરમાં કોઇ ડર સંભળાવનાર મોકલ્યો (ત્યારે) ત્યાંના માલદારોએ એ જ કહ્યું કે; તમે જે લઇને મોકલવામાં આવ્યા છો અમે તેને નકારીએ છીએ[૧૮૯] (૩૪) અને બોલ્યા; અમે માલ (દોલત) અને ઔલાદમાં (તમારાથી) વધીને છીએ અને અમારા પર અઝાબ થવાનો નથી[૧૯૦] (૩૫) તમે કહો; બેશક ! મારો રબ જેના માટે ઇચ્છે તેના માટે રોજી વિસ્તૃત કરે છે અને તંગી કરે છે[૧૯૧] (જેના માટે ઇચ્છે). પરંતુ ઘણા લોકો જાણતા નથી (૩૬) અને નથી તમારો માલ (ધન) અને તમારી ઔલાદ એ લાયક કે તમને અમારી નિકટ પહોંચાડે પણ તેઓ જે ઇમાન લાવ્યા અને નેકી કરી[૧૯૨] તેમના માટે ડબલ તબલ બદલો (છે)[૧૯૩] તેમના અમલનું વળતર, અને તેઓ ઝરૂખાઓમાં ચેન અને શાંતિ સાથે છે[૧૯૪] (૩૭) અને તે જેઓ અમારી આયતોમાં હરાવવાના પ્રયત્નો કરે છે[૧૯૫] તેઓ અઝાબમાં લાવીને ઝોકવામાં આવશે[૧૯૬] (૩૮) તમે કહો; 'બેશક ! મારો રબ પોતાના બન્દાઓમાંથી જેના માટે ઇચ્છે તેના માટે રોજી વિશાળ કરે છે અને જેના માટે ઇચ્છે તેના માટે તંગી કરે છે[૧૯૭]. અને જે વસ્તુ તમે અલ્લાહના રસ્તામાં ખર્ચો તેના બદલે તે વધારે આપશે[૧૯૮]**

બુખારી અને મુસ્લિમની હદીષ છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; મને પાંચ વસ્તુઓ એવી આપવામાં આવી છે જે મારાથી પહેલાં કોઇ નબીને આપવામાં આવી નથી, એક મહીનાના અંતર સુધી મારો રોફ સ્થાપિત કરીને મારી મદદ કરવામાં આવી, બધી જ ધરતી મારા માટે મસ્જિદ બનાવી દેવામાં આવી કે મારા ઉમ્મતી માટે જ્યાં પણ નમાઝનો સમય થાય ત્યાં તે નમાઝ પઢી લે, અને મારા માટે ગનીમતો હલાલ કરવામાં આવી જે મારાથી પહેલાં કોઇના માટે હલાલ હતી નહિ, અને મને શફાઅતનો મરતબો આપવામાં આવ્યો. અને બીજા નબી ખાસ પોતાની કોમ માટે જ મોકલાતા હતા જ્યારે હું બધા જ માનવીઓ માટે મોકલાયો.

આ હદીષમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની અમુક વિશેષતાઓનું બયાન છે જેમાંની એક આપની ''આમ રિસાલત'' છે જે સમગ્ર માનવ અને જિન જાતિને સમાવી લે છે. ટૂંકમાં એ કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તમામ મખ્લૂક માટે રસૂલ છે અને આ પદવી ખાસ આપની જ છે જે કુરઆન કરીમની આયતો અને ઘણી હદીષોથી સાબિત છે. સૂરએ ફુરકાનની શરૂઆતમાં પણ એનું બયાન થએલું છે. (ખાઝિન).

૧૭૫. ઇમાનવાળાઓને અલ્લાહની કૃપાની.

૧૭૬. કાફિરોને તેના ન્યાયનો.

૧૭૭. અને પોતાની અજ્ઞાનતાના કારણે આપનો વિરોધ કરે છે.

૧૭૮. અર્થાત કયામતનો વાયદો.

૧૭૯. અર્થાત જો તમે મહેતલ માંગો તો મોડું થાય એ શક્ય નથી ઉતાવળ કરવાથી તે વહેલી આવે તે પણ સંભાવિત નથી. ગમે તેમ એ વાયદાને પોતાના સમય પર પુરા થવાનું છે.

૧૮૦. તવરાત અને ઇન્જીલ વિગેરે.

૧૮૧. અર્થાત તાબેદાર અને અનુયાયી હતા.

૧૮૨. અર્થાત પોતાના સરદારોને.

૧૮૩. અને અમને ઇમાન લાવવાથી અટકાવત નહિ...

૧૮૪. અર્થાત તમે રાત દિવસ અમારા માટે યુક્તિઓ ગોઠવતા હતા અને દરેક સમયે અમને શિર્ક કરવા પ્રેરિત કરતા હતા.

૧૮૫. ઉભય પક્ષો, તાબેદારો અને આગેવાનો બન્ને ઇમાન ન લાવવા બદલ.

૧૮૬. જહન્નમનો.

૧૮૭. બહેકાવનાર હોય કે તેમની વાતોમાં ફસાઇ જનાર હોય, બધા જ કાફિરોની એ જ સજા છે.

૧૮૮. દુનિયામાં કુફ્ર અને નાફરમાની.

૧૮૯. આમાં સરકારે દોઆલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આશ્વાસન આપવામાં આવ્યું છે કે આપ એ કાફિરોના જૂઠાડવા અને ઇન્કાર કરવાથી દુ:ખી થશો નહિ, નબીઓ સાથે કાફિરો એ મુજબ જ વર્તતા આવ્યા છે અને માલદાર લોકો એ રીતે જ પોતાના ધન અને ઔલાદના ઘમંડમાં નબીઓને જૂઠાડતા રહ્યા છે.

**શાને નુઝૂલ** :- બે માણસો ભાગીદારીમાં વેપાર કરતા હતા તેમાંથી એક (વેપાર અર્થે) સિરિયામાં ગયો અને એક મક્કા મુકર્રમામાં રહ્યો. જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જાહેર થવાની ખબર તેણે સિરિયામાં સાંભળી ત્યારે તેણે પોતાના ભાગીદારને પત્ર લખ્યો અને હુઝૂરની બધી વિગત તેની પાસે માંગી. પેલા ભાગીદારે જવાબમાં લખ્યું કે; મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે) નબુવ્વતનું એલાન તો કર્યું છે પણ અમુક હલકી કક્ષાના તુચ્છ અને ગરીબ લોકો સિવાય બીજું કોઇ આપનું અનુયાયી બન્યું નથી. જ્યારે આ પત્ર પેલાને મળ્યો ત્યારે તે પોતાના વેપાર ધંધાનું કામકાજ છોડીને મક્કા મુકર્રમા આવ્યો અને આવતાં જ કહ્યું કે; મને મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ક્યાં છે તે કહો, અને ખબર મેળવીને હુઝૂરની સેવામાં હાજર થયો અને પૂછયું કે; આપ દુનિયાને શેનું નિમંત્રણ આપો છો ? અને અમારી પાસેથી શું ઇચ્છો છો ? ફરમાવ્યું; મૂર્તિપૂજા ત્યજીને એક અલ્લાહની ઇબાદત કરવી અને ત્યાર પછી ઇસ્લામના હુકમો વર્ણવ્યા. આપની વાતો તેના હૃદયમાં ઉતરી ગઇ અને તે માણસ પાછલી કિતાબોનો આલિમ હતો, કહેવા લાગ્યો કે; હું ગવાહી આપુ છું કે આપ બેશક ! અલ્લાહ તઆલાના રસૂલ છો. હુઝૂરે પૂછ્યું; તેં એ કેવી રીતે જાણ્યું ? તેણે કહ્યું; જ્યારે પણ કોઇ નબી મોકલવામાં આવ્યા ત્યારે પ્રથમ હલકી કક્ષાના ગરીબ લોકો જ તેમના અનુયાયીઓ બન્યા, અલ્લાહનો આ તરીકો હમેશાં જ ચાલતો આવ્યો છે. તે બાબત આ આયત ઉતરી.

૧૯૦. અર્થાત જ્યારે દુનિયામાં અમે સુખી છીએ તો (સાબિત થયું કે) અમારાં કામો અને કર્મો અલ્લાહ તઆલાને ગમતાં હશે અને જો એવું જ હશે તો આખેરતમાં અઝાબ નહિ થાય. અલ્લાહ તઆલાએ તેમના એ ખોટા ખ્યાલને રદિયો આપ્યો કે આખેરતના સવાબને દુનિયાના જીવન પર ક્યાસ કરવું ગલત છે.

૧૯૧. અજમાયશ અને ઇમ્તેહાન ખાતર. તેથી દુનિયામાં માલદાર હોવું તે અલ્લાહ ખુશ હોવાની

الرزقين ﴿٣٩﴾ ويوم يحشرهم جميعا ثم يقول للملئكة
اهؤلاء اياكم كانوا يعبدون ﴿٤٠﴾ قالوا سبحنك انت
ولينا من دونهم بل كانوا يعبدون الجن اكثرهم
بهم مؤمنون ﴿٤١﴾ فاليوم لا يملك بعضكم لبعض
نفعا ولا ضرا ونقول للذين ظلموا ذوقوا عذاب
النار التي كنتم بها تكذبون ﴿٤٢﴾ واذا تتلى عليهم
ايتنا بينت قالوا ما هذا الا رجل يريد ان يصدكم
عما كان يعبد اباؤكم وقالوا ما هذا الا افك مفترى
وقال الذين كفروا للحق لما جاءهم ان هذا الا سحر
مبين ﴿٤٣﴾ وما اتينهم من كتب يدرسونها وما ارسلنا اليهم
قبلك من نذير ﴿٤٤﴾ وكذب الذين من قبلهم وما

**અને તે સર્વ શ્રેષ્ઠ રોજી આપનાર (છે)[૧૯૯] (૩૯) અને જે દિવસે એ તમામને ઉઠાડશે[૨૦૦] પછી ફરિશ્તાઓને કહેશે; 'શું આ લોકો તમને પૂજતા હતા[૨૦૧] ?' તેઓ વિનવશે; 'તને પવિત્રતા છે, તુ અમારો દોસ્ત છે નહિ કે તેઓ[૨૦૨]. બલ્કે તેઓ જિન્નાતને પૂજતા હતા[૨૦૩]. તેમાંના વધારે તેમના પર જ શ્રધ્ધા લાવ્યા હતા[૨૦૪]' (૪૧) તો આજે તમારામાં કોઇ (પણ) એકબીજાના સારા નરસાનો અધિકાર ધરાવશે નહિ[૨૦૫]. અને અમે જાલિમોને કહીશું; 'તે આગનો સ્વાદ ચાખો જેને તમે જૂઠાડતા હતા[૨૦૬]' (૪૨) અને જ્યારે તેમની સમક્ષ અમારી સ્પષ્ટ આયતો[૨૦૭] પઢવામાં આવે ત્યારે કહે છે[૨૦૮]; 'આ તો માત્ર એક પુરૂષ સિવાય બીજું કશું જ નથી જે તમને તમારા બાપ દાદાઓના મઅબૂદોથી[૨૦૯] રોકી લેવા ઇચ્છે છે' અને કહે છે[૨૧૦]; 'આ તો ઉપજાવી કાઢેલા આક્ષેપ સિવાય કશું નથી' અને કાફિરોએ હક વિષે[૨૧૧] જ્યારે તે તેમની પાસે આવ્યું ત્યારે કહ્યું; 'આ તો ચોખ્ખે ચોખ્ખું જાદુ સિવાય કશું ય નથી' (૪૩) અને અમે તેમને કશીએ કિતાબો આપી નથી કે જે પઢતા હોય અને ન તો તમારી પહેલાં તેમની પાસે કોઇ ડર સંભળાવનાર આવ્યો.[૨૧૨] (૪૪) અને તેમના આગલાઓએ[૨૧૩] (પણ) જૂઠાડયું અને અમે તેમને**

દલીલ નથી અને એ જ રીતે ગરીબી તેની નારાજીની દલીલ નથી. કદી ગુન્હાગારને ખૂબ આપે છે કદી ફરમાંબરદાર પર તંગી નાંખે છે. એ તેની હિકમત છે આખેરતના સવાબને એના પર ક્યાસ કરવો ખોટું અને અસ્થાને છે.

૧૯૨. અર્થાત નેક મોઅમિન સિવાય બીજા કોઇના માટે ધન દોલત (અલ્લાહની) નિકટતા પ્રાપ્ત કરવાનો સબબ નથી કારણ કે તે એને અલ્લાહના માર્ગમાં વાપરે છે એવી જ રીતે ઔલાદ પણ નેક અને મુઅમિન સિવાય કોઇના માટે (અલ્લાહની) નિકટતા પ્રાપ્ત કરવાનું સાધન નથી, કારણ કે તે એમને નેક ઇલ્મ શિખવાડી દીનની તાલીમ આપી નેક અને પરહેઝગાર બનાવે છે.

૧૯૩. એક નેકીના બદલે ૧૦ થી લઇને ૭૦૦ ઘણો વધારે બદલા સુધી અને એનાથી પણ વધારે જેટલું ખુદા ઇચ્છે.

૧૯૪. અર્થાત જન્નતના મજલાઓમાં.

૧૯૫. અર્થાત કુરઆન મજીદ બાબત કટાક્ષો કરે છે અને એવું અનુમાન કરે છે કે પોતાની આવી ખોટી ચાલબાજીઓ દ્વારા તેઓ લોકોને ઇમાન લાવવાથી રોકી લેશે અને તેમની એ ચાલબાજી ઇસ્લામ સ્હામે સફળ થશે અને તેઓ અમારા અઝાબથી બચી જશે કારણ કે તેમનો એતેકાદ એ છે કે મર્યા પછી જીવતું થવાનું જ નથી તો પછી સવાબને અઝાબ કેવો ?

૧૯૬. અને તેમની મક્કારીઓ તેમને કશી કામ નહિ લાગે.

૧૯૭. પોતાના રહસ્ય અનુસાર.

જે આપ્યું હતું તેના દસમાએ પણ આ લોકો તો લાધ્યા નથી[૨૧૪] પછી તેમણે મારા રસૂલોને જૂઠાડયા તો મારૂં નકારવું કેવું થયું ?'[૨૧૫] (૪૫) તમે ફરમાવો; 'હું તમને એક શિખામણ આપું છું[૨૧૬], કે અલ્લાહ માટે ઉભા રહો[૨૧૭] બે બે[૨૧૮] અને એક એક[૨૧૯] પછી વિચારો[૨૨૦] કે તમારા આ સાથીમાં ગાંડપણાની કોઇ વાત નથી એ તો માત્ર તમને ડર સંભળાવનાર છે[૨૨૧] આગળ એક સખત અઝાબનો[૨૨૨] (૪૬) તમે ફરમાવો; 'મેં તમારી પાસે આ બદલ જો કંઇ વળતર માંગ્યું હોય તો તે તમને જ[૨૨૩], મારૂં વળતર તો અલ્લાહ પાસે જ છે અને તે દરેક વસ્તુ પર ગવાહ છે' (૪૭) તમે ફરમાવો; 'બેશક ! મારો રબ સત્ય દિલમાં નાખે છે[૨૨૪] બધા જ ગૈબોનો ખૂબ જાણનાર' (૪૮) તમે ફરમાવો; 'સત્ય આવ્યું[૨૨૫] અને અસત્ય ન આરંભ કરે ન પાછું ફરીને આવે[૨૨૬]' (૪૯) તમે ફરમાવો; 'જો હું ભટકી જાઉં તો મારા અનિષ્ટ માટે ભટકીશ[૨૨૭] અને જો મેં માર્ગ મેળવ્યો હશે તો તેના કારણે, જે મારો રબ મારી તરફ વહી મોકલે છે[૨૨૮] ? બેશક ! તે સાંભળનાર છે[૨૨૯] (૫૦) અને કોઇ રીતે તે જુએ[૨૩૦] જ્યારે તેઓ ગભરામણમાં નાખવામાં આવશે પછી બચીને નીકળી શકશે નહિ[૨૩૧] અને એક નિકટ સ્થાનેથી પકડી લેવામાં આવશે[૨૩૨] (૫૧)

سبا ٣٤ — ومن يقنت ٢٢

بَلَغُوْا مِعْشَارَ مَآ اٰتَيْنٰهُمْ فَكَذَّبُوْا رُسُلِيْ فَكَيْفَ
كَانَ نَكِيْرِ ﴿٤٥﴾ قُلْ اِنَّمَآ اَعِظُكُمْ بِوَاحِدَةٍ اَنْ تَقُوْمُوْا
لِلّٰهِ مَثْنٰى وَفُرَادٰى ثُمَّ تَتَفَكَّرُوْا مَا بِصَاحِبِكُمْ مِّنْ
جِنَّةٍ اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ لَّكُمْ بَيْنَ يَدَيْ عَذَابٍ
شَدِيْدٍ ﴿٤٦﴾ قُلْ مَا سَاَلْتُكُمْ مِّنْ اَجْرٍ فَهُوَ لَكُمْ اِنْ اَجْرِيَ
اِلَّا عَلَى اللّٰهِ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ ﴿٤٧﴾ قُلْ اِنَّ رَبِّيْ
يَقْذِفُ بِالْحَقِّ عَلَّامُ الْغُيُوْبِ ﴿٤٨﴾ قُلْ جَآءَ الْحَقُّ
وَمَا يُبْدِئُ الْبَاطِلُ وَمَا يُعِيْدُ ﴿٤٩﴾ قُلْ اِنْ ضَلَلْتُ
فَاِنَّمَآ اَضِلُّ عَلٰى نَفْسِيْ وَاِنِ اهْتَدَيْتُ فَبِمَا
يُوْحِيْٓ اِلَيَّ رَبِّيْ اِنَّهٗ سَمِيْعٌ قَرِيْبٌ ﴿٥٠﴾ وَلَوْ تَرٰٓى اِذْ
فَزِعُوْا فَلَا فَوْتَ وَاُخِذُوْا مِنْ مَّكَانٍ قَرِيْبٍ ﴿٥١﴾

૧૯૮. દુનિયામાં અને આખેરતમાં. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે; વાપરો તમારા માટે વાપરવામાં આવશે. બીજી હદીષ શરીફમાં છે કે ; સદકાથી માલ ઓછો થતો નથી. માફી આપવાથી ઇજ્જત વધે છે અને નરમાશથી મરતબાઓ ઊંચા થાય છે.

૧૯૯. કારણ કે તેના સિવાય જે કોઇપણ કોઇને આપે છે જેમ કે બાદશાહ લશ્કરને અથવા માલિક ગુલામને અથવા ઘરધણી પોતાના ઘરનાંઓને, તેઓ અલ્લાહની પેદા કરેલી અને તેની આપેલી રોજીમાંથી આપે છે. રોજી અને તેનાથી લાભ પ્રાપ્ત કરવાનાં સાધનોનો સર્જક અલ્લાહ સિવાય બીજું કોઇ નથી, તે જ વાસ્તવમાં ખરો રોજી આપનાર છે.

૨૦૦. અર્થાત એ મુશરિકોને.

૨૦૧. દુનિયામાં.

૨૦૨. અર્થાત અમારી એમની સાથે કોઇ મિત્રતા નથી તો પછી તેમના પૂજનથી અમે કેવી રીતે ખુશ થઇએ.

૨૦૩. અર્થાત શયતાનોને, કારણ કે તેમના કહેવા અનુસાર બિન ખુદાને પૂજતા હતા.

૨૦૪. અર્થાત શયતાનો પર.

૨૦૫. અને તે જૂઠા મઅબૂદો પોતાના પૂજકોને કશો લાભ આપી શકશે નહિ.

૨૦૬. દુનિયામાં.

૨૦૭. અર્થાત કુરઆનની આયતો સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના

મોઢેથી...

૨૦૮. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિશે.

૨૦૯. અર્થાત મૂર્તિઓથી.

૨૧૦. કુરઆન શરીફ વિષે.

૨૧૧. અર્થાત કુરઆન શરીફ વિશે.

૨૧૨. અર્થાત આપનાથી પહેલાં અરબના મુશરિકો પાસે કોઇ કિતાબ કે કોઇ રસૂલ આવ્યા નથી જેની સાથે પોતાના ધર્મને તેઓ ગાંઠી શકે, તેથી તેઓ જે અનુમાન કરે છે તેનો કોઇ આધાર તેમની પાસે નથી એ તો એમના નફસની ધોકાબાજી છે.

૨૧૩. અર્થાત આગલી ઉમ્મતોએ પણ કુરેશીઓની જેમ રસૂલો ને જૂઠાડયા.

૨૧૪. અર્થાત આગલાઓને જે ધન દોલત અને ઔલાદની વિપુલતા અને લાંબાં આયુષ્યો આપવામાં આવ્યાં હતાં કુરેશ પાસે તો તેનો દશમો ભાગ પણ નથી એમની આગળના લોકો તો તાકાત શક્તિ અને માલદારીમાં એમનાથી દશ ગણા વધીને હતા.

૨૧૫. અર્થાત તેમને અણગમતા રાખવા અને અઝાબ આપવો અને વિનાશ કરવો. એટલે કે આગલા જૂઠાડનારાઓએ જ્યારે મારા રસૂલોને જૂઠાડયા ત્યારે મેં મારા અઝાબથી તેમનો નાશ કર્યો અને તેમની તાકાત શક્તિ અને માલદારી કશું કામ લાગ્યું નહિ તો પછી આ લોકોની તો ગણત્રી જ શું છે ? એમણે ડરવું જોઇએ.

૨૧૬. જો તમે એ મુજબ ચાલશો તો તમારા પર સત્ય સ્પષ્ટ થઇ જશે અને તમે વસવસાઓ શંકાઓ અને ગુમરાહીની મુસીબતમાંથી છુટકારો પામશો અને તે શિખામણ આ છે કે...

૨૧૭. માત્ર સત્ય શોધવાના ઇરાદે પોતાની પક્ષપાત અને અદેખાઇથી પર રહીને

૨૧૮. જેથી પરસ્પર સલાહ મશ્વેરો કરી શકો અને દરેક બીજાને પોતાના ચિંતનનું પરિણામ કહી શકે અને બન્ને ન્યાયપૂર્વક મનન કરી શકે.

૨૧૯. જેથી જનસમુદાય અને ભીડના લીધે તબીયતને ગભરામણ થાય નહિ અને અદેખાઇ પક્ષપાત મુકાબલા શરમ વિગેરેથી પર રહી શકાય અને પોતાના દિલમાં ન્યાય કરવાની તક મળે.

૨૨૦. અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિશે મનન કરો કે કાફિરો આપના વિશે જે ગાંડપણની વાતો ફેલાવે છે તેમાં શું જરા પણ સત્યનો અંશ છે ખરો ? તમારા પોતાના અનુભવમાં તમને કુરેશમાં અથવા સમગ્ર માનવજાતિમાં કોઇ એક વ્યક્તિ પણ આવી તિવ્ર બુધ્ધિવાળી દેખાઇ છે ? શું આવો હોશિયાર અને સચોટ મંતવ્યો ધરાવનાર માણસ તમે જોયો છે ? આવો સાચો અને શુધ્ધ ચારિત્ર્યનો કોઇ ભાળ્યો છે ? જ્યારે તમારૂં અંતર ફેંસલો કરી આપે અને તમારૂં મન માની લે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો આ ગુણોમાં બીજો કોઇ સમકક્ષ નથી તો તમે ખાત્રીપૂર્વક માની લો કે...

૨૨૧. અલ્લાહ તઆલાના નબી.

૨૨૨. અને તે આખેરતનો અઝાબ છે.

૨૨૩. અર્થાત હું શિખામણ હિદાયત અને રિસાલતની તબ્લીગ બદલ કશો બદલો માંગતો નથી.

૨૨૪. પોતાના નબીઓના.

૨૨૫. અર્થાત કુરઆન અને ઇસ્લામ.

અને કહેશે; 'અમે તેના પર ઇમાન લાવ્યા[૨૩૩] અને હવે તેઓ એને આટલા અંતરેથી કેવી રીતે મેળવે[૨૩૪] ? (૫૨) કે પહેલાં[૨૩૫] તો એનાથી કુફ્ર કરી ચૂક્યા હતા અને જાણ્યા વગર વેગળા સ્થાનેથી[૨૩૬] ફેંકે છે[૨૩૭] (૫૩) અને આડ કરી દેવામાં આવી તેમની અને જેને તે ઇચ્છે છે[૨૩૮] તેની વચમાં જેવું કે તેમનાથી પહેલાંના જુથો સાથે કરાયું હતું[૨૩૯] બેશક ! તેઓ ધોકાબાજી આપનાર શંકામાં હતા[૨૪૦] (૫૪)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૪૧]**

બધી ખૂબીઓ અલ્લાહને જે આકાશો અને પૃથ્વીનો સર્જક ફરિશ્તાઓને રસૂલ બનાવનાર[૨૪૨] (છે) જેમની બે બે ત્રણ ત્રણ ચાર ચાર પાંખો છે. સર્જનમાં જે ઇચ્છે તે વધારે છે[૨૪૩]. બેશક ! અલ્લાહ દરેક વસ્તુ માટે શક્તિમાન છે (૧) અલ્લાહ લોકો માટે જે રેહમત ખુલ્લી મૂકે[૨૪૪] તેને કોઇ અટકાવી શકનાર નથી અને જે કંઇ અટકાવી લે તો તેની અટકાયત પછી તેને કોઇ છૂટું



وَّقَالُوْٓا اٰمَنَّا بِهٖ ۚ وَاَنّٰى لَهُمُ التَّنَاوُشُ مِنْ مَّكَانٍۭ
بَعِيْدٍ ۚ وَّقَدْ كَفَرُوْا بِهٖ مِنْ قَبْلُ ۚ وَيَقْذِفُوْنَ
بِالْغَيْبِ مِنْ مَّكَانٍۭ بَعِيْدٍ ﴿٥٣﴾ وَحِيْلَ بَيْنَهُمْ
وَبَيْنَ مَا يَشْتَهُوْنَ كَمَا فُعِلَ بِاَشْيَاعِهِمْ مِّنْ
قَبْلُ ۭ اِنَّهُمْ كَانُوْا فِيْ شَكٍّ مُّرِيْبٍ ﴿٥٤﴾

سُوْرَةُ فَاطِرٍ مَّكِّيَّةٌ وَّهِيَ خَمْسٌ وَّاَرْبَعُوْنَ اٰيَةً وَّخَمْسُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ جَاعِلِ
الْمَلٰٓئِكَةِ رُسُلًا اُولِيْٓ اَجْنِحَةٍ مَّثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ ۭ
يَزِيْدُ فِي الْخَلْقِ مَا يَشَاۗءُ ۭ اِنَّ اللّٰهَ عَلٰي كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ﴿١﴾ مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ

૨૨૬. અર્થાત શિર્કનો નાશ થયો. ન એનો આરંભ રહ્યો ન એનું નવજીવન. હેતુ એ છે કે તે નાશ પામ્યું.

૨૨૭. મક્કાના કાફિરો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહેતા હતા કે; (મુઆઝલ્લાહ) તમે ભટકી ગયા છો. અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને હુક્મ આપ્યો કે તમે કહી આપો; જો માની લેવામાં આવે કે હું ભટકી ગયો છું તો એનો વબાલ મારા શિરે જ છે.

૨૨૮. હિકમત અને બયાનની, કારણ કે માર્ગ મેળવવો તેની જ તવફીક અને હિદાયત પર અવલંબે છે. બધા જ નબીઓ મઅસૂમ હોય છે ગુન્હો તેમનાથી થઇ શકતો જ નથી અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તો નબીઓના સરદાર છે, લોકોને આપના પગલે ચાલવાના કારણે નેકીઓના માર્ગો મળે છે, આવા મહાન મરતબા છતાં આપને આદેશ આપવામાં આવ્યો કે ''ધારી લેવા પૂરતુ'' ભટકવાનું પોતાની માટે કહે જેથી લોકોને જાણ થાય કે ગુમરાહીનું ઉત્પત્તિસ્થાન માણસનો નફસ છે જ્યારે તેને છુટો મૂકવામાં આવે છે ત્યારે તેમાંથી ગુમરાહી જન્મે છે અને હિદાયત અલ્લાહ તઆલાની દેણ અને કૃપાથી મળે છે નફસ તેનું ઉત્પત્તિસ્થાન નથી.

૨૨૯. સાચા માર્ગે ચાલનારને અને ગુમરાહ થએલાને દરેકને જાણે છે. તેમના કાર્યોથી માહિતગાર છે કોઇ ગમે તેટલું છુપાવે કોઇની હાલત તેનાથી છુપાએલી રહી શકતી નથી.

અરબના એક મહા કવિ ઇમાન લઇ આવ્યા ત્યારે કાફિરોએ કહ્યું; 'શું તમે તમારા ધર્મથી ફરી બેઠા ? અને આટલા મહાન કવિ અને ભાષાના પ્રવિણ હોવા છતાં મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પર

ફاطر ٣٥ ومن يقنت ٢٢

لَهَا ۚ وَمَا يُمْسِكْ فَلَا مُرْسِلَ لَهُ مِنْ بَعْدِهِ ۚ وَهُوَ
الْعَزِيزُ الْحَكِيمُ ﴿٢﴾ يَا أَيُّهَا النَّاسُ اذْكُرُوا نِعْمَتَ اللَّهِ
عَلَيْكُمْ ۚ هَلْ مِنْ خَالِقٍ غَيْرُ اللَّهِ يَرْزُقُكُمْ مِنَ
السَّمَاءِ وَالْأَرْضِ ۚ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۖ فَأَنَّىٰ تُؤْفَكُونَ ﴿٣﴾
وَإِنْ يُكَذِّبُوكَ فَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِنْ قَبْلِكَ ۚ
وَإِلَى اللَّهِ تُرْجَعُ الْأُمُورُ ﴿٤﴾ يَا أَيُّهَا النَّاسُ إِنَّ وَعْدَ
اللَّهِ حَقٌّ ۖ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيَاةُ الدُّنْيَا ۖ وَلَا يَغُرَّنَّكُمْ
بِاللَّهِ الْغَرُورُ ﴿٥﴾ إِنَّ الشَّيْطَانَ لَكُمْ عَدُوٌّ فَاتَّخِذُوهُ
عَدُوًّا ۚ إِنَّمَا يَدْعُو حِزْبَهُ لِيَكُونُوا مِنْ أَصْحَابِ
السَّعِيرِ ﴿٦﴾ الَّذِينَ كَفَرُوا لَهُمْ عَذَابٌ شَدِيدٌ ۖ وَالَّذِينَ
آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَهُمْ مَغْفِرَةٌ وَأَجْرٌ كَبِيرٌ ﴿٧﴾

**કરનાર નથી. અને તે જ ઇજ્જત અને હિકમતવાળો (૨) અય લોકો ! પોતાની ઉપર અલ્લાહનો ઉપકાર યાદ કરો[૨૪૫]. શું અલ્લાહ સિવાય કોઇ બીજો પણ સર્જનહાર છે જે આકાશ અને પૃથ્વીમાંથી[૨૪૬] તમને રોજી આપે ? તેના સિવાય કોઇ મઅબૂદ નથી. તો તમે ક્યાં ઉંધા જાવ છો ?[૨૪૭] (૩) અને જો આ લોકો તમને જૂઠાડે[૨૪૮] તો બેશક ! તમારાથી પહેલાં કેટલાએ રસૂલો જૂઠાડાયા[૨૪૯]. અને બધાં જ કામો અલ્લાહ તરફ જ પાછાં જાય છે[૨૫૦] (૪) અય લોકો ! બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે[૨૫૧] તો દુનિયાનું જીવન[૨૫૨] તમને કદાપી ધોકાબાજી આપે નહિ અને કદાપી તમને પેલો મહાફરેબી[૨૫૩] અલ્લાહ ના હુક્મ બાબત ફરેબ આપે નહિ (૫) બેશક ! શયતાન તમારો શત્રુ છે તો તમે પણ તેને દુશ્મન સમજો[૨૫૪], તે તો પોતાના જુથને[૨૫૫] એટલા માટે જ બોલાવે છે કે દોઝખીઓમાં થાય[૨૫૬] (૬) કાફિરો માટે[૨૫૭] સખ્ત અઝાબ છે અને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં[૨૫૮] તેમના માટે માફી અને મહાન સવાબ છે (૭)**

ઇમાન લઇ આવ્યા ?' તેમણે કહ્યું; 'હા! તેઓનો મારા પર વિજય થયો. કુરઆન શરીફની ત્રણ આયતો મેં સાંભળી અને વિચાર્યું કે એનો કાફિયા (કાવ્ય પંક્તિના છેલ્લા શબ્દની આગળનો શબ્દ) મુજબ ત્રણ કાવ્ય પંક્તિઓ બનાવું; ખૂબ જેહમત ઉઠાવી પણ હું બનાવી શક્યો નહિ, એટલે હું સમજી ગયો કે આ કલામ બશરનું કલામ નથી' તે આયતો 'કુલ ઇન્ન રબ્બી યકઝિફુ બિલ હક્કિ' થી 'સમીઉન કરીબ' સુધીની છે.

૨૩૦. કાફિરોને મૃત્યુ અથવા કબરોમાંથી ઉઠવાના સમયે અથવા બદ્રના દિવસે.

૨૩૧. અને નાસવાની કે આશરો લેવાની કોઇ જગ્યા તેમને નહિ મળે.

૨૩૨. જ્યાં હશે ત્યાંથી કારણ કે ગમે ત્યાં હોય પણ અલ્લાહ તઆલાની પકડથી દૂર થઇ શકતા નથી. તે સમયે સત્ય ઓળખવા બેબાકળા બનશે.

૨૩૩. અર્થાત સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર.

૨૩૪. અર્થાત અમલ લાગુ પડવાના સ્થાનેથી (દુનિયાથી) દૂર થયા પછી હવે તવબહ અને ઇમાન કેવી રીતે મેળવી શકશે ?

૨૩૫. અર્થાત અઝાબ દેખતાં પહેલાં.

૨૩૬. અર્થાત જાણ્યા સમજ્યા વગર જ હાંકી મારે છે જેવું કે એમણે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની શાનમાં કહ્યું હતું કે; આપ તો શાયર છે, જાદુગર છે, જ્યોતિષી છે, અને તેમણે કદી હુઝૂરને શાયરી કે જાદુ કે જ્યોતિષીપણું કરતાં જોયા ન હતા.

૨૩૭. અર્થાત સત્ય અને વાસ્તવિક્તાથી વેગળે કે એમનાં એ ગપ્પાંઓને સત્ય અને વાસ્તવિક્તાની

افمن زين له سوء عمله فراه حسنا فان الله
يضل من يشاء ويهدي من يشاء فلا تذهب
نفسك عليهم حسرت ان الله عليم بما يصنعون ٨
والله الذي ارسل الريح فتثير سحابا فسقنه
الى بلد ميت فاحيينا به الارض بعد موتها
كذلك النشور ٩ من كان يريد العزة فلله العزة
جميعا اليه يصعد الكلم الطيب والعمل الصالح
يرفعه والذين يمكرون السيات لهم عذاب
شديد ومكر اولئك هو يبور ١٠ والله خلقكم من
تراب ثم من نطفة ثم جعلكم ازواجا وما تحمل
من انثى ولا تضع الا بعلمه وما يعمر من معمر

**તો શું તે જેની દ્રષ્ટિમાં તેનું કુકર્મ શણગારી દેવામાં આવ્યું કે તેણે એને સારૂં ગણ્યું (તે) હિદાયતવાળાની જેમ થઇ જશે[૨૫૯] ? એટલા માટે અલ્લાહ જેને ચાહે તેને ગુમરાહ કરે છે અને જેને ઇચ્છે તેને માર્ગ આપે છે. તો તમારા પ્રાણ એમના વિષે ખેદમાં જાય નહિ[૨૬૦] તેઓ જે કંઇ કરે છે તેને અલ્લાહ સારી રીતે જાણે છે (૮) અને અલ્લાહ છે જેણે પવન મોકલ્યા જે વાદળો ચઢાવી લાવે છે પછી અમે તેને કોઇ મૃત શહેર તરફ રવાના કરીએ છીએ[૨૬૧] તો એનાથી અમે ધરતીને તેના મૃત્યુ પછી[૨૬૨] સજીવન કરીએ છીએ. હશ્રમાં પણ આવી જ રીતે ઉઠવાનું છે[૨૬૩] (૯) જેને ઇચ્છા હોય ઇજ્જતની તો ઇજ્જત તો બધી અલ્લાહના હાથમાં છે[૨૬૪], સ્વચ્છ વાત તેની તરફ જ ચઢે છે[૨૬૫] અને તે જે નેક કામ છે તેને ઊંચકે છે[૨૬૬], અને જેઓ ખરાબ દાવ ચાલે છે તેમના માટે સખ્ત અઝાબ છે[૨૬૭] અને તેમની જ ચાલબાજી બરબાદ થશે[૨૬૮] (૧૦) અને અલ્લાહે તમને બનાવ્યા[૨૬૯] માટીથી પછી[૨૭૦] પાણીના ટીપાથી પછી તમને જોડાંઓ[૨૭૧] બનાવ્યા. અને કોઇ માદાને ગર્ભ રહેતો નથી અને ન તે જણે છે**

નિકટતા પણ નથી.

૨૩૮. અર્થાત તવબહ અને ઇમાનથી.

૨૩૯. કે તેમની તવબહ અને ઇમાન નિરાશાના (આવા) સમયે સ્વીકારવામાં આવ્યાં નહિ.

૨૪૦. ઇમાનને લગતી બાબતો વિષે.

૨૪૧. સૂરએ ફાતિર મક્કીય્યહ છે એમાં ૫ રૂકૂઅ ૪૫ આયતો ૯૧૭ શબ્દો અને ૩૧૩૦ અક્ષરો છે.

૨૪૨. પોતાના પૈગમ્બરો તરફ.

૨૪૩. ફરિશ્તાઓ અને તે સિવાયની મખ્લૂકમાં.

૨૪૪. જેમકે વરસાદ આરોગ્ય અને રોજી વિગેરે.

૨૪૫. તેણે તમારા માટે પૃથ્વીની પથારી પાથરી આકાશને વગર થાંભલે ઉભું રાખ્યું પોતાનો માર્ગ દેખાડવા અને સત્યનું આમંત્રણ આપવા પૈગમ્બરોને મોકલ્યા રોજીનાં બારણાઓ ખુલ્લાં મૂક્યાં.

૨૪૬. વરસાદ વરસાવીને અને તરેહવારની વનસ્પતિ ઉગાડીને...

૨૪૭. અને તે જ સર્જનહાર અને રોજી આપનાર છે એવું જાણવા છતાં ઇમાન અને તવહીદથી કેમ ફરી બેસો છો ? ત્યાર પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તસલ્લી આપવા ફરમાવે છે.....

૨૪૮. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને તમારી નબુવ્વત અને રિસાલતને માને નહિ અને તવહીદ, કયામતમાં ઉઠવાનું, હિસાબ અને અઝાબ વિગેરે બાબતોને નકારે.....

૨૪૯. તેમણે સબર કર્યો હતો તમે પણ સબર કરો. કાફિરોની વર્તણુંક પૈગમ્બરો સાથે પ્રથમથી જ

આવી ચાલતી આવી છે.

૨૫૦. તે જૂઠાડનારાઓને સજા કરશે અને રસૂલોની મદદ કરશે.

૨૫૧. કયામત જરૂર આવવાની છે, મૃત્યુ પછી અવશ્ય ઉઠવાનું છે, કર્મોનો હિસાબ ચોક્કસ થશે, દરેકને તેની કરણીનો બદલો બેલાશક મળશે.

૨૫૨. કે તેની લિજ્જતોમાં મગ્ન બનીને આખેરતને ભૂલી બેસો.

૨૫૩. અર્થાત શયતાન તમારા દિલોમાં ગુનાહોની લિજ્જત માણી લેવાનો વસવસો પેદા કરીને. અલ્લાહ તઆલા તો બેશક ! ધીરજવાન છે તે દરગુજર કરશે પરંતુ શયતાનની ચાલબાજીઓ એ છે કે આવી રીતે બન્દાઓને તવબહથી અને નેક કામોથી અટકાવે છે તેમજ ગુન્હાઓ અને હુક્મોના ઉલ્લંઘન પર ઉશ્કેરે છે તેના ફરેબથી હોશિયાર રહો.

૨૫૪. અને તેનું કહ્યું કરો નહિ, અલ્લાહ તઆલાની ફરમાંબરદારીમાં લાગેલા રહો.

૨૫૫. અર્થાત પોતાના અનુયાયીઓને કુફ્ર તરફ...

૨૫૬. હવે શયતાનના અનુયાયીઓ અને તેના વિરોધીઓનું વર્ણન વિગતવાર કરવામાં આવે છે.

૨૫૭. જેઓ શયતાનના ટોળામાં છે.

૨૫૮. અને શયતાનની ચાલબાજીમાં ફસાયા નહિ તેના માર્ગે ચાલ્યા નહિ.

૨૫૯. કદાપી નહિ. કુકર્મને સદકાર્ય સમજનાર માર્ગ પામેલાની જેવો તો શું થશે બલ્કે તે તો એવા ગુન્હેગારથી પણ હજાર ગણો બદતર છે જે પોતાના ખરાબ કામને ખરાબ જ સમજે છે તેમજ હકને હક અને બાતિલને બાતિલ ગણે છે.

**શાને નુઝૂલ** :- આ આયત અબૂ જહલ વિગેરે મક્કાના મુશરિકો વિષે ઉતરી જેઓ પોતાના શિર્ક કુફ્ર જેવાં ખરાબ કાર્યોને શયાતનના બહેકાવાના કારણે સારાં ગણતા હતા. અને એક કથન એવું છે કે આ આયત બિદઅત આચરનારાઓ અને મનેચ્છાઓને અનુસરનારાઓ વિષે ઉતરી જેમાં રાફઝીઓ, ખારજીઓ વિગેરેનો સમાવેશ થાય છે જેઓ પોતાની બદમઝહબીને સારી સમજે છે અને બધા જ બદમઝહબો એ ટોળામાં દાખલ છે. વહાબી હોય કે ગૈર મુકલ્લિદ હોય મિરઝાઇ હોય કે ચકળાલવી હોય, કબીરા ગુન્હાઓ કરનાર જે પોતાના ગુન્હાઓને ખરાબ ગણતો હોય અને હલાલ સમજતો ન હોય તે એમાં સામેલ નથી.

૨૬૦. કે અફસોસ તેઓ ઇમાન લાવ્યા નહિ અને સત્ય સ્વીકારવાથી વંચિત રહ્યા. હેતુ એ છે કે આપ તેમના કુફ્ર અને વિનાશની ચિંતા કરો નહિ.

૨૬૧.જેમાં વનસ્પતિ અને ખેતી નથી અને દુકાળથી ત્યાંની ધરતી નિર્જીવ બની ગઇ છે.

૨૬૨. અને તેને લીલીછમ કરી આપીએ છીએ. એનાથી અમારી કુદરત જાહેર થાય છે.

૨૬૩. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને એક સહાબીએ પૂછયું કે; અલ્લાહ તઆલા મડદાંઓને કેવી રીતે જીવતાં કરશે ? મખ્લૂકમાં એનું કોઇ દ્રષ્ટાંત હોય તો જણાવો, ફરમાવ્યું; શું તું કદી એવા જંગલમાંથી પસાર થયો છે જે દુકાળથી નિર્જીવ બની ગયું હોય અને ત્યાં ઘાસચારાનું નામનિશાન પણ રહ્યું ન હોય, ફરી પાછું કોઇ સમયે તે જ જંગલમાંથી પસાર થવાનું થયું હોય અને તેને લીલુંછમ લહેરાતું નિહાળ્યું હોય. પેલા સહાબીએ કહ્યું કે; બેશક ! એવું જોયું છે ! હુઝૂરે ફર્માવ્યું કે; એવી જ રીતે મડદાંઓને સજીવ કરવામાં આવશે, મખ્લૂકમાં આ એનું દ્રષ્ટાંત છે.

૨૬૪. ઇજ્જતનો માલિક દુનિયા અને આખેરતમાં તે જ છે. જેને ચાહે તેને ઇજ્જત આપે, તો જે ઇજ્જતનો

ومن يقنت ٢٢ فاطر ٣٥

وَلَا يُنْقَصُ مِنْ عُمُرِهٖٓ اِلَّا فِيْ كِتٰبٍ ۭ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ
يَسِيْرٌ ﴿١١﴾ وَمَا يَسْتَوِي الْبَحْرٰنِ ڰ هٰذَا عَذْبٌ فُرَاتٌ
سَاۗىِٕغٌ شَرَابُهٗ وَهٰذَا مِلْحٌ اُجَاجٌ ۭ وَمِنْ كُلٍّ تَاْكُلُوْنَ
لَحْمًا طَرِيًّا وَّتَسْتَخْرِجُوْنَ حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ وَتَرَى
الْفُلْكَ فِيْهِ مَوَاخِرَ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿١٢﴾ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي
الَّيْلِ ۙ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ڮ كُلٌّ يَّجْرِيْ لِاَجَلٍ مُّسَمًّى ۭ
ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ لَهُ الْمُلْكُ ۭ وَالَّذِيْنَ تَدْعُوْنَ مِنْ
دُوْنِهٖ مَا يَمْلِكُوْنَ مِنْ قِطْمِيْرٍ ﴿١٣﴾ اِنْ تَدْعُوْهُمْ لَا يَسْمَعُوْا
دُعَاۗءَكُمْ ۚ وَلَوْ سَمِعُوْا مَا اسْتَجَابُوْا لَكُمْ ۭ وَيَوْمَ الْقِيٰمَةِ
يَكْفُرُوْنَ بِشِرْكِكُمْ ۭ وَلَا يُنَبِّئُكَ مِثْلُ خَبِيْرٍ ﴿١٤﴾

**પણ તેની જાણકારીથી અને જે વયોવૃધ્ધને ઉંમર આપવામાં આવે અથવા જેની ઉંમર ઓછી રાખવામાં આવે એ બધું જ એક કિતાબમાં છે[૨૭૨] બેશક ! એ અલ્લાહને આસાન છે[૨૭૩] (૧૧) અને બન્ને સમુદ્રો એક સરખા નથી[૨૭૪]. આ મીઠો છે ખૂબ મીઠો સ્વાદિષ્ટ પાણી અને આ ખારો છે કડવો, અને દરેકમાંથી તમે તાજુ માંસ[૨૭૫] ખાઓ છો અને પહેરવાનું એક ઘરેણું[૨૭૬] કાઢો છો. અને વહાણોને તુ જુએ કે એમાં પાણી ચીરે છે[૨૭૭] જેથી તમે તેની કૃપા ઢુંઢો[૨૭૮] અને કોઇ રીતે હક્ક માનો[૨૭૯] (૧૨) દિવસના ભાગમાં[૨૮૦] રાત લાવે છે. અને રાતના ભાગમાં દિવસ[૨૮૧] લાવે છે અને તેણે સૂર્ય તેમજ ચંદ્રને કામે લગાડયા દરેક એક નિર્ધારિત સમય સુધી ચાલે છે.[૨૮૨] આ છે અલ્લાહ, તમારો રબ, એનું જ રાજ્ય છે. અને એના સિવાય જેમને તમે પૂજો છો[૨૮૩] (તેઓ) ખારેકના દાણાની અંદરના પડ (જેટલી વસ્તુ)ના પણ માલિક નથી (૧૩) તમે તેમને પોકારો તો તેઓ તમારો પોકાર સાંભળે નહિ[૨૮૪] અને જો (કાફિરોની) ધારણા મુજબ સાંભળી પણ લે તો તમારી હાજત પુરી કરી શકે નહિ[૨૮૫]. અને કયામતના દિવસે તેઓ તમારા શિર્કને નકારનાર હશે[૨૮૬] અને તને કોઇ કહેશે નહિ તે કહેનારની જેમ[૨૮૭] (૧૪)**

ઇચ્છુક હોય તે અલ્લાહ તઆલા પાસે ઇજ્જત માંગે. કારણ કે દરેક વસ્તુ તેના માલિક પાસે જ માંગવામાં આવે છે. હદીષમાં છે કે અલ્લાહ તઆલા દરરોજ ફરમાવે છે કે; જેને ઉભય જહાનની ઇજ્જતની ઇચ્છા હોય તે અલ્લાહની ફરમાંબરદારી કરે અને ઇજ્જત પ્રાપ્ત કરવાનો ઝરીઓ ઇમાન અને સારા અમલો છે.

૨૬૫. અર્થાત સ્વીકાર અને ખુશીના સ્થાને પહોંચે છે. અને સ્વચ્છ વાતનો અર્થ કલમએ તવહીદ, તસ્બીહ, હમ્દ, તકબીર વિગેરે છે જેવું કે હાકિમ અને બયહકીએ બયાન કર્યું છે. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કલિમે તય્યિબ ની તફસીર ઝિક્રથી કરી છે અને અમુક તફસીરકારોએ એનો અર્થ કુરઆન અને દુઆ પણ કહ્યો છે.

૨૬૬. નેક કામ એટલે તે અમલ અને ઇબાદત જે નિખાલસતાથી કરાયું હોય અને અર્થ એ છે કે કલેમએ તય્યિબહ અમલને બુલંદ કરે છે કારણ કે અમલ ઇમાન અને તવહીદ વગર સ્વીકાર્ય નથી અથવા એ અર્થ છે કે અમલે સાલેહને અલ્લાહ તઆલા કબૂલિયતની બુલંદી આપે છે, અથવા એ અર્થ છે કે નેક અમલ કરનારનો મરતબો ઊંચો કરે છે. તો જે ઇજ્જત ચાહતો હોય તેના માટે અનિવાર્ય છે કે નેક અમલ કરે.

૨૬૭. એ ચાલબાજી કરનારાઓ તે કુરેશી કાફિરો છે જેમણે દારૂન્નદવહમાં ભેગા થઇને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે કેદ કરવાનો અને મારી નાખવાનો અથવા દેશનિકાલ કરવાનો મશ્વેરો કર્યો હતો, જેનું વિગતવાર વર્ણન સૂરએ અન્ફાલમાં થઇ ગયું છે.

૨૬૮. અને તેઓ પોતાના દાવ અને ફરેબમાં સફળ થશે નહિ. જેમ કે એવું જ બન્યું. હુઝૂર સય્યિદે

ومن يقنت ٢٢ — فاطر ٣٥

يا أيها الناس أنتم الفقراء إلى الله والله هو الغني
الحميد ﴿١٥﴾ إن يشأ يذهبكم ويأت بخلق جديد ﴿١٦﴾
وما ذلك على الله بعزيز ﴿١٧﴾ ولا تزر وازرة وزر أخرى
وإن تدع مثقلة إلى حملها لا يحمل منه شيء ولو
كان ذا قربى إنما تنذر الذين يخشون ربهم بالغيب
وأقاموا الصلاة ومن تزكى فإنما يتزكى لنفسه
وإلى الله المصير ﴿١٨﴾ وما يستوي الأعمى والبصير ﴿١٩﴾
ولا الظلمات ولا النور ﴿٢٠﴾ ولا الظل ولا الحرور ﴿٢١﴾
وما يستوي الأحياء ولا الأموات إن الله يسمع
من يشاء وما أنت بمسمع من في القبور ﴿٢٢﴾ إن
أنت إلا نذير ﴿٢٣﴾ إنا أرسلناك بالحق بشيرا و

**અય લોકો ! તમે બધા અલ્લાહના મોહતાજ[૨૮૮] (છો) અને અલ્લાહ જ બેનિયાઝ છે બધી ખૂબીઓથી વખણાએલો (૧૫) તે ઇચ્છે તો તમને લઇ જાય[૨૮૯] અને નવી મખ્લૂક લઇ આવે[૨૯૦] અને અલ્લાહ માટે એ કંઇ કપરૂ નથી (૧૭) અને કોઇ ભાર ઉપાડનાર જીવ બીજાનો ભાર નહિ ઉપાડે[૨૯૧] અને જો કોઇ વજન ઉંચકનાર પોતાની સહાય માટે કોઇને બોલાવે તો (પણ) તેના વજનમાંથી કોઇ કશું ઊંચકી લેશે નહિ, ભલેને નજીકનું સગું હોય[૨૯૨]. અય મહ-બૂબ ! તમારૂં ડરાવવું તેમને જ લાભ આપે છે જેઓ વગર દેખ્યે પોતાના રબથી ડરે છે અને નમાઝ કાયમ રાખે છે અને જે સ્વચ્છ થયો[૨૯૩] તો તે પોતાના ભલા ખાતર જ સ્વચ્છ થયો[૨૯૪]. અને અલ્લાહ તરફ જ પાછું જવાનું છે (૧૮) અને આંધળો તેમજ દેખતો સરખા નથી[૨૯૫] (૧૯) અને ન અંધારાંઓ[૨૯૬] તેમજ અજવાળું[૨૯૭] (૨૦) અને છાંયડો[૨૯૮] તેમજ તિવ્ર તડકો[૨૯૯] (૨૧) (પણ એક સરખાં નથી) અને જીવતાં તેમજ મરેલાં[૩૦૦] (પણ) એક જેવાં નથી. બેશક ! જેને ઇચ્છે[૩૦૧] તેને અલ્લાહ સંભળાવે છે અને જેઓ કબરોમાં પડેલા છે[૩૦૨] (૨૨) તેમને તમે સંભળાવનાર નથી, તમે તો માત્ર ડર સંભળાવનાર જ છો[૩૦૩] (૨૩) અય મહબૂબ ! બેશક ! અમે તમને**

આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેમની શરારતોથી જળવાએલા રહ્યા અને તેમણે પોતાની ચાલબાજીઓની સજાઓ ભોગવી કે બદ્રમાં કતલ પણ કરાયા, કેદ પણ પકડાયા અને મક્કા મુકર્રમામાંથી કાઢી પણ મૂકાયા.

૨૬૯. અર્થાત તમારા મૂળ હઝરત આદમ અલયહિસ્સલામને.

૨૭૦. તેમના વંશને.

૨૭૧. પુરૂષ અને સ્ત્રી.

૨૭૨. અર્થાત લવહે મહફૂઝમાં. હઝરત કતાદાએ કહ્યું છે કે મુઅમ્મર (વયોવૃધ્ધ) તે છે જેની ઉંમર ૬૦ વરસ સુધી પહોંચી જાય અને ઓછી ઉંમરવાળો તે છે જે એનાથી પહેલાં મરી જાય.

૨૭૩. અર્થાત અમલ અને મૃત્યુને લખવું.

૨૭૪. બલ્કે બન્નેમાં ફેર છે.

૨૭૫. અર્થાત માછલી.

૨૭૬. મોતી અને મરજાન.

૨૭૭. સમુદ્રમાં ચાલતાં ચાલતાં અને એક જ પ્રકારના પવનમાં આવે છે અને જાય પણ છે.

૨૭૮. વેપારમાં નફો મેળવીને.

૨૭૯. અને અલ્લાહ તઆલાની નેઅમતોનો આભાર માનો.

૨૮૦. તો દિવસ લાંબો થઇ જાય છે.

૨૮૧. તો રાત લાંબી થઇ જાય છે એટલે સુધી કે વધનાર રાત્રિ દિવસ ૧૫ કલાકનાં થઇ જાય છે અને ઘટનાર ૯ કલાકનાં.

૨૮૨. અર્થાત કયામતના દિવસ સુધી કે જ્યારે કયામત આવી લાગશે ત્યારે એમનું પરિભ્રમણ અટકી જશે અને આ વ્યવસ્થા બાકી રહેશે નહિ.

૨૮૩. અર્થાત મૂર્તિઓ.

૨૮૪. કારણ કે નિર્જીવ વસ્તુ છે.

૨૮૫. કારણ કે જરાપણ શક્તિ કે કુદરત ધરાવતાં નથી.

૨૮૬. અને પોતાની અલિપ્તતાનું એલાન કરશે અને કહેશે કે; તમે અમને પૂજતા ન હતા.

૨૮૭. અર્થાત ઉભય જગતના હેવાલ અને મૂર્તિપૂજાના પરિણામની જેવી ખબર અલ્લાહ તઆલા આપે છે તેવી બીજો કોઇ આપી શકતો નથી.

૨૮૮. અર્થાત તેની કૃપા અને ઉપકારના હાજતમંદ છો અને સમગ્ર મખલૂક તેની મોહતાજ છે. હઝરત ઝુન્નૂને કહ્યું છે કે; મખ્લૂક પ્રત્યેક શ્વાસે અને દરેક પળે અલ્લાહ તઆલાની મોહતાજ છે. અને કેમ ન હોય ? કારણ કે એમનું અસ્તિત્વ અને જીવન બધું તેના જ હાથમાં છે.

૨૮૯. અર્થાત તમને નાબૂદ કરી દે કારણ કે તે બેનિયાઝ અને સ્વયં બેપરવાહ છે.

૨૯૦. તમારા સ્થાને જેઓ કહયાગરા અને આજ્ઞાંકિત હોય.

૨૯૧. અર્થ એ છે કે કયામતના દિવસે દરેક જીવ પર તેના પોતાના જ ગુનાહોનો ભાર હશે જે તેણે કર્યા હતા, બીજો કોઇ જીવ અન્યની કરણી બદલ પકડવામાં નહિ આવે, હા ! જેઓ ગુમરાહ કરનાર છે તેમના ગુમરાહ કરવાથી જે લોકો ગુમરાહ થયા તેમની બધી જ ગુમરાહીઓનો ભાર પણ પેલા ગુમરાહ કરનારઓના શિરે હશે, જેવું કે કુરઆન કરીમમાં ફર્માવાયું છે ''વલયહમિલુન્ન અસકાલહુમ વ અસ્કાલમ મઅ અસ્કાલિહિમ'' અને વાસ્તવમાં એ તેમની પોતાની કમાણી છે બીજાની નથી.

૨૯૨. બાપ અથવા માં અથવા પુત્ર અથવા ભાઇ કોઇ કોઇનું વજન ઉંચકશે નહિ. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; માં-બાપ પુત્રને વળગી પડશે અને કહેશે; અય અમારા દીકરા ! અમારા થોડા ગુન્હાઓ ઉપાડી લે. તે કહેશે; મારાથી શક્ય નથી. મારા પોતાનો જ ભાર શું ઓછો છે ?

૨૯૩. અને બદીઓથી બચ્યો અને નેક કામો કર્યાં.

૨૯૪. એ નેકીનો લાભ તે જ મેળવશે.

૨૯૫. અર્થાત જાહિલ અને આલિમ અથવા કાફિર અને મુઅમિન.

૨૯૬. અર્થાત કુફ્ર.

૨૯૭. અર્થાત ઇમાન.

૨૯૮. અર્થાત સત્ય અથવા જન્નત.

૨૯૯. અર્થાત અસત્ય અથવા દોઝખ.

૩૦૦. અર્થાત મુઅમિનો અને કાફિરો અથવા આલિમો અને જાહિલો.

૩૦૧. અર્થાત જેની હિદાયત તેને મંજૂર હોય તેને હક સ્વીકારવાની તોફીક આપે છે.

૩૦૨. આ આયતમાં કાફિરોને મડદાંઓ સાથે સરખાવવામાં આવ્યા છે જે રીતે મડદાંઓ સાંભળેલી

**સત્ય સાથે મોકલ્યા ખુશખબરી આપતા[૩૦૪] અને ડર સંભળાવતા[૩૦૫] અન જે કોઇ સમૂહ હતું તે બધામાં એક ડર સંભળાવનાર થઇ ગયો[૩૦૬] (૨૪) અને જો આ[૩૦૭] તમને જૂઠાડે તો એમના આગલાઓ પણ જૂઠાડી ચૂક્યા છે[૩૦૮] તેમની પાસે તેમના રસૂલો આવ્યા સ્પષ્ટ દલીલો[૩૦૯] અને સહીફાઓ અને ચળકતી કિતાબ[૩૧૦] લઇને (૨૫) પછી મેં કાફિરોને પકડયા[૩૧૧] તો મારો ઇન્કાર કેવો રહ્યો ?[૩૧૨] (૨૬) શું તેં જોયું નહિ કે અલ્લાહે આકાશમાંથી પાણી ઉતાર્યું ?[૩૧૩] તો અમે તેનાથી રંગ બેરંગ[૩૧૪] નાં ફળો કાઢયાં અને પર્વતોમાં માર્ગો છે સફેદ અને લાલ રંગ રંગના અને અમુક કાળા ભુજંગ (૨૭) અને માનવીઓ અને જાનવરો અને ચોપગાંના રંગો એવી જ રીતે જુદા જુદા છે.[૩૧૫] અલ્લાહથી તેના બન્દાઓમાં તે જ ડરે છે જેઓ ઇલ્મવાળા છે[૩૧૬]. બેશક ! અલ્લાહ ઇજ્જતવાળો માફ કરનાર છે (૨૮) બેશક ! તેઓ જે અલ્લાહની કિતાબ પઢે છે અને નમાઝ કાયમ રાખે છે અને અમારા આપેલામાંથી કંઇક અમારા રસ્તામાં વાપરે છે છુપી રીતે અને જાહેરમાં તેઓ એવા વેપારના આશાવાદી છે[૩૧૭] જેમાં કદાપી ખોટ નથી જેથી તેમના સવાબ તેમને**



نَذِيْرًا وَاِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ ﴿٢٤﴾ وَاِنْ
يُّكَذِّبُوْكَ فَقَدْ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ جَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ وَبِالزُّبُرِ وَبِالْكِتٰبِ الْمُنِيْرِ ﴿٢٥﴾ ثُمَّ
اَخَذْتُ الَّذِيْنَ كَفَرُوْا فَكَيْفَ كَانَ نَكِيْرِ ﴿٢٦﴾ اَلَمْ تَرَ
اَنَّ اللّٰهَ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَخْرَجْنَا بِهٖ ثَمَرٰتٍ
مُّخْتَلِفًا اَلْوَانُهَا وَمِنَ الْجِبَالِ جُدَدٌ بِيْضٌ وَّحُمْرٌ
مُّخْتَلِفٌ اَلْوَانُهَا وَغَرَابِيْبُ سُوْدٌ ﴿٢٧﴾ وَمِنَ النَّاسِ
وَالدَّوَآبِّ وَالْاَنْعَامِ مُخْتَلِفٌ اَلْوَانُهٗ كَذٰلِكَ اِنَّمَا
يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا اِنَّ اللّٰهَ عَزِيْزٌ غَفُوْرٌ ﴿٢٨﴾
اِنَّ الَّذِيْنَ يَتْلُوْنَ كِتٰبَ اللّٰهِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاَنْفَقُوْا
مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً يَّرْجُوْنَ تِجَارَةً لَّنْ تَبُوْرَ ﴿٢٩﴾

વાતથી લાભ ઉઠાવી શકતા નથી અને શિખામણ સ્વીકારી શકતા નથી, બદઅંજામ કાફિરોની હાલત પણ એવી જ છે કે તેઓ હિદાયત અને નસીહતથી લાભ ઉઠાવતા નથી. આ આયતથી મરેલાં સાંભળતા નથી એવી દલીલ કરવી ખરી નથી, કારણ કે આયતમાં કબરવાળાઓનો અર્થ કાફિરો છે, નહિ કે મડદાંઓ. અને સાંભળવાનો અર્થ એવું સાંભળવું છે જેનાથી લાભ મેળવી શકાય. રહ્યું મરેલાઓનું સાંભળવું તો તે ઘણી હદીષોથી સાબિત છે. આ મસ્અલાનું બયાન વીસમા પારાના બીજા રૂકૂઅમાં થઇ ગયું.

૩૦૩. તો જો સાંભળનાર આપના ડરાવવા પર કાન ધરે અને સ્વીકારના કાનો વડે સાંભળે તો લાભ મેળવે અનેજો હઠાગ્રહી નકારનારાઓ માંહેનો હોય અને આપની નસીહતથી લાભ મેળવે નહિ તો આપનું કશું નુકસાન નથી તે જ વંચિત છે.

૩૦૪. ઇમાનવાળાઓને જન્નતની.

૩૦૫. કાફિરોને અઝાબનો.

૩૦૬. તે નબી હોય કે દીનનો આલિમ જે નબી તરફથી લોકોને અલ્લાહનો ખોફ અપાવે.

૩૦૭. મક્કાના કાફિરો.

૩૦૮. પોતાના રસૂલોને. કાફિરોનો વર્તાવ પુરાણથી નબીઓ સાથે આવો જ રહ્યો છે.

૩૦૯. અર્થાત નબુવ્વત પ્રતિ નિર્દેશ કરનાર મુઅજિઝાઓ.

૩૧૦. તવરાત, ઇન્જિલ અને ઝબૂર.

૩૧૧. જાત જાતના અઝાબો વડે તેમના જૂઠાડવાના કારણે.

لِيُوَفِّيَهُمْ أُجُورَهُمْ وَيَزِيدَهُم مِّن فَضْلِهِ إِنَّهُ
غَفُورٌ شَكُورٌ ﴿٣٠﴾ وَالَّذِي أَوْحَيْنَا إِلَيْكَ مِنَ الْكِتَابِ
هُوَ الْحَقُّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ إِنَّ اللَّهَ
بِعِبَادِهِ لَخَبِيرٌ بَصِيرٌ ﴿٣١﴾ ثُمَّ أَوْرَثْنَا الْكِتَابَ الَّذِينَ
اصْطَفَيْنَا مِنْ عِبَادِنَا فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهِ وَمِنْهُم
مُّقْتَصِدٌ وَمِنْهُمْ سَابِقٌ بِالْخَيْرَاتِ بِإِذْنِ اللَّهِ
ذَٰلِكَ هُوَ الْفَضْلُ الْكَبِيرُ ﴿٣٢﴾ جَنَّاتُ عَدْنٍ يَدْخُلُونَهَا
يُحَلَّوْنَ فِيهَا مِنْ أَسَاوِرَ مِن ذَهَبٍ وَلُؤْلُؤًا
وَلِبَاسُهُمْ فِيهَا حَرِيرٌ ﴿٣٣﴾ وَقَالُوا الْحَمْدُ لِلَّهِ
الَّذِي أَذْهَبَ عَنَّا الْحَزَنَ إِنَّ رَبَّنَا لَغَفُورٌ
شَكُورٌ ﴿٣٤﴾ الَّذِي أَحَلَّنَا دَارَ الْمُقَامَةِ مِن فَضْلِهِ

**ભરપુર આપે અને પોતાની કૃપાથી ઓર વધારે આપે, બેશક ! તે માફ કરનાર કદર કરનાર છે (૩૦) અને તે કિતાબ જે અમે તમારી તરફ વહી (દ્વારા) મોકલી[૩૧૮] તે જ સત્ય છે પોતાનાથી આગલી કિતાબોની સત્યતાને ટેકો આપતી બેશક ! અલ્લાહ પોતાના બન્દાઓથી ખબરદાર જોનાર છે[૩૧૯] (૩૧) પછી અમે કિતાબના વારસદાર બનાવ્યા પોતાના ચૂંટેલા બન્દાઓને[૩૨૦] તો એમનામાંથી કોઇ જુલ્મ કરે છે પોતાના પ્રાણ પર અને એમનામાંથી કોઇ વચગાળાની ચાલ પર છે અને એમનામાં કોઇ તે છે જે અલ્લાહના હુકમથી ભલાઇઓમાં આગળ વધી ગયો[૩૨૧], આ મહાન કૃપા છે (૩૨) રહેવાના બગીચાઓમાં પ્રવેશશે, તેઓને[૩૨૨] એમાં સોનાનાં કંગન અને મોતી પહેરાવવામાં આવશે અને ત્યાં એમનો પોશાક રેશમી છે (૩૩) અને કહેશે; 'બધી ખૂબીઓ અલ્લાહને જેણે અમારી ચિંતા દૂર કરી[૩૨૩] બેશક ! અમારો રબ માફ કરનાર કદરદાન છે[૩૨૪] (૩૪) જેણે અમને આરામની જગ્યાએ ઉતાર્યા પોતાની કૃપાથી,**

૩૧૨. મારો અઝાબ.

૩૧૩. વરસાદ વરસાવ્યો.

૩૧૪. લીલાં, લાલ, પીળાં વિગેરે જાત જાતનાં દાડમ, સફરજન, ઇન્જીર, દ્રાક્ષ, ખજૂર વિગેરે અગણિત.

૩૧૫. જેવા કે પર્વતો અને ફળોમાં છે, અલ્લાહ તઆલાએ પોતાની નિશાનીઓ અને પોતાની કુદરતનાં ચિન્હો તેમજ કારીગીરીના નિર્દેશો જેનાથી તેની ઝાત અને ગુણો બાબત દલીલ કરી શકાય તે વર્ણવ્યાં ત્યાર પછી ફરમાવ્યું...

૩૧૬. અને તેના ગુણોને જાણે છે તેમજ તેની મહાનતાને ઓળખે છે જેટલું ઇલ્મ વધારે તેટલો ખોફ વધારે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; અર્થ એ છે કે મખ્લૂકમાં અલ્લાહ તઆલાનો ખૌફ તેને છે જે અલ્લાહ તઆલાના જલાલ, તેની ઇજ્જત અને શાનનું ભાન ધરાવે છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે; સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; અલ્લાહની કસમ ! હું અલ્લાહ તઆલાને સૌથી વધારે ઓળખનાર છું અને સહુથી વધારે તેનો ખોફ ધરાવનાર છું.

૩૧૭. અર્થાત સવાબના.

૩૧૮. અર્થાત કુરઆન મજીદ.

૩૧૯. અને તેમના અંતર બાહયનો જાણકાર છે.

૩૨૦. અર્થાત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમ્મતને આ કિતાબ આપી જેમને

**અમને એમાં ન કોઇ તકલીફ થાય ન તો અમને એમાં કોઇ થાક લાગુ થાય' (૩૫) અને જેમણે કુફ્ર કર્યું તેમના માટે જહન્નમની આગ છે ન તો તેમને મોત આવે કે (જેથી) મરી પરવારે[૩૨૫] અને ન તો તેમના પરથી એનો[૩૨૬] અઝાબ કંઇક હળવો કરાય. અમે પ્રત્યેક મહા અપકારીને આવી જ સજા આપીએ છીએ (૩૬) અને તેઓ એમાં બુમો પાડતા હશે[૩૨૭]; 'અય અમારા રબ ! અમને કાઢ[૩૨૮] કે (જેથી) અમે સારાં કામો કરીએ પહેલાં જે કરતા હતા[૩૨૯] તેનાથી ઉલ્ટાં' અને શું અમે તમને તે ઉંમર આપી ન હતી જેમાં જેને સમજવું હોત તે સમજી લેત ? અને ડર સંભળાવનાર[૩૩૦] (તો) તમારી પાસે પધાર્યો હતા[૩૩૧] તો હવે ચાખો[૩૩૨] કે જાલિમોનો કોઇ મદદગાર નથી (૩૭) બેશક ! અલ્લાહ આકાશો અને પૃથ્વીની દરેક છૂપી વાતને જાણનાર છે, બેશક ! તે દિલોની વાત જાણે છે (૩૮) તે જ છે જેણે તમને પૃથ્વીમાં આગલાઓની જગ્યાએ સ્થાપિત કર્યા[૩૩૩], તો જે કુફ્ર કરે[૩૩૪] તો તેનું કુફ્ર તેના પર જ પડશે[૩૩૫] અને કાફિરોને તેમનું કુફ્ર અલ્લાહને ત્યાં બેઝારી[૩૩૬] સિવાય કશું વધારી આપવાનું નથી. અને કાફિરોને તેમનું કુફ્ર નુકશાન જ[૩૩૭] વધારી આપશે (૩૯)**



لا يمسنا فيها نصب ولا يمسنا فيها لغوب ﴿٣٥﴾
والذين كفروا لهم نار جهنم لا يقضى عليهم
فيموتوا ولا يخفف عنهم من عذابها كذلك
نجزي كل كفور ﴿٣٦﴾ وهم يصطرخون فيها ربنا
أخرجنا نعمل صالحا غير الذي كنا نعمل أولم
نعمركم ما يتذكر فيه من تذكر وجاءكم النذير
فذوقوا فما للظالمين من نصير ﴿٣٧﴾ إن الله عالم
غيب السماوات والأرض إنه عليم بذات الصدور ﴿٣٨﴾
هو الذي جعلكم خلائف في الأرض فمن كفر
فعليه كفره ولا يزيد الكافرين كفرهم عند ربهم
إلا مقتا ولا يزيد الكافرين كفرهم إلا خسارا ﴿٣٩﴾

منزل ٥

બધી જ ઉમ્મતો પર શ્રેષ્ઠતા આપી અને રસૂલોના સરદાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ગુલામી અને ન્યાઝમંદીની ઇજ્જત અને બુઝુર્ગીથી પાવન કર્યા. આ ઉમ્મતના લોકો અલગ અલગ મરતબાઓ અને દરજ્જાઓ ધરાવે છે.

૩૨૧. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; આગળ વધી જનાર તે નિખાલસ મુઅમિન છે અને વચગાળાનો તે જેના અમલ રિયાથી ખાલી હોય અને જાલિમનો અર્થ અહીં એ છે કે જે અલ્લાહની નેઅમતનો ઇન્કાર તો કરતો ન હોય પણ શુકર ન કરતો હોય.

હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; અમારો આગળ વધી જનાર તો આગળ વધી જનાર જ છે અને વચગાળાનો નજાત પામનાર અને જાન પર જુલમ કરનાર માફ કરાએલો છે. એક બીજી હદીષમાં છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; નેકીઓમાં આગળ વધી જનારને જન્નતમાં વગર હિસાબે દાખલ કરવામાં આવશે અને વચગાળાવાળા પાસેથી સરળતાપૂર્વક હિસાબ લેવાશે અને જાલિમને હિસાબના સ્થાને રોકવામાં આવશે, તેને પરેશાનીનો સામનો કરવો પડશે પછી જન્નતમાં જશે.

ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ તઆલા અન્હાએ ફરમાવ્યું કે; આગળ વધી જનારા હુઝૂરના સમયના તે નિખાલસતાવાળા લોકો છે જેમના માટે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જન્નતની ખુશખબરી આપી અને વચગાળાના લોકો તે છે જે આપના તરીકા મુજબ ચાલતા રહ્યા અને પોતાના પ્રાણો પર જુલમ કરનાર આપણી જેવા લોકો છે. હઝરત ઉમ્મુલ મુઅમિનીન રદીયલ્લાહુ તઆલા

**તમે ફરમાવો ; 'દેખાડો તો જરા પોતાના તે શરીક[૩૩૮] જેમને અલ્લાહ સિવાય પૂજો છો. મને દેખાડો કે તેમણે પૃથ્વીનો ક્યો ભાગ બનાવ્યો ? અથવા આકાશોમાં તેમનો કંઇ ભાગ છે ?[૩૩૯] અથવા અમે તેમને કોઇ કિતાબ આપી છે કે તેઓ એની સ્પષ્ટ દલીલો પર હોય[૩૪૦] ? બલ્કે જુલ્મીઓ પરસ્પર એકબીજાને ફરેબ[૩૪૧] સિવાય કશાનો વાયદો આપતા નથી (૪૦) બેશક ! અલ્લાહે થંભાવી રાખ્યા છે આકાશો અને પૃથ્વીને કે તેઓ હાલક ડોલક થાય નહિ[૩૪૨] અને જો તેઓ ખસકી જાય તો તેમને કોણ થંભાવે અલ્લાહ સિવાય ? બેશક ! તે ઇલ્મવાળો માફ કરનાર છે (૪૧) અને તેમણે અલ્લાહની કસમ ખાધી પોતાની કસમોમાં અતિશય પ્રયત્ન કરીને કે ; જો એમની પાસે કોઇ ડર સંભળાવનાર આવશે તો તેઓ અવશ્ય ગમે તે કોઇ જુથ કરતાં વધારે માર્ગ પર હશે[૩૪૩]. પછી જ્યારે તેમની પાસે ડર સંભળાવનાર પધાર્યો[૩૪૪] તો એનાથી તેમનામાં નફરત[૩૪૫] કરવા સિવાય બીજું કશું વધ્યું નહિ (૪૨) પોતાની જાતને ધરતીમાં ઊંચે ચઢાવવી અને ખરાબ પ્રપંચ[૩૪૬] અને ખરાબ પ્રપંચ પોતાના રચનાર પર જ પડે છે[૩૪૭] તો શેની રાહ જુએ છે ? પણ એની જ**

ومن يقنت ٢٢ فاطر ٣٥

قُلْ أَرَءَيْتُمْ شُرَكَآءَكُمُ ٱلَّذِينَ تَدْعُونَ مِن دُونِ
ٱللَّهِ أَرُونِى مَاذَا خَلَقُوا۟ مِنَ ٱلْأَرْضِ أَمْ لَهُمْ شِرْكٌ
فِى ٱلسَّمَٰوَٰتِ أَمْ ءَاتَيْنَٰهُمْ كِتَٰبًا فَهُمْ عَلَىٰ بَيِّنَتٍ
مِّنْهُ ۚ بَلْ إِن يَعِدُ ٱلظَّٰلِمُونَ بَعْضُهُم بَعْضًا إِلَّا
غُرُورًا ﴿٤٠﴾ إِنَّ ٱللَّهَ يُمْسِكُ ٱلسَّمَٰوَٰتِ وَٱلْأَرْضَ
أَن تَزُولَا ۚ وَلَئِن زَالَتَآ إِنْ أَمْسَكَهُمَا مِنْ أَحَدٍ
مِّنۢ بَعْدِهِۦٓ ۚ إِنَّهُۥ كَانَ حَلِيمًا غَفُورًا ﴿٤١﴾ وَأَقْسَمُوا۟
بِٱللَّهِ جَهْدَ أَيْمَٰنِهِمْ لَئِن جَآءَهُمْ نَذِيرٌ لَّيَكُونُنَّ
أَهْدَىٰ مِنْ إِحْدَى ٱلْأُمَمِ ۖ فَلَمَّا جَآءَهُمْ نَذِيرٌ مَّا
زَادَهُمْ إِلَّا نُفُورًا ﴿٤٢﴾ ٱسْتِكْبَارًا فِى ٱلْأَرْضِ وَمَكْرَ
ٱلسَّيِّئِ ۚ وَلَا يَحِيقُ ٱلْمَكْرُ ٱلسَّيِّئُ إِلَّا بِأَهْلِهِۦ ۚ

અન્હાની આ કમાલ દરજ્જાની નરમાશ હતી કે પોતાને આ ત્રીજા વર્ગમાં ગણ્યા અલ્લાહ તઆલાએ આપને આટલો ઊંચો મરતબો બુલંદી અને ઇજ્જત આપી હોવા છતાં.

આ સિવાય પણ આની તફસીરમાં ઘણા કથનો છે જે તફસીરોમાં વિગતવાર વર્ણવાએલાં છે.

૩૨૨. ત્રણે જુથોને.

૩૨૩. એ ચિંતા એટલે યા તો દોઝખની ચિંતા અથવા મૃત્યુની ચિંતા અથવા ગુનાહોની અથવા ઇબાદતો અસ્વીકાર્ય થવાની અથવા કયામતની ભયાનકતાની મતલબ કે એમને કોઇ જાતની ચિંતા નહિ હોય અને તેઓ એ બદલ અલ્લાહના વખાણ બોલશે.

૩૨૪. કે ગુનાહો માફ કરે છે અને ઇબાદતો કબૂલ કરે છે.

૩૨૫. અને મરી પરવારીને અઝાબમાંથી મુક્ત થઇ જાય.

૩૨૬. અર્થાત જહન્નમનો.

૩૨૭. અર્થાત જહન્નમમાં રડારોડ કરતા હશે અને વિનંતીઓ કરતા હશે કે.....

૩૨૮. અર્થાત દોઝખમાંથી કાઢ અને દુનિયામાં મોકલ.

૩૨૯. અર્થાત અમે કુફ્રની જગ્યાએ ઇમાન લાવીએ અને ગુન્હાઓ તેમજ આજ્ઞા ઉલ્લંઘનના સ્થાને તારી ઇબાદત અને આજ્ઞા પાલન કરીએ. ત્યારે તેમને જવાબ આપવામાં આવશે કે.....

૩૩૦. અર્થાત રસૂલે અકરમ સય્યિદે આલમ મોહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૩૩૧. પણ તમે એ રસૂલે મોહતરમનું નિમંત્રણ સ્વીકાર્યું નહિ અને તેમના અનુયાયી બન્યા નહિ.

فَهَلْ يَنظُرُونَ إِلَّا سُنَّتَ الْأَوَّلِينَ ۚ فَلَن تَجِدَ لِسُنَّتِ
اللَّهِ تَبْدِيلًا ۖ وَلَن تَجِدَ لِسُنَّتِ اللَّهِ تَحْوِيلًا ﴿٤٣﴾ أَوَلَمْ
يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ
الَّذِينَ مِن قَبْلِهِمْ وَكَانُوا أَشَدَّ مِنْهُمْ قُوَّةً ۚ وَمَا
كَانَ اللَّهُ لِيُعْجِزَهُ مِن شَيْءٍ فِي السَّمَاوَاتِ وَلَا فِي
الْأَرْضِ ۚ إِنَّهُ كَانَ عَلِيمًا قَدِيرًا ﴿٤٤﴾ وَلَوْ يُؤَاخِذُ
اللَّهُ النَّاسَ بِمَا كَسَبُوا مَا تَرَكَ عَلَىٰ ظَهْرِهَا مِن دَابَّةٍ
وَلَٰكِن يُؤَخِّرُهُمْ إِلَىٰ أَجَلٍ مُّسَمًّى ۖ فَإِذَا جَاءَ أَجَلُهُمْ
فَإِنَّ اللَّهَ كَانَ بِعِبَادِهِ بَصِيرًا ﴿٤٥﴾

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

يس ﴿١﴾ وَالْقُرْآنِ الْحَكِيمِ ﴿٢﴾ إِنَّكَ لَمِنَ الْمُرْسَلِينَ ﴿٣﴾

**કે જે આગલાઓનો નિયમ હતો[૩૪૮], તો તમે કદાપી અલ્લાહના નિયમને બદલાતો નહિ જુઓ, અને કદાપી અલ્લાહના કાનૂનને ટળતો નહિ જુઓ (૪૩) અને શું તેમણે પ્રવાસ નથી કર્યો પૃથ્વીમાં કે એમના આગલાઓનું શું પરિણામ આવ્યું[૩૪૯] તે દેખત. અને તેઓ (આગલાઓ) એમનાથી જોરમાં સખત હતા[૩૫૦]. અને અલ્લાહ એવો નથી કે આકાશો અને પૃથ્વીમાં કોઇ વસ્તુ તેના કબ્જામાંથી છટકી જાય. બેશક ! તે ઇલ્મ અને કુદરતવાળો છે (૪૪) અને જો અલ્લાહ લોકોને તેમના કર્મો બદલ પકડત[૩૫૧] તો પૃથ્વીની પીઠ પર કોઇ ચાલનારને છોડત નહિ, પણ એક ચોક્કસ સમય[૩૫૨] સુધી તેમને ઢીલ આપે છે, પછી જ્યારે તેમનો સમય આવી લાગશે ત્યારે બેશક ! અલ્લાહના બધા જ બન્દાઓ તેની દ્રષ્ટિમાં છે[૩૫૩] (૪૫)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૫૪]**

**હિકમતવાળા કુરઆનની કસમ (૨) બેશક ! તમે[૩૫૫] (૩) સીધા માર્ગે મોકલવામાં આવ્યો છો[૩૫૬] (૪)**

૩૩૨. અઝાબનો સ્વાદ.

૩૩૩. અને તેમના માલ મિલ્કત અને અધિકૃત બનાવ્યા અને તેમના લાભો તમારા માટે મુબાહ કર્યા જેથી તમે ઇમાન અને ફરમાંબરદારી ધારણ કરીને શુકર બજાવી લાવો.

૩૩૪. અને આ નેઅમતો બદલ અલ્લાહનો શુકર કરે નહિ.

૩૩૫. અર્થાત પોતાના કુફ્રનું માઠું પરિણામ તેણે પોતે જ વેઠવું પડશે.

૩૩૬. અર્થાત અલ્લાહનો કોપ.

૩૩૭. આખેરતમાં.

૩૩૮. અર્થાત મૂર્તિઓ.

૩૩૯. કે જેથી આસ્માનોના સર્જનમાં તેમનો કંઇ હાથ હોય. (મને દેખાડો કે) ક્યા કારણસર તમે તેમને ઇબાદતને પાત્ર ઠેરવો છો ?

૩૪૦. એમાંની એક વાત પણ નથી.

૩૪૧. કે એમનામાં જે ભટકાવનાર છે તેઓ પોતાની પાછળ ચાલનારાઓને દગો આપે છે અને મૂર્તિઓ તરફથી તેમને જૂઠી આશાઓ આપે છે.

૩૪૨. નહિ તો આકાશો અને પૃથ્વી વચ્ચે શિર્ક જેવો ગુન્હો હોય છતાં તેઓ કેમ કરી સ્થિર રહી શકે ?

૩૪૩. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાની નબુવ્વતની જાહેરાત કરી ત્યાર પહેલાં કુરેશીઓએ યહૂદીઓ અને ખ્રિસ્તીઓને તેમના પોતાના રસૂલોને નહિ માનવા બદલ કહ્યું હતું કે; અલ્લાહ

عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝٤ تَنْزِيْلَ الْعَزِيْزِ الرَّحِيْمِ ۝٥
لِتُنْذِرَ قَوْمًا مَّآ اُنْذِرَ اٰبَآؤُهُمْ فَهُمْ غٰفِلُوْنَ ۝٦
لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰٓى اَكْثَرِهِمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ۝٧
اِنَّا جَعَلْنَا فِيْٓ اَعْنَاقِهِمْ اَغْلٰلًا فَهِيَ اِلَى الْاَذْقَانِ
فَهُمْ مُّقْمَحُوْنَ ۝٨ وَجَعَلْنَا مِنْۢ بَيْنِ اَيْدِيْهِمْ
سَدًّا وَّمِنْ خَلْفِهِمْ سَدًّا فَاَغْشَيْنٰهُمْ فَهُمْ
لَا يُبْصِرُوْنَ ۝٩ وَسَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ
تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ۝١٠ اِنَّمَا تُنْذِرُ مَنِ اتَّبَعَ الذِّكْرَ
وَخَشِيَ الرَّحْمٰنَ بِالْغَيْبِ فَبَشِّرْهُ بِمَغْفِرَةٍ وَّاَجْرٍ
كَرِيْمٍ ۝١١ اِنَّا نَحْنُ نُحْيِ الْمَوْتٰى وَنَكْتُبُ مَا قَدَّمُوْا
وَاٰثَارَهُمْ وَكُلَّ شَيْءٍ اَحْصَيْنٰهُ فِيْٓ اِمَامٍ مُّبِيْنٍ ۝١٢

**ઇજ્જતવાળા મહેરબાનનું ઉતારેલું (૫) જેથી તમે તે કોમને ડર સંભળાવો જેમના બાપ દાદાઓ (અઝાબથી) ડરાવવામાં આવ્યા નથી[૩૫૭] તેથી જ તેઓ અજ્ઞાન છે (૬) બેશક ! તેમનામાં વધુ પર વાત સાબિત થઇ ચૂકી છે[૩૫૮] તો તેઓ ઇમાન લાવશે નહિ[૩૫૯] (૭) અમે તેમની ગરદનોમાં ફંદા ભેરવી દીધા છે કે તે હડપચી સુધી છે તો તેઓ ઉપર મોઢું ઊંચકેલા રહી ગયા[૩૬૦] (૮) અને અમે તેમની સામે દીવાલ બનાવી દીધી અને તેમની પાછળ એક દીવાલ અને તેમને ઉપરથી ઢાંકી દીધા તો તેમને કશું દેખાતું નથી[૩૬૧] (૯) અને તેમના માટે બધું એક સરખું છે તમે તેમને ડરાવો કે ન ડરાવો, તેઓ ઇમાન લાવવાના નથી (૧૦) તમે તો તેમને જ ડરાવો છો[૩૬૨] જે નસીહત પર ચાલે અને રહમાનથી વગર દેખ્યે ડરે તો તેને બખ્શિશ અને ઇજ્જતના સવાબની બશારત આપો[૩૬૩] (૧૧) બેશક ! અમે મડદાંઓને જીવાડીશું અને જે તેમણે આગળ મોકલ્યું[૩૬૪] તે અમે લખી રહ્યા છીએ અને (તે પણ લખી રહ્યા છીએ) જે નિશાનીઓ (તેઓ) પાછળ છોડી ગયા[૩૬૫]. અને દરેક વસ્તુ અમે ગણી રાખી છે એક કહી આપનાર કિતાબમાં[૩૬૬] (૧૨)**

તઆલા એમના પર ફિટકાર કરે તેમની પાસે અલ્લાહ તઆલા તરફથી રસૂલ આવ્યા અને તેમણે તેમને જૂઠાડયા અને માન્યા નહિ, ખુદાની કસમ ! જો અમારી પાસે કોઇ રસૂલ આવે તો અમે તેમના કરતાં વધારે માર્ગ પર હોઇશું અને તે રસૂલને માનવામાં એમના સર્વોત્તમ જુથથી પણ આગળ નીકળી જઇશું.

૩૪૪. અર્થાત સય્યિદુલ મુરસલીન ખાતમુન્નબીય્યીન હબીબે ખુદા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પધાર્યા.

૩૪૫. સત્ય અને હિદાયતથી.

૩૪૬. ખરાબ પ્રપંચનો મતલબ યા તો શિર્ક અને કુફ્ર છે અથવા રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે ચાલબાજીઓ ચાલવી.

૩૪૭. અર્થાત પ્રપંચી પર. જેવા કે પ્રપંચી લોકો બદ્રમાં મરાઇ ગયા.

૩૪૮. કે તેમણે જૂઠાડયા અને તેમના પર કોપ ઉતર્યા.

૩૪૯. અર્થાત શું એમણે સિરિયા, ઇરાક અને યમનના પ્રવાસો દરમ્યાન અમ્બિયા અલયહિમુસ્સલામને જૂઠાડનારાઓની તબાહી બરબાદી અને તેમના પર ઉતરેલા અઝાબનાં ચિન્હો જોયાં નથી કે તેનાથી બોધ ગ્રહણ કરત ?

૩૫૦. અર્થાત તે તબાહ બરબાદ થએલી કોમો આ મક્કાવાળાઓ કરતાં તાકાત અને જોરમાં વધીને હતા તેમ છતાં તેમનાથી એટલું પણ બની શક્યું નહિ કે અઝાબમાંથી છટકી જઇ ક્યાંક આશરો લઇ શકે.

૩૫૧. અર્થાત તેમના ગુન્હાઓ બદલ.

૩૫૨. અર્થાત કયામતનો દિવસ.

૩૫૩. તેમને તેમના અમલોનો બદલો આપશે જેઓ અઝાબને પાત્ર હશે તેમને અઝાબ કરશે અને જેઓ રહેમ કરવા લાયક હશે તેમના પર કૃપા કરશે.

૩૫૪. સૂરએ યાસીન મક્કીય્યહ છે એમાં પાંચ રૂકૂઅ ૮૩ આયતો ૭૨૯ શબ્દો અને ૩૦૦૦ અક્ષરો છે.

તિરમિઝી શરીફની હદીષમાં છે દરેક વસ્તુનું દિલ હોય છે અને કુરઆનનું દિલ યાસીન છે અને જે એક વાર યાસીન પઢે છે અલ્લાહ તઆલા તેના માટે દસ વખત કુરઆન પઢવાનો સવાબ લખે છે. આ હદીષની અસ્નાદમાં એક રાવી મજહૂલ છે.

અબૂ દાવૂદની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; પોતાની મય્યતો પર યાસીન પઢો. એટલા માટે જ મરતો હોય તેવા માણસ પાસે યાસીન પઢવામાં આવે છે.

૩૫૫. અય સય્યિદે અમ્બિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૩૫૬. જે ધારેલા ઠેકાણે પહોંચાડનાર છે એ માર્ગ તવહીદ અને હિદાયતનો માર્ગ છે બધા જ નબીઓ એ જ માર્ગ પર હતા. આ આયતમાં કાફિરોનો રદિયો આપવામાં આવ્યો છે જેઓ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ''લસ્ત મુરસલા'' (તમે રસૂલ નથી) કહેતા હતા. ત્યાર પછી કુરઆને કરીમ વિષે કહ્યું.....

૩૫૭. અર્થાત તેમની પાસે કોઇ નબી આવ્યા નથી. અને કુરેશ કોમની એ જ હાલત હતી કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પહેલાં તેમનામાં કોઇ રસૂલ આવ્યા નથી.

૩૫૮. અર્થાત અલ્લાહનો હુક્મ અને રોઝે અઝલનો ફેંસલો તેમના અઝાબ વિષે થઇ ચૂક્યો છે અને અલ્લાહનું ફરમાન 'લઅમ્લઅન્ન જહન્નમ મિનલ જિન્નતિ વન્નાસિ અજમઇન'' (હું અવશ્ય જહન્નમને જિન્નાત અને માનવીઓથી ભરી દઇશ) તેમના માટે આલેખાઇ ચૂક્યું છે. અને તેમના માટે અઝાબ એટલા માટે ચોક્કસ થઇ ચૂક્યો છે કે તેઓ પોતાના અધિકારથી કુફ્ર અને ઇન્કાર પર અડેલા રહેવાના છે.

૩૫૯. ત્યાર પછી તેઓ કુફ્રમાં કેટલા બધા પાકા છે તેનું એક દ્રષ્ટાંત વર્ણવ્યું.....

૩૬૦. આ એક દ્રષ્ટાંત છે તેમના કુફ્રમાં એટલી હદે પાકા હોવાનું કે આયતો ડર નસીહત શિખામણ કોઇનાથી તેઓ લાભ મેળવી શકે એમ નથી જેમકે તે માણસ જેની બોચીમાં હડપચી સુધીનો પહોળો સખત ફંદો પડેલો હોય અને જેના કારણે તે માથું નમાવી શકતો ન હોય, આ જ હાલત તેમની છે કે કોઇ રીતે તેઓનું ધ્યાન સત્ય તરફ દોરાતું જ નથી અને તેની સમક્ષ માથું નમાવતા નથી. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે આ તો તેમની વાસ્તવિક હાલત(નું વર્ણન) છે, જહન્નમમાં તેઓને એવી રીતે જ અઝાબ આપવામાં આવશે જેવું કે બીજી આયતમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે ''ઇઝિલ અગલાલુ ફી ઉનુકિહિમ'' (જ્યારે તેમના ગળાઓમાં ફંદાઓ હશે)

**શાને નુઝૂલ** :- આ આયત અબૂ જહલ અને તેના મખઝુમ કબીલાના બે મિત્રો વિષે ઉતરી. અબૂ જહલે સોગંદ લીધા હતા કે જો તે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નમાઝ પઢતા જોશે તો પથ્થર વડે (તેમનું) માથું કચડી નાખશે. (પછી જ્યારે) તેણે હુઝૂરને નમાઝ પઢતા જોયા ત્યારે તે જ ખરાબ ઇરાદે એક ભારે પથરો હાથમાં પકડીને આવ્યો જ્યારે તેણે એ પથરો ઊંચો કર્યો ત્યારે તેના હાથ બોચામાં ભેરવાઇ ગયા અને પથરો હાથમાં ભરવાઇ ગયો. આવી હાલત થઇ એટલે પોતાના મિત્રોમાં પાછો ફર્યો અને તેમને હાલત કહી સંભળાવી, ત્યારે તેના મિત્ર વલીદ બિન મુગીરાએ કહ્યું કે; એ કામ હું કરીશ અને હું તેમનું માથું કચડી નાખીને જ આવીશ. પછી તે પથ્થર લઇને આવ્યો. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ હજુ નમાઝ પઢી રહ્યા હતા, જ્યારે તે નજીક ગયો તો અલ્લાહ તઆલાએ તેની દ્રષ્ટિ છીનવી લીધી. હુઝૂરનો અવાજ

ومن يقنت ٢٢ — يٰسٓ ٣٦

وَاضْرِبْ لَهُم مَّثَلًا أَصْحَابَ الْقَرْيَةِ إِذْ جَاءَهَا الْمُرْسَلُونَ ﴿١٣﴾
إِذْ أَرْسَلْنَا إِلَيْهِمُ اثْنَيْنِ فَكَذَّبُوهُمَا فَعَزَّزْنَا
بِثَالِثٍ فَقَالُوا إِنَّا إِلَيْكُم مُّرْسَلُونَ ﴿١٤﴾ قَالُوا مَا أَنتُمْ
إِلَّا بَشَرٌ مِّثْلُنَا وَمَا أَنزَلَ الرَّحْمَٰنُ مِن شَيْءٍ إِنْ
أَنتُمْ إِلَّا تَكْذِبُونَ ﴿١٥﴾ قَالُوا رَبُّنَا يَعْلَمُ إِنَّا إِلَيْكُمْ
لَمُرْسَلُونَ ﴿١٦﴾ وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ ﴿١٧﴾ قَالُوا
إِنَّا تَطَيَّرْنَا بِكُمْ لَئِن لَّمْ تَنتَهُوا لَنَرْجُمَنَّكُمْ
وَلَيَمَسَّنَّكُم مِّنَّا عَذَابٌ أَلِيمٌ ﴿١٨﴾ قَالُوا طَائِرُكُم مَّعَكُمْ
أَئِن ذُكِّرْتُم بَلْ أَنتُمْ قَوْمٌ مُّسْرِفُونَ ﴿١٩﴾ وَجَاءَ مِنْ
أَقْصَى الْمَدِينَةِ رَجُلٌ يَسْعَىٰ قَالَ يَا قَوْمِ اتَّبِعُوا الْمُرْسَلِينَ ﴿٢٠﴾
اتَّبِعُوا مَن لَّا يَسْأَلُكُمْ أَجْرًا وَهُم مُّهْتَدُونَ ﴿٢١﴾

**અને તેઓને તે શહેરવાળાઓની[૩૬૭] નિશાનીઓ કહી સંભળાવો જ્યારે તેમની પાસે મોકલાએલા આવ્યા[૩૬૮] (૧૩) જ્યારે અમે તેમની તરફ બે મોકલ્યા[૩૬૯] પછી તેમણે તેઓને જૂઠાડ્યા ત્યારે અમે ત્રીજાથી (તેમની) તાકાત વધારી[૩૭૦]. હવે તે બધાંએ કહ્યું[૩૭૧], બેશક ! અમે તમારી તરફ મોકલવામાં આવ્યા છીએ (૧૪) બોલ્યા; 'તમે તો અમારી જેવા માનવીઓ સિવાય બીજું કશું નથી અને રહમાને કશું ઉતાર્યું નથી તમે (તો) નર્યા જૂઠા છો (૧૫) તેઓ બોલ્યા; 'અમારો રબ જાણે છે કે બેશક ! જરૂર અમે તમારી તરફ મોકલવામાં આવ્યા છીએ અને અમારા શિરે સ્પષ્ટ રીતે પહોંચાડી આપવા સિવાય કશું નથી[૩૭૨] (૧૭) બોલ્યા; 'અમે તમને અપશુકનિયાળ સમજીએ છીએ[૩૭૩], બેશક! તમે જો છોડી દો નહિ[૩૭૪] તો અવશ્ય અમે તમને પથ્થરમારાથી મારી નાખીશું અને બેશક ! અમારા હાથે તમને દુ:ખદાયક માર પડશે' (૧૮) તેમણે કહ્યું; તમારૂં અપશુકનિયાળપણું તો તમારી સાથે છે[૩૭૫], શું તમને સમજાવવામાં આવ્યા તેથી કુદો છો ?[૩૭૬] બલ્કે તમે હદ ઓળંગી જનાર લોક છો[૩૭૭]' (૧૯) અને શહેરના પેલા કિનારેથી એક પુરૂષ દોડતો આવ્યો[૩૭૮] (અને) બોલ્યો; 'અય મારી કોમ ! મોકલાએલાઓનું કહ્યું માનો (૨૦) એવાઓનું કહ્યું માનો જે તમારી પાસે કશું વળતર માંગતા નથી અને તેઓ માર્ગ પર છે (૨૧)**

સાંભળતો હતો પણ આખોંથી દેખી શકતો ન હતો. તે પણ પરેશાન થઇને પોતાના મિત્રો તરફ પાછો ફર્યો, તેઓ પણ દેખાયા નહિ (છેવટે) તેમણે જ એને બોલાવ્યો અને પૂછયું કે; શું કર્યું ? તેણે કહયું કે; મેં તેમનો અવાજ તો સાંભળ્યો પણ તે મને દેખાયા જ નહિ ! હવે અબૂજહલના ત્રીજા મિત્રે કહ્યું કે; હું એ કામને પાર પાડીશ અને મોટા દાવા સાથે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફ આગળ વધ્યો, પણ (થોડી વારે) વળતા પગે એટલા જોરથી ભાગતો આવ્યો કે ઊંધા મોંઢે પડયો. તેના મિત્રોએ હાલત પૂછી ત્યારે કહેવા લાગ્યો કે; મારી હાલત ઘણી ખરાબ છે, મેં એક બહું મોટો સાંઢ જોયો જે મારી અને હુઝૂરની વચમાં આડે આવી ગયો, લાત અને ઉઝઝાની કસમ ! જો હું જરા પણ આગળ વધ્યો હોત તો તે જરૂર મને ખાઇ જાત. તે બાબતે આ આયત ઉતરી.

૩૬૧. આ પણ દ્રષ્ટાંત છે કે જેવી રીતે કોઇ માણસની બન્ને બાજુ દીવાલો હોય અને બધી બાજુથી રસ્તાઓ બંધ કરી દેવાયા હોય તે કોઇ પણ રીતે તેની ધારેલી મંઝિલે પહોંચી શકતો નથી. એવી જ હાલત આ કાફિરોની છે કે દરેક બાજુથી એમના માટે ઇમાનના માર્ગો બંધ છે, એમની સામે દુનિયાના ઘમંડની દીવાલ છે અને તેમની પાછળ આખેરતને જૂઠાડવાની દીવાલ છે અને તેઓ જહાલતની જેલમાં બંધ કરા-એલા છે, આયતો અને દલીલોમાં ચિંતન કરવાનું તેમને પ્રાપ્ત થતું નથી.

૩૬૨. અર્થાત આપના ડર સંભળાવવાથી અને ખોફ અપાવવાથી માત્ર તે જ લાભ મેળવે છે.

૩૬૩. અર્થાત જન્નતની.

૩૬૪. અર્થાત દુનિયાના જીવન દરમ્યાન જે નેકી કે ગુન્હો કર્યો હોય તે જેથી તેનો બદલો આપવામાં આવે.

૩૬૫. અર્થાત અમે તેમની તે નિશાનીઓ અને તે તરીકાઓ પણ લખીએ છીએ જે તેઓ પોતાની પાછળ છોડી ગયા ભલે પછી તે રીત રિવાજો સારા હોય કે નરસા. જે નેક તરીકાઓ ઉમ્મતીઓ કાઢે છે તે 'બિદઅતે હસ્નહ' કહેવાય છે અને તે તરીકાને સ્થાપિત કરનાર અને તેના પર અમલ કરનાર બન્નેને સવાબ મળે છે. અને જે બુરા રીત રિવાજો કાઢે છે તે 'બિદઅતે સય્યિઅહ' કહેવાય છે, તે તરીકાને સ્થાપિત કરનાર અને તેના પર અમલ કરનાર બન્ને ગુન્હેગાર થાય છે. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જે માણસે ઇસ્લામમાં નેક તરીકો કાઢયો તેને એ તરીકો કાઢવાનો અને તેના પર અમલ કરનારાનો પણ સવાબ મળશે. અમલ કરનારાઓના સવાબમાંથી કશું ઓછું કર્યા વગર. અને જેણે ઇસ્લામમાં બુરો તરીકો કાઢયો તો તેના પર એ તરીકો કાઢવાનો પણ ગુન્હો અને તેના પર અમલ કરનારાઓનો પણ ગુન્હો, તેના પર અમલ કરનારાઓના ગુન્હામાં કશી કમી કર્યા વગર.

આથી જણાયું કે ઘણા બધાં નેક કામો દા.ત. ફાતેહા, અગ્યારમી, ત્રીજ્યું, ચાલીસું, ઉર્સ, તોશો, ખતમ, મીલાદની મહેફિલો, શહાદતની યાદના જલ્સાઓ જે તમામને બદ મઝહબ લોકો બિદઅત કહીને મના કરે છે અને લોકોને એ નેકીઓથી રોકે છે, એ તમામ દુરૂસ્ત અને સારા બદલા તેમજ સવાબનાં કારણરૂપ છે, અને એમને બિદઅતે સય્યિઅહ કહેવું ગલત અને ખોટું છે. એ ઇબાદતો અને નેકીઓ જે ઝિક્ર, તિલાવત, સદકા, ખૈરાતમાં સમાવિષ્ટ છે તે બિદઅતે સય્યિઅહ નથી. બિદઅતે સય્યિઅહ તે બુરા તરીકાઓ છે જેનાથી દીનને નુકસાન થાય છે અને જે સુન્નતની વિરૂધ્ધ છે. જેવું કે હદીષ શરીફમાં ફરમાવ્યું છે કે; જે કોમ બિદઅત સ્થાપિત કરે છે તેમનામાંથી એક સુન્નત જતી રહે છે. તો બિદઅતે સય્યિઅહ તે જ છે જેનાથી સુન્નત જતી રહે. જેવાં કે રિફઝ, ખુરૂજ, વહાબિયત વિગેરે, એ તમામ અંતિમ કક્ષાની બિદઅતો છે. રફઝ અને ખુરૂજ જેનો આધાર હુઝૂરના સહાબા અને હુઝૂરનાં એહલે બૈતની અદાવત પર છે, તેનાથી અસ્હાબ અને અહલે બૈત સાથે મોહબ્બત રાખવાની સુન્નત જતી રહે છે, જેના વિષે શરીઅતમાં તાકીદી હુક્મો છે. વહાબિયતનું મૂળ અલ્લાહના તમામ મકબૂલ બન્દાઓ અમ્બિયા અવલિયાની બેઅદબી ગુસ્તાખી અને બધા જ મુસલમાનોને મુશરિક બનાવવા તે છે, એનાથી બુઝુર્ગોની ઇજ્જત તાઝીમ, અદબ, સન્માન અને મુસલમાનો સાથે બંધુત્વ અને પ્રેમ રાખવાની સુન્નત જતી રહે છે જેના ભારપૂર્વક આદેશો અપાએલા છે અને જે દીનમાં ખૂબ મહત્વની બાબતો છે. અને આ આયતની તફસીરમાં એવું પણ કહેવાયું છે કે 'આસાર' (નિશાનીઓ)નો અર્થ તે પગલાંઓ છે જે નમાઝી મસ્જિદે જતાં માંડે છે અને એ અર્થ અનુસાર આયતનું 'શાને નુઝૂલ' એવું બયાન કરવામાં આવ્યું છે કે બની સલ્મા કબીલાના લોકો મદીના શરીફના પાદરમાં રહેતા હતા તેમણે મસ્જિદ શરીફની નજીકમાં વસવાટ કરવાનો ઇરાદો કર્યો ત્યારે આ આયત ઉતરી અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; તમારાં પગલાંઓ લખવામાં આવે છે તમે વસવાટ બદલો નહિ. અર્થાત જેટલા અંતરેથી આવશો તેટલાં પગલાંઓ વધારે પડશે અને સવાબમાં વધારો થશે.

૩૬૬. અર્થાત લવહે મહફૂઝમાં.

૩૬૭. તે શહેર એટલે ઇન્તાકિયહ. આ એક મોટું શહેર છે તેમાં ઝરણાઓ છે, કેટલાએ પર્વતો છે, એક મજબુત કિલ્લો છે, ૧૨ માઇલના વિસ્તારમાં પથરાએલું છે.

૩૬૮. હઝરત ઇસા અલયહિસ્સલામ તરફથી. બનાવની ટૂંકી વિગત એવી છે કે હઝરત ઇસા અલયહિસ્સલામે પોતાના બે હવારીઓ સાદિક અને સદુકને ઇન્તાકિયા મોકલ્યા જેથી તેઓ ત્યાંના રહેવાસીઓને જેઓ કે મૂર્તિપૂજકો હતા તેમને સાચા દીનની દાવત આપે. જ્યારે તે બન્ને શહેરની નજીક પહોંચ્યા ત્યારે તેમણે એક વૃધ્ધને જોયો જે બકરીઓ ચરાવી રહ્યો હતો તે માણસનું નામ હબીબ નજ્જાર હતું

તેણે પેલાઓને તેમનો હેવાલ પૂછયો તે બન્નેએ કહ્યું કે અમે હઝરત ઇસા અલયહિસ્સલામ તરફથી મોકલાએલા છીએ તમને સાચા દીનનું નિમંત્રણ આપવા માટે આવ્યા છીએ કે મૂર્તિપૂજા ત્યજીને ખુદાને પૂજો. હબીબ નજ્જારે કંઇ નિશાની જોવા માંગી. તેમણે કહ્યું કે નિશાની એ છે કે અમે માંદાઓને સારા અને આંધળાઓને દેખતા કરી આપીએ છીએ, કોઢવાળાનો કોઢ મટાડી દઇએ છીએ. હબીબ નજ્જારનો એક પુત્ર બે વરસથી માંદો હતો તેમણે તેના પર હાથ ફેરવ્યો તો તે તંદુરસ્ત થઇ ગયો. પછી હબીબ ઇમાન લઇ આવ્યો અને એ બનાવના સમાચાર ચોમેર ફેલાઇ ગયા એટલે સુધી કે ઘણી મોટી સંખ્યામાં લોકોએ તેમના હાથે પોતાની બીમારીઓમાંથી મુક્તિ મેળવી. બાદશાહને જ્યારે એ સમાચાર મળ્યા ત્યારે તેણે તેમને બોલાવીને પૂછ્યું કે; શું અમારા મઅબૂદો સિવાય બીજા મઅબૂદ પણ છે ? તેમણે કહ્યું; હા ! તે જેણે તને અને તારા મઅબૂદોને બનાવ્યા. પછી લોકો તેમની પાછળ પડયા અને તેમને માર્યા અને એ બન્નેને કેદ કરવામાં આવ્યા, પછી હઝરત ઇસા અલયહિસ્સલામે શમઉનને મોક્લ્યા. તેઓ અંજાણ બનીને શહેરમાં પ્રવેશ્યા અને બાદશાહના દરબારીઓ સાથે સંબંધો બાંધીને બાદશાહ સુધી જતા આવતા થયા અને તેના પર પોતાનો અસર જમાવ્યો. જ્યારે તેમણે જોયું કે બાદશાહ હવે તેમની સાથે સારી રીતે સહવાસમાં આવી ગયો છે ત્યારે એક દિવસ તેને ક્હયું કે; પેલા બે માણસો જેમને કેદ કરવામાં આવ્યા છે, શું તેમની વાત સાંભળ્વામાં આવી હતી ? તેઓ શું કહેતા હતા ? બાદશાહે કહ્યું કે; નહિ, જ્યારે તેમણે નવા ધર્મનું નામ લીધું ત્યારે મને તરત જ ક્રોધ ચઢી ગયો હતો. શમઉને કહ્યું કે; જો બાદશાહનો વિચાર હોય તો તેમને બોલાવીએ, જોઇએ તેમની પાસે શું છે ? પછી તે બન્નેને બોલાવવામાં આવ્યા. શમઉને તેમને પૂછ્યું કે; તમને કોણે મોકલ્યા છે ? તેમણે કહ્યું કે; તે અલ્લાહ જેણે દરેક વસ્તુનું સર્જન કર્યું છે. અને પ્રત્યેક સજીવને રોજી આપી અને જેનો કોઇ શરીક નથી. શમઉને કહ્યું કે; તેની ટૂંકી ઓળખ વર્ણાવો. તેમણે કહ્યું; તે ઇચ્છે છે તે કરે છે. શમઉને કહ્યું કે; તમારી નિશાની શું છે ? તેમણે કહ્યું કે; જેવી બાદશાહ ઇચ્છે તેવી. ત્યારે બાદશાહે એક આંધળા છોકરાને બોલાવ્યો, પેલાઓએ દુઆ કરી એટલે તે તરત દેખતો બની ગયો. હવે શમઉને બાદશાહને કહ્યું કે; યોગ્ય એ છે કે હવે તુ તારા મઅબુદોને કહે કે તેઓ પણ આવું કરી દેખાડે જેથી તારી અને તેમની ઇજ્જત જાહેર થાય. બાદશાહે શમઉનને કહ્યું; તમારાથી કશું સંતાડવાનું નથી, અમારા મઅબુદ ન કંઇ જુએ ન કંઇ સાંભળે ન કંઇ બગાડી શકે ન કંઇ બનાવી શકે. પછી બાદશાહે પેલા બન્ને હવારીઓને કહ્યું; જો તમારા મઅબૂદને મૃત્યુ પામેલાને સજીવ કરવાની તાકાત હોય તો અમે તેના પર ઇમાન લઇ આવીએ. તેમણે કહ્યું; અમારો મઅબૂદ દરેક વસ્તુ પર શક્તિમાન છે. બાદશાહે એક ગામડીઆના દીકરાને મંગાવ્યો જેને મરવાને સાત દિવસો થઇ ગયા હતા અને તેનું શરીર પણ બગડી ગયું હતું દુર્ગંધ ફેલાતી હતી. પેલાઓની દુઆથી અલ્લાહ પાકે તેને જીવંત કરી દીધો તે ઉઠીને ઉભો થયો અને કહેવા લાગ્યો કે; હું મુશરિક મર્યો હતો અને જહન્નમની સાત તળેટીઓમાં દાખલ કરવામાં આવ્યો, હું તમને ચેતવણી આપું છું કે જે ધર્મ પર તમે છો તે ખૂબ હાનિકારક છે માટે ઇમાન લાવો. અને કહેવા માંડ્યો કે; આકાશનાં દરવાજા ઉઘડયાં અને એક રૂપાડો યુવાન મને દેખાયો જે આ ત્રણ વ્યક્તિઓ માટે ભલામણ કરે છે. બાદશાહે પૂછ્યું કે; ક્યા ત્રણ માણસો ? તેણે કહ્યું કે; એક શમઉન અને બે આ. બાદશાહને આશ્ચર્ય થયું. અને શમઉને જ્યારે જોયું કે પેલાની વાતે બાદશાહને મુગ્ધ બનાવ્યો છે ત્યારે તેમણે બાદશાહને શિખામણ આપી તો તે ઇમાન લાવ્યો અને તેની કોમના અમુક માણસો પણ ઇમાન લાવ્યા અને અમુક લોકો ઇમાન લાવ્યા નહિ અને અલ્લાહના અઝાબથી તબાહ કરી દેવામાં આવ્યા.

૩૬૯. વહબે કહ્યું છે કે; તેમનાં નામો યોહન્ના અને પોલ્સ હતાં અને કઅબના કથન અનુસાર સાદિક અને સદુક નામો હતાં.

૩૭૦. અર્થાત શમઉન દ્વારા શક્તિ અને ટેકો આપ્યો.

૩૭૧. અર્થાત ત્રણે મોકલાએલાઓએ.

૩૭૨. સ્પષ્ટ દલીલો સાથે. અને તે (દલીલો) અંધ તેમજ માંદાઓને સારાં કરી દેવાં છે.

૩૭૩. જ્યારના તમે આવ્યા છો ત્યારનો વરસાદ વરસ્યો નથી.

૩૭૪. પોતાના દીનના પ્રચારને.

૩૭૫. અર્થાત તમારૂં કુફ્ર.

૩૭૬. ઇસ્લામની દાવત આપવામાં આવી તેથી ?

૩૭૭. ગુમરાહી અને ઘમંડમાં અને એ જ મહા નહુસત છે.

૩૭૮. અર્થાત હબીબ નજ્જાર જે ગુફામાં ઇબાદત કરવામાં તલ્લીન હતો તેણે જ્યારે સાંભળ્યું કે કોમે મોકલાએલાઓને જૂઠાડ્યા.